# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 303 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માર્ગશીર્ષ વદ -૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 December 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૧ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# વડોદરાની મુલાકાતે આવેલા મધ્ય ગુજરાતના કૉંગ્રેસ પ્રભારીએ કૉંગ્રેસમાં જૂથબંધી હોવાનું સ્વીકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કૉંગ્રેસની સ્થિતિ વધુ દયનીય બની રહી છે. નેતાઓમાં અંદરોઅંદર ચાલી રહેલી જૂથબંધી હવે સપાટી પર આવી ગઈ છે. ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીના સેક્રેટરી અને મધ્ય ગુજરાતના પ્રભારી રામ કિશન ઓઝા બે દિવસથી વડોદરાના પ્રવાસે આવ્યા છે. તેમણે વડોદરા શહેરના તમામ વોર્ડ પ્રમુખ અને કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. તેમણે શુક્રવારે પત્રકારો સમક્ષ શહેરની સમસ્યાઓ મુદ્દે ભાજપના શાસકો સામે સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે કૉંગ્રેસની જૂથબંધી અંગે કહ્યું હતું કે, જૂથબંધી દરેક જગ્યાએ હોય છે. આ પારિવારિક લડાઈ છે. અમારા કૉંગ્રેસ પરિવારના સભ્યોને સાથે બેસીને સમજાવીશું અને તેનો ઉકેલ લાવીશું. આગામી સમયમાં અમે સંગઠનને મજબૂત કરીશું અને લોકો વચ્ચે જવાની વાત હોય તે કરીશું. વડોદરા મહાનગરપાલિકાનું બજેટ ૫૦૦૦ કરોડનું છે આ બજેટ ક્યાં વપરાય છે તેનો ખર્ચ ક્યાં ક્યાં થાય છે તે પૈસા ક્યાં ગયા તે પાલિકાને પૂછીશું અને અમે એક ઘોષણાપત્ર લોકો સમક્ષ રજૂ કરીશું અને લોકોનું સમર્થન માગીશું.

તેમણે ઉમેર્યું હતું કે, બે દિવસ દરમિયાન વડોદરા શહેરના તમામ વોર્ડમાં વોર્ડ પ્રમુખ અને કાર્યકરોને મળ્યા અને તેમની સાથે ચર્ચા કરી હતી. વડોદરા શહેરમાં પૂરની પરિસ્થિતિ દરમિયાન જ્યારે વર્ષોથી સત્તામાં રહેલા લોકો ઘરમાં બેસી રહ્યા હતા, ત્યારે અમારા કાર્યકરોએ શહેરમાં જઈને લોકોની સેવા કરી હતી. વડોદરા શહેરના શાસકોએ લોકો સાથે અન્યાય કર્યો છે. લોકો મોટો ટૅક્સ ભરે છે છતાં તેમને પ્રાથમિક સુવિધાઓ મળી નથી. કૉંગ્રેસના શાસનમાં કૉંગ્રેસે તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ આપી હતી.

# સુરતના ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને દેશના સર્વશ્રેષ્ઠ પોલીસ મથકનો ખિતાબ પ્રાપ્ત થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન તરીકે માન્યતા આપવામાં આવી છે. ભુવનેશ્વરમાં આયોજિત ડીજીપી સંમેલન દરમિયાન કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના હસ્તે આ એવોર્ડ ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને પ્રદાન કરવામાં આવ્યો હતો. આ શ્રેષ્ઠતા માટેના પ્રદાનમાં કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં સ્ટેશનની અનોખી કામગીરી, નવા ઉપાયો, નાગરિક સહયોગ અને આધુનિક ટેકનોલૉજીના ઉપયોગને મુખ્ય આધારભૂત ગણવામાં આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના મોર્ડનાઇઝેશન વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં, ઇચ્છાપોર પોલીસ સ્ટેશન વિવિધ માપદંડો પર શ્રેષ્ઠ ઠર્યું હતું. ઇચ્છાપોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટ એ.સી. ગોહિલે ગૌરવની ક્ષણ પર ભાવુક થઈને જણાવ્યું કે, આ એવોર્ડ માત્ર મારો કે મારી ટીમનો નથી, પરંતુ સમગ્ર ગુજરાત પોલીસના નિષ્ઠાવાન અને પ્રતિબદ્ધ કાર્યનું પ્રતિબિંબ છે. આ સિદ્ધિએ સાબિત કરી દીધું છે કે, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સમાજ અને પોલીસ વચ્ચેનો સહયોગ કેટલો મહત્ત્વપૂર્ણ છે. અમે જે ટેક્નિકલ આધુનિકતા, નાગરિક સહકાર અને પ્રજાસેવાના ભાવ સાથે કામ કર્યું છે, તે જ આ પ્રદાન માટેનું મૂળ કારણ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની 'ત્રણ વાત અમારી, ત્રણ વાત તમારી' પહેલે નાગરિકોમાં જાગૃતિ લાવવાનો જે અભિગમ અપનાવ્યો છે, તે સફળતાનો મુખ્ય સ્તંભ છે. આ પહેલને અમલમાં મૂકતાં, નાગરિકો અને પોલીસ વચ્ચેનું અંતર ઘટ્યું છે અને લોકસહકારથી અમે વધુ પ્રભાવશાળી રીતે કામ કરી શક્યા છીએ. આ એવોર્ડ માત્ર ઇચ્છાપોર પોલીસ સ્ટેશન માટે જ ગૌરવ છે, એવું નહિ, પરંતુ ગુજરાત પોલીસ તંત્ર માટે પણ ઉત્સાહક પ્રેરણારૂપ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ગુજરાત માટે ૨૦૧૯ પછી આ પહેલીવાર છે કે કોઈ પોલીસ મથકે શ્રેષ્ઠ પોલીસ મથક તરીકે રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કર્યું છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ સાથે, ઇચ્છાપોર પોલીસ સ્ટેશન નાગરિક સુરક્ષા મજબૂત બનાવવા અને પ્રજાજનો સાથેના સંબંધોને વધુ સુદૃઢ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ડિજિટલીકરણમાં વધારો, આધુનિક ટેકનોલૉજીનો વ્યાપક ઉપયોગ અને જનજાગૃતિ કાર્યક્રમોની યોજનાઓ સ્ટેશનનાં ભવિષ્યનાં મુખ્ય લક્ષ્યોમાં સામેલ છે. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી અને સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે પણ પોલીસ ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

# ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ ઍક્ટ હેઠળ રાજ્યની ૮૦૦૦ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજિસ્ટ્રેશન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની તમામ હૉસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ ઍક્ટ-૨૦૨૪ અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. તા. ૧૨મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હૉસ્પિટલ્સે આ અધિનિયિમ હેઠળ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું છે. અત્યાર સુધીમાં તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યની ૭૯૮૯ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં ૨૮૧૬ સરકારી, ૫૧૭૩ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

જેમાં ૬૫૩૬ એલોપેથી, ૫૪૩ આયુષ હૉસ્પિટલ્સ, ૯૧૦ હોમિયોપેથી, ૭૭ ડેન્ટલ ક્લિનિક, ૧૦૮ ઈ.એસ.આઈ.સી. હૉસ્પિટલનો સમાવેશ થાય છે. ૫૦થી ઓછી પથારી ધરાવતી ૭૬૦૭ અને ૫૦થી વધુ પથારી ધરાવતી ૩૨૬ હૉસ્પિટલ્સે અત્યાર સુધીમાં આ ઍક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખૂબ જ જરૂરી છે. રજિસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરીને અયોગ્ય પ્રૅક્ટિસનરો દ્વારા ઊંટવૈદું રોકી શકાશે. જે હેતુથી જ રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરાયું છે.

આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન તશે તેમજ હિતધારક ભાગીદારી અને ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે. કાયદા હેઠળ, નોંધણી ફરજીયાત છે અને માન્ય તબીબી પદ્ધતિઓ માટે જ મંજૂર છે. જે તાત્કાલિક આરોગ્ય પરિસ્થિતિઓમાં વધુ સારા સંચાલન અને નોંધણીમાં સુધારો લાવશે. આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિક સેવાઓ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે.

આ એક્ટ હેઠળ ક્લિનિક/કન્સલ્ટિંગ રૂમ/પોલીક્લિનિક ઉપરાંત ૧૫ બેડ થી લઇ ૧૦૦ થી વધુ પથારીઓ ધરાવતી હોસ્પિટલ્સમાં બેડ પ્રમાણે તબક્કાવાર નોંધણી તેમજ સ્ટેન્ડઅલોન લેબ/ અન્ય ડાયગ્નોસ્ટિક યુનિટમાં પણ નિયત ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત છે. તમામ કેટેગરીની આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપતી સંસ્થાઓએ કામચલાઉ કે કાયમી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો લેવા ફરજીયાત છે. પ્રમાણપત્ર વિના કાર્યરત આમાંથી કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે રૂ. ૧૦ હજાર થી ૫ લાખ સુધીના દંડની તેમજ સંસ્થાને સીલ મારવા સુધીની જોગવાઇ છે.

# વડોદરા જિલ્લાની ૨૪૮ ગ્રામ પંચાયતમાં બે વર્ષથી ચૂંટણી નહીં થતાં વિપક્ષના નેતાએ કલેક્ટરને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજકીય પક્ષો દ્વારા સંગઠનમાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે. વડોદરા જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ગ્રામ પંચાયતની ચૂંટણી અંગેની રજૂઆત કલેક્ટર સમક્ષ કરી હતી.

વડોદરા જિલ્લાના આઠ તાલુકામાં ૫૩૬ પૈકી ૨૪૮ ગ્રામ પંચાયતની મુદ્દત બે વર્ષથી પૂર્ણ થઈ હોવા છતાં ચૂંટણી જાહેર ન કરતાં વિકાસ અટકી ગયો છે. જેથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર કરવાની માગ સાથે જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા દ્વારા જિલ્લા કલેક્ટરને પત્ર લખવામાં આવ્યો હતો.

વડોદરા જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા એમ.આઈ. પટેલે જિલ્લા કલેક્ટરને પત્ર લખી ચૂંટણી યોજવા માગ કરી હતી. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, જિલ્લાના પાદરા, કરજણ, સિનોર, ડભોઇ, વાઘોડિયા, સાવલી અને ડેસર તેમ જ વડોદરા તાલુકામાં મળી કુલ ૫૩૬ ગ્રામ પંચાયતો પૈકી ૨૪૮ ગ્રામ પંચાયતની મુદત પૂર્ણ થયા બાદ તેનો વહીવટ વહીવટદારોના હાથમાં છે.

બીજી તરફ આ ગામોના પડતર પ્રશ્નો સહિત લાઈટ, પાણી, આરોગ્ય રસ્તા જેવા મહત્ત્વના પ્રશ્નો સંદર્ભે ત્વરિત નિર્ણય લેવાતો નથી.

જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા એમ.આઈ. પટેલે જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં છેલ્લાં બે વર્ષથી ૨૪૮ ગ્રામ પંચાયતોમાં મુદત પૂર્ણ થયા બાદ પણ ચૂંટણી જાહેર કરવામાં નથી આવી, પરંતુ વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે.

જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ગટર, પાણી, રોડ રસ્તાને લઈ સ્થાનિક કામોને લઈ ગ્રામ પંચાયતમાં જે ઠરાવ કરવાના હોય તે યોગ્ય રીતે થઈ શકતા નથી અને ગ્રામ્ય વિસ્તારમાં જે વિકાસ થવો જોઈએ તે થઈ શકતો નથી.

ચૂંટણી ન કરવાના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં કામગીરી ઠપ થઈ ગઈ છે.

# પાલોદ ચોકી નજીક યુનિયન બૅન્કમાં તસ્કરોએ બૅન્કનાં છ લૉકર તોડ્યાંઃ ચોરીનો આંકડો ૧.0૪ કરોડ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોસંબા પોલીસની હદમાં આવેલી પાલોદ ચોકી નજીક યુનિયન બૅન્કમાં ત્રણ દિવસ પહેલાં તસ્કરો દ્વારા બાકોરું પાડી ૬ જેટલાં લૉકર તોડીને તેમાંથી ૪૦ લાખ ૩૬ હજારની ચોરી થયાનું બહાર આવ્યું હતું. શુક્રવારે વધુ એક લૉકર માલિકના લૉકરમાંથી ૯૫ તોલા સોનું અને ચાર કિલો ચાંદી મળી કુલ ૬૩ લાખ ૬૦ હજારના મુદ્દામાલની ચોરી થયાનું જણાવ્યું હતું.

આ ઘટનાની તપાસમાં ૧૧ ટીમ લાગી હોવા છતાં પોલીસને ચોરો સુધી પહોંચવામાં સફળતા મળી નથી. અત્યાર સુધીમાં ચોરીનો કુલ આંક ૧.૦૪ કરોડ પર પહોંચી ગયો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કોસંબા પોલીસની હદમાં આવેલી પાલોદ ચોકી નજીક યુનિયન બૅન્કના પાછળના ભાગે દીવાલમાં બાકોરું પાડી પ્રવેશેલા તસ્કરોએ કુલ ૦૬ જેટલાં લૉકર તોડ્યાં હતાં. જેમાંથી ૪૯ તોલા સોનું અને ૦૯ લાખ રૂપિયા રોકડા મળી કુલ ૪૦ લાખ ૩૬ હજાર રૂપિયાની મત્તાની ચોરી કર્યાનું બહાર આવ્યું હતું.

અન્ય એક લૉકર માલિક હિતેન્દ્રભાઈ પટેલે શુક્રવારે બહારગામથી આવી પોતાના લૉકરમાં ૯૫ તોલા સોનું અને ચાર કિલો ચાંદી મળી કુલ ૬૩ લાખ ૬૦ હજારનો મુદ્દામાલ હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી.

પોલીસની ૧૧ ટીમોના તપાસના ધમધમાટ વચ્ચે કીમ, કોસંબા, કામરેજ, કડોદરા સહિત જિલ્લાના અલગ અલગ સીસી ટીવી ફુટેજ સહિત ૩૦થી વધુ શકમંદની પોલીસે ઊલટતપાસ કર્યા પછી પણ પોલીસને ચોરો સુધી પહોંચવામાં હજુ સુધી કોઈ સફળતા મળી નથી. પોલીસની પ્રાથમિક તપાસમાં ૯ લાખ રોકડા અને ૪૯ તોલા સોનાની ચોરી થઈ હોવાનું નોંધાયું હતું. જે આંક હવે ૧ કરોડને પાર પહોંચી ગયો છે.

આ ઘટનાને પગલે બૅન્કના લૉકરધારકોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

# ગુજરાતમાં વિકાસની આડે આવતા કરપ્શનનું સો ટકા નિંદામણ કરી નાખવું પડેઃ મુખ્ય પ્રધાનની ટકોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, સરકાર અને અમલીકરણ અધિકારીઓ તથા જિલ્લાના વહીવટી વડાઓએ જનતા-પબ્લિકને સારી સેવા-સુવિધાઓ અને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના માધ્યમ બનવાનું છે. આ જવાબદારી અને કર્તવ્યના ભાવ સાથે કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ પોતાની ભૂમિકા નિભાવે તે અપેક્ષિત છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, જાહેર સેવક તરીકે જનતાની સેવા કરવી, તેની સમસ્યા-મુશ્કેલીઓ દૂર કરવી તે આપણી ફરજ છે. આ માટે લોકસંપર્ક વધુ સુદૃઢ બનાવવાની હિમાયત કરતાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને ફિલ્ડ વિઝિટ માટે તાકીદ કરી હતી. તેમણે જણાવ્યું કે, ફિલ્ડ વિઝિટમાં લોકોની રજૂઆતો- ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવા સાથોસાથ જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓના વ્યવહાર-વર્તનનો ફીડબેક મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ.

મુખ્ય પ્રધાને લોકપ્રશ્નોના ત્વરિત નિરાકરણની તથા ઉચ્ચ કક્ષાથી લઈને સામાન્ય માનવીની રજૂઆતોના યોગ્ય જવાબ મળે તેવી સુદૃઢ વ્યવસ્થા જિલ્લા સ્તરે જ ઊભી થાય અને 'સ્વાગત'માં આવવું જ ન પડે તેવી સ્થિતિનું નિર્માણ કરવા પણ કલેકટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા. ઝિરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શનનો નિર્ધાર દોહરાવતાં કહ્યું કે, વિકાસના રોલ મોડલ એવા આપણા ગુજરાતના વધુ ઉન્નત અને વૈશ્વિક વિકાસમાં આડે આવતું આ કરપ્શન ૧૦૦ ટકા દૂર કરવું જ પડે, નિંદામણ કરી નાખવું પડે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, સરકારના પરિપત્રો નિયમોનું અલગ અલગ અર્થઘટન જિલ્લાઓમાં થવું ન જોઈએ જો કોઈ કામ નિયમાનુસાર ન થાય તેવું હોય તો તેનાં સ્પષ્ટ કારણો જણાવી દેવાં જોઈએ. ગુજરાત આજે વિકાસનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં જિલ્લાના વડા તરીકે કલેક્ટર-ડી.ડી.ઓ. અને તેમની ટીમનો મહત્ત્વપૂર્ણ ફાળો છે તેમ પણ જણાવ્યું હતું.

# અમદાવાદમાં હથિયારો સાથે આતંક મચાવનાર આરોપીઓનો પોલીસે જાહેરમાં વરઘોડો કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પોલીસે ગુનેગારોને પકડીને બરાબર સરભરા કરી જાહેરમાં વરઘોડો કાઢીને તેમની સાન ઠેકાણે લાવવાનું કામ શરૂ કર્યું હતું, પરંતુ શહેરમાં અસામાજિક તત્ત્વોને જાણે કાયદાનો કોઈ ડર જ ના હોય તેમ ખુલ્લી તલવારો સાથે જાહેરમાં આતંક મચાવી પોલીસકર્મીઓને હથિયારો બતાવી ગાડીમાં બેસાડી દીધા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં જબરદસ્ત વાયરલ થયો હતો.

આરોપીઓએ જાહેરમાં પોલીસને પણ ધાકધમકી આપી હતી. પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધીને તેમને ઝડપી લીધા હતા. ત્યાર બાદ આરોપી સમીર શેખ, અલ્તાફ શેખ, ફઝલ શેખ, મહેફૂઝ મિયાનો વરઘોડો કાઢીને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું અને તેમને દોરડાથી બાંધીને ઘટનાસ્થળે લઈ જઈને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.

લોકોને પોતાનો ખૌફ દેખાડતાં આરોપીઓએ સ્થાનિકોની હાથ જોડીને માફી પણ માગી હતી.

સમગ્ર મામલે ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, આ પ્રકારના બનાવ દુઃખદ છે, આ પ્રકારની ઘટના ગુજરાત જેવાં રાજ્યોમાં બને એ કમનસીબ છે.

ગુજરાત પોલીસ વડા તરીકે અમે આશ્વાસન આપીએ છીએ કે આવું ફરી ન થાય. આ બનાવથી આખા ગુજરાતની કે અમદાવાદ પોલીસ ઉપર સવાલ ન ઊઠવો જોઈએ. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, જવાબદાર વિરુદ્ધ કડકમાં કડક પગલાં ભરવામાં આવશે તથા આ મામલાની તપાસ ડીસીપી ક્રાઈમને સોંપવામાં આવી છે, તથા જવાબદાર પોલીસકર્મી વિરુદ્ધની ઇન્ક્વાયરી કરવા સુધીના આદેશ આપ્યા છે.

ડીસીપી ક્રાઈમ અજિત રાયજને જણાવ્યું હતું કે, આરોપીના ગુનાહિત ઇતિહાસને જોતાં ગુજસીટોક સુધીની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવાની તૈયારી છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. અને રખિયાલ પોલીસ સ્ટેશનના પી.આઈ. વિરુદ્ધ પણ ઇન્ક્વાયરી શરૂ કરવામાં આવી છે. તપાસના અંતે જે કોઈ પણ જવાબદાર ઠેરવાશે તેની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

# સુરતમાં ૮.૬ કરોડના કાચા સોના સાથે પોલીસે બે શખસોની અટકાયત કરીઃ આઠ પૅકેટ કબજે કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં પોલીસ દ્વારા સીમાડા ચેકપોસ્ટ પર ફોર વ્હીલ ગાડીમાંથી આશરે ૮.૬ કરોડના કાચા સોનાના જથ્થા સાથે બે શખસોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓએ કાચા સોનાના નાના-મોટા ટુકડા અને બિસ્કિટને કપડાંમાં છુપાવ્યાં હતાં. તેઓ પાસેથી સોનાનો કોઈ દસ્તાવેજ નહીં મળતાં પોલીસે સમગ્ર મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના સીમાડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલી પોલીસને બાતમી મળી હતી કે, એક સફેદ મારુતિ સેલેરિયો ગાડીમાં બે શખસો સોનાનો મોટો જથ્થો સંતાડી સીમાડા ચેકપોસ્ટ તરફ આવી રહ્યા છે. બાતમી મળતાં પોલીસે તરત કાફલો તૈયાર કર્યો અને પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ પાસે ગાડીને પકડવા વૉચ ગોઠવી હતી.

પોલીસે શંકાસ્પદ ગાડીને જોઈ તેને તાત્કાલિક રોકી ડ્રાઈવર અને બાજુની સીટ પર બેસેલા શખસોને નીચે ઉતારી તેમની પૂછપરછમાં શખસોએ પોતાના નામ હિરેન ભટ્ટી અને મગન ધામેલિયા હોવાનું જણાવ્યું હતું. તેમની તપાસ કરતા બંને શખસોના શર્ટ અને પેન્ટમાં કાચા સોનાનાં અલગ-અલગ પૅકેટ છુપાવેલાં મળ્યાં હતાં. પોલીસે બંને શખસો પાસેથી કુલ ૧૫.૪૦૯ કિલોગ્રામ કાચા સોનાના નાના-મોટા ટુકડા તથા બિસ્કિટ કબજે કર્યાં હતાં. જેની કિંમત રૂા. ૮,૫૭,૯૬,૨૮૨/- હતી. પોલીસે બંને આરોપીઓ પાસેથી કાચા સોનાના માલિકીની પુષ્ટિ માટે દસ્તાવેજો રજૂ કરવા કહ્યું પરંતુ, તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા.

પોલીસની પૂછપરછમાં બંને શખસોએ કહ્યું કે, તેઓ મહિધરપુરા વિસ્તારમાંથી આ સોનાનો જથ્થો ઊભેળ પાસે આવેલી ફૅક્ટરી સુધી લઈ જવા માટે નીકળ્યા હતા. બંને આરોપીઓની અટકાયત કરી પોલીસે કબજામાં લેવાયેલ તમામ સોનાને વધુ તપાસ માટે મોકલવામાં આવ્યું હતું.

# યુપીએસસીની પરીક્ષામાં અત્યાર સુધીમાં સ્પીપાના કુલ ૨૮૬ ઉમેદવારો અંતિમ પસંદગી પામ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત તાલીમ સંસ્થા એટલે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા સ્પીપા ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ તેમ જ વર્ગ-૩ના કર્મચારીઓ માટેની પૂર્વ સેવા તાલીમનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૨ પૂર્વ સેવા તાલીમાંત તેમ જ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓમાં ૨,૫૪૦ પરીક્ષાર્થીઓ તથા વર્ષ ૨૦૨૪-૨૫ એપ્રિલથી નવેમ્બર માસ સુધી કુલ ૧૨ પૂર્વ સેવા તાલીમાંત તેમ જ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓમાં ૨,૯૩૮ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પીપા તાલીમ કેન્દ્રમાં વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અનુક્રમે ગેઝેટેડ ઑફિસર્સ બેચના ૨૭૨ અને ૨૧૫, વર્ગ-૩ના ૨૦૭૯ અને ૧૫૧૫, કસ્ટમાઈઝ તાલીમમાં ૯૪૩ અને ૩૪૬, ઇ.ડી.પી. તાલીમમાં ૫૪૯ અને ૨,૩૭૯, આર.ટી.આઈ. એક્ટ-૨૦૦૫ની તાલીમમાં ૧,૯૨૮ અને ૧,૨૩૮, આર.સી.પી.એસ. એક્ટ-૨૦૧૩ની તાલીમમાં ૧,૨૪૪ અને ૭૮૦ તેમ જ સીસીસી+તાલીમમાં ૮૭૯ અને ૧૮૯ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં યુવક-યુવતીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે વિવિધ નાણાકીય સહાય પણ આપવામાં આવે છે. જેમ કે તાલીમવર્ગમાં પ્રવેશ મેળવ્યેથી વધુમાં વધુ સાત મહિના માટે પ્રતિમાસ રૂા.૨,૦૦૦ પ્રોત્સાહન સહાય, યુપીએસસીની પ્રિલિમ પરીક્ષા પાસ કરનાર યુવકને રૂા. ૨૫,૦૦૦ અને યુવતીને રૂા. ૩૦,૦૦૦, યુપીએસસીની મુખ્ય પરીક્ષા પાસ કરનાર યુવકને રૂા. ૨૫,૦૦૦ અને યુવતીને રૂા. ૩૦,૦૦૦ તથા યુપીએસસીની પરીક્ષામાં ફાઈનલ પસંદગી પામનાર ગુજરાતના ડોમિસાઈલ યુવકને રૂા. ૫૧,૦૦૦ અને યુવતીને રૂા. ૬૧,૦૦૦ તેમ જ ગુજરાતના નોન-ડોમિસાઇલ યુવકને રૂા. ૨૧,૦૦૦ અને યુવતીને રૂા. ૩૧,૦૦૦ પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે. જેના પરિણામે વર્ષ ૨૦૨૩માં લેવાયેલી યુપીએસસી પરીક્ષામાં સ્પીપાના કુલ ૨૬ ઉમેદવારો સફળ થયા હતા. આમ, સંસ્થાના સ્થાપના વર્ષ ૧૯૯૨થી અત્યાર સુધીમાં કુલ ૨૮૬ ઉમેદવારો અંતિમ પસંદગી પામ્યા છે.

# અમદાવાદ-રાજકોટ સિક્સ લેન હાઈવેને ચોટીલા પાસે સાત કિ.મી. સુધી બાયપાસ કરવા સરકારની મંજૂરી મગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલમાં રાજકોટથી અમદાવાદના સિક્સલેન એક્સપ્રેસ વેની કામગીરી ચાલી રહી છે. ચોટીલા પાસે નડતી ટ્રાફિક સમસ્યાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેથી આ હાઈવે માત્ર ચોટીલામાં જવા માટે રહેશે અને રાજકોટથી સીધા અમદાવાદ કે અમદાવાદથી સીધા રાજકોટ જવા ઇચ્છતા વાહનચાલકો માટે નવો હાઇવે ચોટીલાને બાયપાસ કરીને બનાવવા પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજકોટથી ચોટીલા જતાં ચામુંડા માતાજીના ડુંગરનો ગેટ આવે તે પહેલાં હાઇવે પર એક ઓવરબ્રિજ આવે છે. આ બ્રિજ પહેલાં જ ચાણપા ગામ પાસેથી આશરે ૨૧૯ કરોડ રૂપિયાના ખર્ચે ૬૦ મીટર પહોળાઈનો અને આશરે ૭ કિમી લંબાઈનો સિક્સલેન રોડ બનાવાશે. જે સીધો ચોટીલાને ઓળંગીને લિંબડી તરફ સાંગાણી ગામ પાસે નીકળીને સીધો અમદાવાદ એક્સપ્રેસ હાઇવેને મળશે. આ માટે સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.દર પૂનમના દિવસે ચોટીલા ડુંગર પર હજારો શ્રદ્ધાળુઓ આવે છે. તે ઉપરાંત દર રવિવાર અને તહેવારોમાં પણ ચોટીલામાં માતાજીનાં દર્શને હજારો ભક્તોની મેદની ઊમટી પડે છે. જેના કારણે ટ્રાફિક જામની સ્થિતિ ઉત્પન્ન થાય છે. આ રોડના કામ માટે સરકારની મંજૂરી માગવામાં આવી છે અને મંજૂરી મળ્યા બાદ કામગીરી આગળ વધારાશે.

# મોરબી બ્રિજ દુર્ઘટનામાં ૮૧ પીડિત પરિવારોમાંથી ૬૪ સાથે વળતર મુદ્દે કરાર પૂર્ણ કરાયા

અમદાવાદઃ મોરબી બ્રિજ દુર્ઘટના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવાયેલી સુઓમોટો અરજીમાં કોર્ટ મિત્રે મૃતકોના પરિવારની મુલાકાત લઈને વિસ્તૃત રિપોર્ટ કોર્ટ સમક્ષ મૂક્યો હતો. ગુરુવારે યોજાયેલી સુનાવણીમાં ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ કોર્ટ મિત્રે રજૂઆત કરી હતી કે, મોરબી બ્રિજના પીડિતોને વળતર ચૂકવવા એગ્રીમેન્ટ કરવામાં આવ્યાં છે. જે યુવતી મુંબઈમાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે, તેને ૭.૮૪ લાખનો ચેક આપવામાં આવ્યો છે. કુલ ૮૧ પીડિત પરિવારમાંથી ૬૪ પરિવારના લોકો સાથે કરાર પૂર્ણ થઈ ચૂક્યા છે. સુઓમોટો રિટ પિટિશનમાં કોર્ટ મિત્ર દ્વારા જણાવાયું હતું કે, મોરબી પુલના પીડિતોને વળતરની ચુકવણી માટેના કરાર કરાયા છે. જેમાં કુલ ૮૧ પીડિત પરિવારમાંથી ૬૪ સાથે કરાર થઈ ચૂક્યા છે. હાઈકોર્ટે હવે આ કેસમાં વળતરના મોટા ભાગના મુદ્દા આવી ગયા હોવાથી કેસની વધુ સુનાવણી માર્ચ-૨૦૨૫માં રાખવા હુકમ કર્યો હતો.

કોર્ટ મિત્રએ રજૂઆત કરી હતી કે, પીડિતોને જે માસિક ૧૨ હજાર માસિક ભથ્થું અપાય છે તે તેમના કાનૂની વંશજોને અપાશે કે કેમ? વચગાળાના વળતરની ૫૦ ટકા રકમને એફડીમાં મુકાઈ છે તો કોઈને જરૂર પડે તો કેવી રીતે મેળવવી?

# ગુજરાત હાઈ કોર્ટમાં ૧.૭૦ લાખ જ્યારે જિલ્લા અને નીચલી અદાલતોમાં કુલ ૧૬.૯૦ લાખ કેસ પડતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અત્યારે ગુજરાત હાઈ કોર્ટમાં ૧,૭૦,૯૬૩ જેટલા કેસ પડતર છે, જ્યારે રાજ્યની જિલ્લા તથા નીચલી અદાલતોમાં ૧૬,૯૦,૬૪૩ કેસ પડતર છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય તેમ જ સંસદીય બાબતોના રાજ્યપ્રધાન અર્જુન રામ મેઘવાલે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રાજ્યસભાને આ માહિતી પૂરી પાડી હતી.

ગૃહમાં રજૂ કરાયેલા અર્જુન રામ મેઘવાલના નિવેદન મુજબ, હાલ ભારતની સુપ્રીમ કોર્ટમાં કુલ ૮૨,૬૪૦ કેસ પડતર છે, જ્યારે દેશની વિવિધ હાઈ કોર્ટમાં કુલ ૬૧,૮૦,૮૭૮ કેસ પડતર છે અને દેશની જુદી-જુદી જિલ્લા તથા નીચલી અદાલતોમાં કુલ મળીને ૪,૬૨,૩૪,૬૪૬ કેસ હાલની તારીખે પડતર છે. અર્જુન રામ મેઘવાલના નિવેદન પ્રમાણે, ગુજરાત હાઈ કોર્ટમાં જજની કુલ મંજૂર કરાયેલી ૫૨માંથી ૨૦ જગ્યા ખાલી પડી છે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 303 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ -૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 December 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૧ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# રોકાણકારોને રાતા પાણીએ રડવાનો વારો

## ▸સતત પાંચમા સત્રમાં સેન્સેક્સમાં ૧,૧૭૬ પૉઈન્ટનો કડાકો
## ▸રોકાણકારોની સંપત્તિમાં પાંચ સત્રમાં કુલ ₹૧૮.૪૩ લાખ કરોડનું ધોવાણ

મુંબઈઃ બજાર પર શુક્રવારે રીંછની મજબૂત પકડ જોવા મળી હતી અને ઈક્વિટી બેન્ચમાર્ક લેખાતા સેન્સેક્સ અને નિફ્ટીમાં અંદાજે ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ ૧.૪૯ ટકા એટલે કે ૧,૧૭૯ પૉઈન્ટ ઘટીને ૭૮,૦૪૧ પર બંધ રહ્યો હતો જેને કારણે રોકાણકારોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો હતો. પાંચ સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં કુલ ૧૮.૪૩ લાખ કરોડનું ધોવાણ થયું હતું.

આ સમયગાળા દરમિયાન બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓની કુલ મૂડી રૂ. ૧૮,૪૩,૧૨૧.૨૭ કરોડ ઘટીને રૂ. ૪,૪૦,૯૯,૨૧૭.૩૨ કરોડ થઈ ગઈ હતી.

છેલ્લાં પાંચ સત્રમાં સેન્સેક્સમાં કુલ ૪,૦૯૧.૫૩ પૉઈન્ટ કે ૪.૯૮ ટકાનો અને નિફ્ટીમાં ૧,૧૮૦.૮ પૉઈન્ટ કે ૪.૭૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

યુએસ ફેટરલ રિઝર્વે વ્યાજદરમાં ઘટાડાને મામલે અપનાવેલા વલણને પગલે વૈશ્વિક બજારમાં ઊભા થયેલાં જોખમના ભયને કારણે સતત પાંચમા સત્રમાં બેન્ચમાર્કમાં ઘટાડો (જુઓ પાનું ૨) ▸▸


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹69,480/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

લદાખનું પ્રવેશદ્વાર
દ્રાસ
Heena Tours & Travels
9326474508 / 9833515645


# ‘વન નેશન વન ઈલેક્શન’ માટે સંયુક્ત સંસદીય સમિતિ જાહેર

નવી દિલ્હીઃ લોકસભા બાદ હવે રાજ્યસભામાં વન નેશન વન ઇલેક્શન માટે વિચારવિમર્શ કરવા માટે સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં ૧૨ રાજ્યસભા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

રાજ્યસભાએ શુક્રવારે દેશમાં સંસદીય અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવા માટેના બિલ અને તેના સાથે સંબંધિત એક અન્ય બિલ પર વિચારણા કરવા માટે રચવામાં આવેલી સંયુક્ત સંસદીય સમિતિમાં ઉપલા ગૃહના ૧૨ સભ્યોને નોમિનેટ કરવાના પ્રસ્તાવને ધ્વનિ મતથી મંજૂરી આપી હતી.

અગાઉ કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે લોકસભામાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ એક સાથે કરવાની જોગવાઇ ધરાવતા ‘બંધારણ (૧૨૯મો સુધારો) બિલ, ૨૦૨૪’ અને તેની સાથે સંબંધિત ‘કેન્દ્ર શાસિત કાયદા (સંશોધન) બિલ, ૨૦૨૪’ને સંસદની સંયુક્ત સમિતિને વિચારણા માટે મોકલવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને ધ્વનિ મતથી મંજૂરી આપવામાં આવી હતી.

આ બિલો પર વિચારણા કરવા માટે રચાયેલી સંયુક્ત સમિતિમાં લોકસભામાંથી ૨૭ સભ્યોને નામાંકિત કરવામાં આવ્યા છે. એક વખત સ્થગિત કર્યા બાદ બપોરે ૧૨ વાગ્યે ઉપલા ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે મેઘવાલે આ સમિતિમાં રાજ્યસભાના ૧૨ સભ્યોનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ મુક્યો (જુઓ પાનું ૨) ▸▸

# જયપુરમાં ગૅસ ટેન્કર ટ્રક સાથે અથડાયા પછી લાગેલી આગમાં ૧૧થી વધુનાં મોતઃ ૩૫ ઘાયલ

## ૩૭ કરતાં વધુ વાહનો બળીને ખાક

જયપુરઃ એહીં શુક્રવારે એક એલપીજી ટેન્કર ટ્રક સાથે અથડાયા પછી ફાટી નીકળેલી ભયંકર આગમાં ૧૧ જણા મૃત્યુ પામ્યા હતા અને જયપુર-અજમેર હાઈને પર બીજાં ૩૭ વાહનો આ આગની ચપેટમાં આવી જતાં ૩૫ જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા ૩૫ જણમાંથી અડધાથી પણ વધુની હાલત ગંભીર હોવાનું રાજસ્થાનના આરોગ્ય ખાતાના પ્રધાન ગજેન્દ્ર સિંહ ખિમસરે કહ્યું હતું.

આ ઘટના શુક્રવારે વહેલી સવારે ૫:૪૫ વાગે બની હતી. અકસ્માતને કારણે જયપુર-અજમેર હાઈવે આગના ગોળામાં ફેરવાઈ ગયો હતો અને ૩૦ કરતાં વધુ વાહન બળીને ખાક થઈ ગયા હોવાનું તેમણે કહ્યું હતું. અકસ્માત થયો તે સમયે રાજસમંદથી (જુઓ પાનું ૨) ▸▸

# અલીગઢના મુસ્લિમ વિસ્તારમાંથી બીજું શિવાલય મળ્યુંઃ તાળાં તોડાયાં

અલીગઢ (ઉત્તર પ્રદેશ)ઃ અલીગઢના મુસ્લિમોની બહુમતી ધરાવતા દિલ્હી ગેટ પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી બીજું શિવાલય માત્ર દોઢ દિવસમાં મળ્યું હતું.

હિંદુ સંગઠનોના નેતાઓએ સંબંધિત જાહેરાત કરી હતી.

અગાઉ, ૩૬ કલાક પહેલાં અલીગઢના મુસ્લિમ બહુમતીવાળા બન્નાદેવી પોલીસ સ્ટેશનના સરાઇ રહેમાન વિસ્તારમાંથી પણ શિવાલય મળ્યું હતું. ભારતીય જનતા યુવા મોરચાના અલીગઢ એકમના સચિવ હર્ષદ અને બજરંગ દળના નેતા અંકુર શિવાજી અને અન્ય હિંદુ નેતા ઘટના સ્થળે (જુઓ પાનું ૨) ▸▸





Discover the Ultimate Winter Wear Collection
Style, Warmth, and Comfort Combined




ROOPAM

Readymades | Wedding Attire | Toys | Newborn Items | Woollens | Art & Craft | Perfumes
Imitation Jewellery | Crockery | Ladies Handbags | Ladies & Kids Footwear | Pet Products

Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai.
Tel: 22061794 • Cell: 9819 911 333 • www.roopam.com • roopamroopmilan

HOTEL GIRIJA
Mumbai-Pune Highway, Khandala
Pure Veg




VALLEY VIEW ROOMS

PURE VEG RESTAURANT FAMOUS FOR

VEG GUJRATI THALI AND IN HOUSE

NORTH INDIAN & SOUTH INDIAN RESTAURANT



THE ENTIRE HOTEL CAN BE EXCLUSIVELY BOOKED FOR A GROUP OF UPTO 25-35 GUESTS.
12 ROOMS INCLUDING THREE DUPLEX

Family gatherings made memorable with cozy stays and delicious vegetarian cuisine to savor.



Amenities include indoor games such as table tennis and carrom, a cricket turf, and an indoor swimming pool. Large bookings for the entire hotel are also available.

MUMBAI-PUNE HIGHWAY KHANDALA - 410301. MAHARASHTRA, INDIA

FOR GROUP BOOKINGS CONTACT MANAGER

+91 99226 85083 +91 99303 70166

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંસદનો ધક્કાકાંડ રાહુલના ફ્લાઈંગ કિસ કાંડનું પુનરાવર્તન

**સંસદ** ભવનમાં ગુરુવારે થયેલો ધક્કાકાંડ બરાબર ગાજ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અપમાન કર્યું હોવાનો મુદ્દો ચગાવીને કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ હોહા કરી મૂકી છે. ગુરુવારે સંસદ ભવનમાં આ મુદ્દે ભાજપ અને કૉંગ્રેસના સાંસદો ભિડાઈ ગયા તેમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જાણીજોઈને ભાજપના બે સાંસદો પ્રતાપચંદ્ર સારંગી અને મુકેશ રાજપુતને ધક્કો મારીને ઈજાગ્રસ્ત કરવાનો અને એક મહિલા સાંસદ સાથે દુર્વ્યવહાર કરવાનો આક્ષેપ ભાજપે લગાવ્યો છે અને પોલીસ ફરિયાદ પણ કરી છે.

બીજી તરફ કૉંગ્રેસનું કહેવું છે કે, બાબાસાહેબનું અપમાન કરવાના મુદ્દે ભાજપ ખરાબ રીતે ભેરવાઈ ગયો છે એટલે લોકોનું ધ્યાન બીજી તરફ વાળવા માટે ખોટા આક્ષેપો કરી રહ્યો છે અને ફરિયાદ કરી છે. બંને પાર્ટીઓએ આ મામલે થોડા કલાકોના અંતરે જ પ્રેસ કોન્ફરન્સ પણ યોજીને ભરપૂર આક્ષેપબાજી પણ કરી છે.

આ કાંડમાં બહુ મજાની વાત એ છે કે, ભાજપના સાંસદો રાહુલ ગાંધીએ ભાજપ સાંસદ પ્રતાપચંદ્ર સારંગીને ધક્કો માર્યો તેમાં સારંગી ગબડી પડ્યા ને ઘાયલ થઈ ગયા એવું કહે છે પણ સારંગી પોતે એવું નથી કહેતા. હોસ્પિટલ લઈ જવાતા હતા ત્યારે પ્રતાપચંદ્ર સારંગીએ સાફ શબ્દોમાં મીડિયા સામે કહ્યું કે, હું પગથિયાં પર ઊભો હતો અને રાહુલ ગાંધીએ એક સાંસદને ધક્કો મારતાં એ સાંસદ મારી ઉપર પડ્યા જેના લીધે હું દબાઈ ગયો અને નીચે પડી ગયો.

પ્રતાપચંદ્ર સારંગીએ મીડિયાના કેમેરા સામે રાહુલ ગાંધીએ પોતાને ધક્કો નથી માર્યો એવું સાફ શબ્દોમાં કહ્યું છે. સારંગી રાહુલની સામે નહોતા ઊભા છતાં પોતાના પર પડેલા સાંસદને રાહુલે ધક્કો માર્યો એવું તેમને ક્યાંથી દેખાઈ ગયું તેનો જવાબ તો સારંગી સાહેબ પોતે જ આપી શકે પણ સારંગીએ ક્યા સાંસદ તેમના પર પડ્યા તેનું નામ નથી આપ્યું એ સૂચક છે. રાહુલે બીજા સાંસદને ધક્કો માર્યો તેની વાત તેમણે કરી પણ પોતાના પર કયા સાંસદ પડ્યા તેનું નામ લેવાની તસ્દી પણ તેમણે નથી લીધી.

આ વીડિયો યુટ્યુબ પર સર્ચ મારશો તો પણ મળી આવશે. ભાજપના સાંસદો એ વખતે જ મચી પડેલા કે, રાહુલે ધક્કો માર્યો. ગુજરાતના વડોદરાના ભાજપ સાંસદ હેમાંગ જોશી તો વળી રાહુલ ગાંધીને પકડીને લઈ આવ્યા ને સવાલ કરવા માંડ્યા કે, યે ક્યા કર દિયા આપને? ઈક બુઢ્ઢે આદમી કો ધક્કા માર દિયા? ભાજપના બીજા સાંસદો પણ મચી પડેલા. રાહુલ, આપ કો શરમ નહીં આતી જેવાં વાક્યોથી શરૂ કરીને ગુંડાગર્દી કરતે હો સહિતનાં વાક્યો ભાજપના સાંસદ બોલે છે.

આ વીડિયો જોઈને સવાલ થાય કે, ખરેખર શરમ કોને આવવી જોઈએ? રાહુલ ગાંધીને કે આખી દુનિયા સામે જૂઠું બોલતા ભાજપના સાંસદોને? જેમને વાગ્યું છે એ સાંસદ પોતે રાહુલે ધક્કો નથી માર્યો એવું કહે છે ને ભાજપના નેતા રાહુલે ગુંડાગીરી કરી એવું કહે છે. ભાજપના બીજા સાંસદ મુકેશ રાજપૂતે રાહુલે પોતાને ધક્કો મારીને ગંભીર રીતે ઘાયલ કર્યા હોવાનો આક્ષેપ કર્યો છે પણ રાજપૂતને તો ક્યાંય વાગ્યું હોય એવું લાગતું જ નથી. રાજપૂત સાહેબ તો સ્ટ્રેચરમાં સૂતાં સૂતાં આરામથી મીડિયાને પોતાની પરાક્રમ ગાથા સંભળાવે છે.

જૂઠું બોલવામાં કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણ બધાંના બાપ સાબિત થયા. શિવરાજસિંહે પત્રકાર પરિષદ કરીને આક્ષેપ કર્યો કે, રાહુલ ગાંધીએ ભાજપના સાંસદો સાથે કરેલા દુર્વ્યવહારમાં પ્રતાપ સારંગી એટલા ઘાયલ થયા કે એમને આઈસીયુમાં ભરતી કરવા પડ્યા.

ભાજપે દિલ્હી પોલીસમાં રાહુલ ગાંધી સામે ફરિયાદ પણ કરી છે. ફરિયાદમાં રાહુલ ગાંધી પર ધક્કામુક્કી દરમિયાન શારીરિક હુમલો કરવાનો અને ઉશ્કેરણીમાં સામેલ હોવાનો આક્ષેપ મુકાયો છે. ભાજપનો આક્ષેપ છે કે, રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી ધક્કામુક્કીમાં તેના બે સાંસદોને ઈજા પહોંચી અને બંને સાંસદ રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં દાખલ છે. નાગાલેન્ડનાં ભાજપનાં આદિવાસી મહિલા સાંસદ ફાંગનોન કોન્યાકે રાહુલના અશોભનીય વ્યવહારની ફરિયાદ રાજ્યસભા ચેરમેનને કરી છે. કોન્યાકનો આક્ષેપ છે કે, રાહુલ ગાંધી તેમની એકદમ નજીક આવી ગયા હતા અને તેના કારણે પોતે અનકમ્ફર્ટેબલ ફીલ કરતાં હતાં.

દિલ્હી પોલીસ હવે શું કરે છે, રાજ્યસભાના ચેરમેન હવે શું કરે છે એ જોવાનું છે પણ આ ફરિયાદો અને આક્ષેપો ભાજપનું નૈતિક અધઃપતન બતાવે છે. ભાજપ રાજકીય મુદ્દે મુકાબલો કરવા માટે સક્ષમ ના હોય ત્યારે આ રીતે રાહુલ ગાંધીના ચારિત્ર્યહનન પર ઊતરી આવે છે એ પહેલાં પણ આખી દુનિયાએ જોયું છે.

લોકસભામાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સામે કૉંગ્રેસ સહિતના વિપક્ષો દ્વારા ૨૦૨૩ના ઓગસ્ટમાં અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરાઈ ત્યારે સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસનો બખેડો ઊભો કરી દીધો હતો. સ્મૃતિ ઈરાનીએ આક્ષેપ કરેલો કે, રાહુલ ગાંધીએ લોકસભામાંથી બહાર નીકળતી વખતે તેમની સામે ફ્લાઈંગ કિસ કરીને પોતાના સંસ્કાર છતા કરી દીધા છે.

ભાજપની મહિલા સાંસદો લોકસભાના સ્પીકરને રાહુલની ફ્લાઈંગ કિસ વિશે ફરિયાદ કરવા પહોંચી ગઈ હતી. મણિપુરમાં મહિલાઓ પર ગેંગ રેપ કરીને નગ્ન કરીને તેમની પરેડ કરાવાઈ એ વિશે એક પણ શબ્દ નહીં બોલનારી મહિલા સાંસદોએ રાહુલની ફ્લાઈંગ કિસને મુદ્દે દેકારો મચાવી દીધેલો.

રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસનો મુદ્દો એક દિવસમાં જ હવાઈ ગયેલો કેમ કે ભાજપની મહિલા સાંસદોએ સાવ જૂઠાણું ચલાવેલું. લોકસભાની કાર્યવાહીનું લાઈવ કવરેજ થતું હોય ત્યારે કોઈ પણ વ્યક્તિની હરકત કેમેરામાં કેદ થઈ જતી હોય છે. રાહુલે અશ્લીલ હરકત કરી હોત તો એ પણ કેમેરામાં કેદ થઈ હોત પણ ના ભાજપના નેતા એ હરકતનો વીડિયો લોકો સામે મૂકી શક્યા કે ના સ્પીકર સાહેબે કોઈ કાર્યવાહી કરી.

રાહુલનો ધક્કાકાંડ પણ ફ્લાઈંગ કિસ કાંડનું પુનરાવર્તન જ છે. ભાજપ અને કૉંગ્રેસના સાંસદો સામસામે ભિડાયા ત્યારે દેશભરની ટીવી ચેનલોના કેમેરા ત્યાં હતા. સંસદ સંકુલના કેમેરા પણ હતા પણ કોઈ ચેનલે રાહુલ ગાંધી પ્રતાપચંદ્ર સારંગીને કે ભાજપના બીજા સાંસદને ધક્કો મારે છે એવું કમ સે કમ હજુ સુધી તો બતાવ્યું નથી. સંસદના સીસીટીવીના એવા કોઈ ફૂટેજ પણ બહાર આવ્યા નથી.

આ કાંડમાં હવે પછી શું થશે એ ખબર નથી પણ ગુજરાતીમાં કહેવત છે કે, નાગાની પાંચ શેરી હંમેશાં ભારે હોય. જૂઠું બોલો ને જોરથી બોલો એટલે આ દેશની પ્રજા તેને સાચું માની જ લે છે એવું ભાજપ માને છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૨૧-૧૨-૨૦૨૪, સાયન મકર સંક્રાંતિ

- ભારતીય દિનાંક ૩૦, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૮ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૬-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૩ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૮, રાત્રે ક. ૨૧-૩૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - ષષ્ઠી. સૂર્ય સાયન મકર રાશિ પ્રવેશ ક. ૧૪-૫૦. સૌર શિશિર ઋતુ પ્રારંભ, ઉત્તરાયણ પ્રારંભ, સાયન સંક્રાંતિ પુણ્યકાળ ક. ૧૪-૫૦ થી સૂર્યાસ્ત. વિષ્ટિ ક. ૧૨-૨૨થી ક. ૨૫-૨૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ભગદેવતાનું પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું, પરગામ પ્રયાણ મધ્યમ, મહાબલિ હનુમાનનું પૂજન, શનિ દેવતાનું પૂજન, હનુમાન ચાલીસા વાંચન, શ્રી સુંદરકાંડ પાઠ વાંચન, માલ વેંચવો. ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડના કામકાજ, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, દાન, જપ, તપ, તર્પણ સૂર્યપૂજા, શિવ-પાર્વતી પૂજા, ઋષિતર્પણ, વિષ્ણુ તર્પણ, સૂર્યતર્પણનો મહિમા.
- આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ અજાણી વ્યક્તિ સાથે નાણાં વ્યવહારમાં સંભાળવું, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભીપણું
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ. ચંદ્ર-સૂર્ય ઉત્તરાયણમાં પ્રવેશ. સૌર શિશિરઋતુ પ્રારંભ
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

## 'એક દેશ, એક ચૂંટણી'ના ખરડા સંસદની સંયુક્ત સમિતિને મોકલાયા

### શિયાળુ સત્ર પૂરુંઃ બન્ને ગૃહની બેઠક અચોક્કસ મુદત માટે મોકૂફ

નવી દિલ્હીઃ લોકસભામાં ભારે ધાંધલધમાલ વચ્ચે 'એક દેશ, એક ચૂંટણી'ના ખરડા સંસદની સંયુક્ત સમિતિને મોકલાયા હતા.

સંસદની સંયુક્ત સમિતિમાં લોકસભાના ૨૭ અને રાજ્યસભાના ૧૨ સાંસદ રખાયા છે.

સંસદનું પચીસ નવેમ્બરે શરૂ થયેલું શિયાળુ સત્ર શુક્રવારે પૂરું થયું હતું અને બન્ને ગૃહની બેઠક અચોક્કસ મુદત માટે મુલતવી રખાઇ હતી.સંસદની સંયુક્ત સમિતિમાં રાજ્યસભાના ૧૨ સભ્યની નિમણૂક કરવા માટેની દરખાસ્તને રાજ્યસભામાં પસાર કરાઇ હતી. અગાઉ, સંબંધિત ઠરાવ લોકસભામાં ભારે શોરબકોરની વચ્ચે મૌખિક મતદાનથી પસાર કરાયો હતો.

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાળને બંધારણમાં ૧૨૯મો સુધારો કરવા માટેનો ખરડો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લગતા કાયદામાં સુધારા કરતો ખરડો સંસદની સંયુક્ત સમિતિને મોકલવાની સૂચના આપી હતી.

'એક દેશ, એક ચૂંટણી' અંગેના બે ખરડાને કાયદા બનાવવા માટે બંધારણમાં સુધારા કરવા જરૂરી છે.

ભાજપના સાંસદ ભર્તૃહરિ મહતાબ સંસદની આ સંયુક્ત સમિતિનું નેતૃત્વ કરશે. આ સમિતિમાં બધા રાજકીય પક્ષના પ્રતિનિધિઓનો સમાવેશ કરવા માટે તેની સંખ્યા ૩૧થી વધારીને ૩૯ સાંસદની કરાઇ હતી.

સંસદની સંયુક્ત સમિતિમાં ભાજપના પી. પી. ચૌધરી અને અનુરાગ ઠાકુર, કૉંગ્રેસનાં પ્રિયંકા ગાંધી વાડ્રાનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

## હરિયાણાના પૂર્વ મુખ્ય પ્રધાન ઓમ પ્રકાશ ચૌટાલાનું નિધનઃ ૮૯ વર્ષની ઉંમરે લીધા અંતિમ શ્વાસ

ચંડીગઢ/ગુરુગ્રામઃ ઈન્ડિયન નેશનલ લોકદળ (આઇએનએલડી)ના પ્રમુખ અને હરિયાણાના પૂર્વ મુખ્ય પ્રધાન ઓમ પ્રકાશ ચૌટાલાનું શુક્રવારે ગુરુગ્રામમાં અવસાન થયું હતું. તેઓ ૮૯ વર્ષના હતા. હરિયાણા સરકારે ચૌટાલાના નિધનને પગલે ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો હતો.

પક્ષના પ્રવક્તાએ પીટીઆઈને જણાવ્યું હતું કે હરિયાણાના પાંચ વખત મુખ્ય પ્રધાન રહેલા અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન દેવીલાલના પુત્ર ઓમ પ્રકાશ ચૌટાલાને ગુરુગ્રામમાં તેમના ઘરે હાર્ટ અટેક આવ્યો હતો. ત્યાર બાદ તેમને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમને બચાવી શકાયા ન હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તેમણે મેદાંતા હૉસ્પિટલમાં બપોરે ૧૨ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા.

હરિયાણાનો એક પ્રમુખ રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવનારા અને એક અગ્રણી ક્ષેત્રીય સંગઠનનો ચહેરો રહેલા ચૌટાલા છેલ્લા કેટલાક સમયથી ઉંમર સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. તેમના બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. તેમની પત્ની સ્નેહલતાનું પાંચ વર્ષ પહેલાં અવસાન થયું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈની સહિત ઘણા નેતાઓએ ચૌટાલાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

ચૌટાલાના નિધન પર શોક વ્યક્ત કરતાં વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''હરિયાણાના પૂર્વ મુખ્ય પ્રધાન ઓમપ્રકાશ ચૌટાલાજીના નિધનથી ખૂબ જ દુઃખી છું. તેઓ વર્ષો સુધી રાજ્યના રાજકારણમાં સક્રિય રહ્યા અને ચૌધરી દેવીલાલજીના કાર્યને આગળ ધપાવવા સતત પ્રયાસો કર્યા હતા. શોકની આ ઘડીમાં તેમના પરિવાર અને સમર્થકો પ્રત્યે મારી ઊંડી સંવેદના.

સૈનીએ કહ્યું કે આઈએનએલડી સુપ્રીમોનું નિધન ખૂબ જ દુઃખદ છે. તેમણે કહ્યું હતું કે આઈએનએલડી સુપ્રીમો અને હરિયાણાના પૂર્વ મુખ્ય પ્રધાન ચૌધરી ઓમપ્રકાશ ચૌટાલાજીનું નિધન ખૂબ જ દુઃખદ છે. તેમને મારી વિનમ્ર શ્રદ્ધાંજલિ. તેમણે જીવનભર રાજ્ય અને સમાજની સેવા કરી. દેશ અને હરિયાણા રાજ્યની રાજનીતિ માટે આ એક ન પૂરી શકાય તેવી ખોટ છે. ભગવાન શ્રી રામ દિવંગત આત્માને પોતાનાં ચરણોમાં સ્થાન આપે અને શોકગ્રસ્ત પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. ઓમ શાંતિ.

પૂર્વ મુખ્ય પ્રધાન અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાએ કહ્યું હતું કે, ''મને યાદ છે કે જ્યારે ચૌટાલા મુખ્ય પ્રધાન હતા ત્યારે હું હરિયાણા વિધાનસભામાં વિરોધ પક્ષનો નેતા હતો.'' ચૌટાલાએ રાજ્યની જનતાની સેવા કરી. તેમણે કહ્યું કે તેમની સાથે તેમની ઘણી સારી યાદો છે, તે તેમના મોટા ભાઈ જેવા હતા.

હરિયાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનના નાના પુત્ર અભયસિંહ ચૌટાલા આઈએનએલડીના વરિષ્ઠ નેતા છે, જ્યારે મોટા પુત્ર અજય સિંહ ચૌટાલા ભૂતપૂર્વ સાંસદ અને જનનાયક જનતા પાર્ટી (જેજેપી)ના વડા છે. જેજેપીનો જન્મ ડિસેમ્બર ૨૦૧૮માં પારિવારિક ઝઘડા બાદ પાર્ટીમાં વિભાજન થયા બાદ થયો હતો. ■

## બંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતી સામેની હિંસાના ૨,૨૦૦ કેસ

નવી દિલ્હીઃ ભારત સરકારે શુક્રવારે લોકસભામાં જણાવ્યું હતું કે બંગ્લાદેશમાં ચાલુ વર્ષે આઠ ડિસેમ્બર સુધીમાં હિંદુઓ અને અન્ય લઘુમતી સામેની હિંસાના કુલ ૨,૨૦૦ કેસ નોંધાયા હતા.

તેણે આશા વ્યક્ત કરી હતી કે બંગ્લાદેશ સરકાર હિંદુઓ અને અન્ય લઘુમતીના લોકોના રક્ષણ માટે જરૂરી પગલાં લેશે.

રાજ્ય કક્ષાના વિદેશ પ્રધાન કીર્તિવર્ધન સિંહે લોકસભામાં આ લેખિત જાણકારી આપી હતી. તેમણે આ માટે માનવ અધિકાર માટે ચળવળ ચલાવતાં સંગઠનોના આંકડા ટાંક્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં ચાલુ વર્ષના ઑક્ટોબર સુધીમાં હિંદુઓ અને અન્ય લઘુમતી કોમ સામેની હિંસાના ૧૧૨ કેસ નોંધાયા હતા. હિંદુઓ અને અન્ય લઘુમતી કોમના લોકો સામે ૨૦૨૨માં બંગ્લાદેશમાં ૪૭ અને પાકિસ્તાનમાં ૨૪૧ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૩માં બંગ્લાદેશમાં ૩૦૨ અને પાકિસ્તાનમાં ૧૦૩ કેસ નોંધાયા હતા.રાજ્ય કક્ષાના વિદેશ પ્રધાન કીર્તિવર્ધન સિંહે લોકસભામાં જણાવ્યું હતું કે ભારત સરકારે બંગ્લાદેશની સરકાર અને પાકિસ્તાનની સરકારને હિંદુઓ અન્ય લઘુમતી કોમ સામેની હિંસા રોકવા બનતી દરેક પ્રકારની કાર્યવાહી કરવા વિનંતિ કરી હતી. (એજન્સી) ■

## ગ્રીક ટાપુ પાસે બોટ ઊંધી વળતા આઠનાં મોત

એથેન્સઃ પૂર્વ ગ્રીકના ટાપુ રૉડ્સની નજીક સ્થળાંતર કરી રહેલા વસાહતીઓ (માઇગ્રન્ટ્સ)ને લઇ જતી એક સ્પીડબોટ ઊંધી વળતા આઠ જણ માર્યા ગયાં હતાં અને અન્ય ૧૮ જણને ઉગારાયા હતા.

સ્પીડબોટમાં ક્ષમતા કરતાં વધુ સંખ્યામાં મુસાફર હતા અને દરિયાઇ સીમામાં પહેરો ભરી રહેલા સુરક્ષા દળોથી બચવા માટે બોટ વધુ પડતી ઝડપે જઇ રહી હતી ત્યારે તે ઊંધી વળી ગઇ હતી. માઇગ્રન્ટ્સ દરિયામાં પડ્યા હતા, પણ તેમાંના ૧૮ જણને ઉગારી લેવાયા હતા. તટરક્ષક દળની ત્રણ બોટ અને એક હેલિકૉપ્ટરની બચાવ કામગીરીમાં મદદ લેવાઇ હતી.ઉગારી લેવાયેલા આઠ જણને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, તેમાંના એકની તબિયત ગંભીર છે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### જયપુરમાં ગૅસ

જયપુર જઈ રહેલી ખાનગી સ્લિપર કોચ બસ ગૅસ ટેન્કરની પાછળ હતી. બસમાં સવાર પ્રવાસીઓની માહિતી મેળવવામાં આવી રહી છે.

ઘટનાસ્થળે ટીમ સાથે પહોંચેલા જયપુર પોલીસ કમિશનર જ્યૉર્જ જૉસેફે કહ્યું હતું કે વાહનો સાથે અથડાવાને કારણે ગૅસ ટેન્કરનું નોઝલ ખુલી જતાં થયેલાં ગૅસ ગળતરને કારણે આગ ફાટી નીકળી હતી.

ટેન્કરની પાછળ આવી રહેલા વાહનો પણ આગની જ્વાળામાં લપેટાઈ ગયાં હતાં. વિરુદ્ધ દિશામાંથી આવતાં વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયાં હતાં અને એકમેક સાથે અથડાયાં હતાં.

ગૅસ ગળતરને કારણે આગે ભયાનક સ્વરૂપ લીધું હતું અને આસપાસના વાહનોને આગની ઝપેટમાં લઈ લીધા હતા.

લોકો સળગતા વાહનોમાંથી બહાર આવતા અને સળગતા કપડાં ઉતારીને નાસતા જોવા મળ્યા હતા. ટ્રાફિકજામની પરિસ્થિતિને ટાળવા સળગતાં વાહનોને રસ્તા પરથી દૂર ખસેડવામાં આવ્યા હતા.

ઘાયલોને સારવારાર્થે પચીસ કરતાં પણ વધુ એમ્બ્યુલન્સમાં નજીકની એસએમએસ મેડિકલ કૉલેજ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ દુર્ઘટનામાં ૧૧ જણનાં મોત થયાં હતાં અને મૃતકોનો આંક હજુ વધે એમ હોવાનું કૉલેજના પ્રિન્સિપાલે કહ્યું હતું.

ઘટનાને નજરે નિહાળનારા સાક્ષીઓના જણાવ્યા અનુસાર આગની જ્વાળા અને ધુમાડાના ગોટેગોટા ઘટનાસ્થળના એક કિ.મી. જેટલા અંતરેથી પણ જોઈ શકાતા હતા.

ઘટના અંગે જાણ થતાં જ અગ્નિશમન દળની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

વાહનોમાં સવાર અનેક લોકો તેમાંથી બહાર ન નીકળી શક્યા હોય અને જીવતા જ ભૂંજાઈ ગયા હોય એવી પોલીસને શંકા છે.

તમામ વાહનોની સઘન ચકાસણી કરવામાં આવ્યા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે, એમ તેમણે કહ્યું હતું.

રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને ખિમસર સારવાર લઈ રહેલા લોકોને મળવા તાત્કાલિક હૉસ્પિટલ પહોંચ્યા હતા.

શર્માએ વહીવટી અધિકારીઓ અને ડૉક્ટરો સાથે વાત કરી હતી અને ઘાયલોને યોગ્ય સારવાર અને સુવિધા મળી રહે તેની ખાતરી કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે ઘટનાસ્થળની પણ મુલાકાત લીધી હતી અને પોલીસ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

અકસ્માતનો ભોગ બનેલા લોકોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરતાં શર્માએ કહ્યું હતું કે ઘટનાની જાણ થતાં જ મેં તાત્કાલિક હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઘાયલોની મુલાકાત લીધી હતી અને તેમને યોગ્ય સારવાર અને સુવિધા મળે તેની ખાતરી કરવાનો ડૉક્ટરોને આદેશ આપ્યો હતો.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ ડૉક્ટરો અને તબીબી કર્મચારીઓને ફરજ પર બોલાવી લેવામાં આવ્યા હતા. તમામ દરદીઓનો સમાવેશ કરી શકાય તે માટે અલગ વૉર્ડ ખોલવામાં આવ્યો હતો.

નજીવી ઈજા પામેલા લોકોને નજીકની હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી ઘરે જવા દેવામાં આવ્યા હતા. અકસ્માતના સ્થળથી હૉસ્પિટલ સુધીનો ગ્રીન કોરિડોર શરૂ કરવામાં આવ્યો હતો,

દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, રાજસ્થાનના ગવર્નર હરિભાઉ નબાગાડે અને રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે અકસ્માતમાં જીવ ગુમાવનારાંઓનાં પરિવારજનો પરત્વે સહાનુભુતિ વ્યક્ત કરી હતી.

રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન પ્રેમચંદ બૈરવા અને રાજ્યના ગૃહ ખાતાના પ્રધાન જવાહરસિંહ બેધામ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

કૉંગ્રેસના રાજ્ય એકમના વડા ગોવિંદ સિંહ દોતાસરા તેમ જ ભાજપ અને કૉંગ્રેસના અનેક વિધાનસભ્યોએ હૉસ્પિટલની મુલાકાત લીધી હતી.

પ્રત્યેક મૃતકના પરિવારજનોને બે લાખ અને ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની સહાયની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી.

ગૅસ ગળતર અને ધુમાડાને કારણે સ્થાનિક લોકોએ આંખમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદ કરી હતી. એ વિસ્તારમાં અનેક પક્ષીઓ પણ મૃતઅવસ્થામાં મળી આવ્યાં હતાં.

આરંભમાં આગને કાબૂમાં લેવાનું અને સળગતાં વાહનો સુધી પહોંચવાનું અગ્નિશમન દળના જવાનો માટે મુશ્કેલ બન્યું હોવાનું ભાન્કોટાના સ્ટેશન હાઉસ ઑફિસરે કહ્યું હતું.

એ વિસ્તારમાં ત્રણ પેટ્રોલ પંપ હતા, પરંતુ સદનસીબે તે સલામત રહ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

પ્રાદેશિક પરિવહન અધિકારીઓ પણ ઘટનાની તપાસ માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમે ઘટનાસ્થળેથી પુરાવા એકઠાં કર્યા હતાં.

હાઈવેના ૩૦૦ મીટર કરતાં પણ લાંબા પટ્ટામાં આ દુર્ઘટનાની અસર જોવા મળી હતી. લોકો નાસભાગ કરતા અને મદદ માટે બૂમો પાડતા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળનું દૃશ્ય એકદમ બિહામણું હોવાનું સાક્ષીઓએ કહ્યું હતું.

ઘટના તેમ જ ગુમ થયેલા પરિવારજનો અંગે માહિતી મેળવી શકાય તે માટે જયપુર પોલીસે હેલ્પલાઈન નંબર જારી કર્યા હતા.

આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે સરકારે કંઈ કરવું જોઈએ અને એ માટે એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવી જોઈએ એમ સ્થાનિક લોકોએ કહ્યું હતું. (એજન્સી) ■

### રોકાણકારોને

જોવા મળ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વેવ્યાજદરમાં ધારણા કરતાં ઓછો ઘટાડો કરતાં વૈશ્વિક બજાર પર તેની વિપરિત અસર જોવા મળી હતી જેની અસર સ્થાનિક બજાર પર પણ જોવા મળી હતી.

મીડ અને સ્મૉલ કેપ શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી, એમ જિઓજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ ખાતાના વડા વિનોદ નાયરે કહ્યું હતું.

દિવસ દરમિયાન સેન્સેક્સ કુલ ૧,૩૪૩ પૉઈન્ટ કે ૧.૬૯ ટકા ઘટીને ૭૭,૮૭૪ના સ્તરે પહોંચ્યો હતો. નિફ્ટી ૩૬૪,૨૦ ટકા કે ૧.૫૨ ટકા ઘટીને ૨૩,૫૮૭ પર બંધ રહ્યો હતો.

વિદેશી રોકાણકારોએ કરેલી ભારે વેચવાલીએ પણ બજાર પર દબાણ ઊભું કર્યું હોવાનું ટ્રેડરોએ કહ્યું હતું.

બીએસસીમાં ૨,૮૫૦ શેરના ભાવમાં ઘટાડો, ૧,૦૪૫ શેરના ભાવમાં વધારો થયો હતો તો ૯૦ શેરનો ભાવમાં કોઈ ફેરફાર જોવા નહોતો મળ્યો. (એજન્સી) ■

### અલીગઢમાં

પહોંચી ગયા હતા.

તેઓએ જણાવ્યું હતું કે મંદિરને તાળાં મરાયેલાં હતાં. પોલીસની હાજરીમાં તાળાં તોડાયાં હતાં. મંદિરની અંદર મૂર્તિઓ ખરાબ હાલતમાં પડી હતી અને બધે કાટમાળ પડેલો હતો.

શિવાલયને ધોઇને સાફ કરાયું હતું અને મંત્રોચ્ચાર સાથે પૂજા કરાઇ હતી.

શહેરના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મૃગાંક શેખર પાઠકે જણાવ્યું હતું કે આ (મુસ્લિમ) વિસ્તારોમાં શાંતિ સમિતિની બેઠકો યોજાઇ હતી અને આ મંદિરોમાં પૂજાપાઠ શાંતિથી કરવા દેવા સંમતિ સધાઇ હતી.

બાબરી મસ્જિદ તોડાઇ, તે પછી સરાઇ મિયાં વિસ્તારમાંથી કોમી રમખાણ વખતે અનેક હિંદુઓએ બીજે સ્થળાંતર કર્યું હતું. આ મંદિરોમાં છેલ્લા ત્રણથી ચાર વર્ષથી કોઇ પૂજાપાઠ નહોતા થતા અને તે ત્યજાયેલી તેમ જ ખરાબ હાલતમાં હાલતમાં હતા. (એજન્સી) ■

### 'વન નેશન, વન ઈલેક્શન'

હતો. રાજ્યસભામાંથી આ સમિતિમાં ભારતીય જનતા પાર્ટીના ઘનશ્યામ તિવારી, ભુનેશ્વર કલિતા, કે લક્ષ્મણ, કવિતા પાટીદાર, જનતા દળ (યુનાઈટેડ)ના સંજય ઝા, કૉંગ્રેસના રણદીપ સિંહ સુરજેવાલા અને મુકુલ વાસનિક, તૃણમૂલ કૉંગ્રેસના સાકેત ગોખલે, દ્રવિડ મુનેત્ર કઝગમના પી વિલ્સન, આમ આદમી પાર્ટીના સંજય સિંહ, બીજુ જનતા દળના માનસ રંજન મંગરાજ અને વાયએસઆર કૉંગ્રેસના વી. વિજય સાઈ રેડ્ડીને સામેલ કરવામાં આવ્યા છે.

આ સમિતિમાં લોકસભાના ૨૭ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં પીપી ચૌધરી, સીએમ રમેશ, બાંસુરી સ્વરાજ, પુરુષોત્તમ રૂપાલા, અનુરાગ ઠાકુર, વિષ્ણુ દયાલ શર્મા, ભર્તુહરી મહતાબ, સંબિત પાત્રા, અનિલ બલૂની, વિષ્ણુ દત્ત શર્મા, બૈજંત પાંડા અને સંજય જયસ્વાલ સામેલ છે.

કૉંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધી વાડ્રા, મનીષ તિવારી અને સુખદેવ ભગતને આ સમિતિનો ભાગ બનાવવામાં આવ્યાં છે.

સમાજવાદી પાર્ટી તરફથી ધર્મેન્દ્ર યાદવ અને છોટે લાલ, તૃણમૂલ કૉંગ્રેસ તરફથી કલ્યાણ બેનર્જી, ડીએમકે તરફથી ટીએમ સેલ્વાગણપતિ, તેલુગુ દેશમ પાર્ટી તરફથી હરીશ બાલયોગી, શિવસેના (ઉદ્ધવ ઠાકરે) તરફથી અનિલ દેસાઈ, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી) તરફથી સુપ્રિયા સુલે, શિવસેના તરફથી શ્રીકાંત શિંદે, લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) તરફથી શાંભવી, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી તરફથી કે. કે. રાધાકૃષ્ણન, રાષ્ટ્રીય લોકદળના ચંદન ચૌહાણ અને જનસેના પાર્ટીના બાલાશૌરી વલ્લભનેનીને આ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે.

સમિતિને આગામી બજેટ સત્રના છેલ્લા સપ્તાહના પ્રથમ દિવસ સુધીમાં રિપોર્ટ સુપરત કરવા માટે કહેવામાં આવ્યું છે. આ બિલો ૧૭ ડિસેમ્બરે લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા. ■

# મહારાષ્ટ્ર વિધાનસભાએ ૩૩.૭ હજાર કરોડ રૂપિયાની પૂરક માગણીઓ મંજૂર કરી

## લાડકી બહેન યોજના માટે ૧.૪ હજાર કરોડ રૂપિયા

નાગપુરઃ મહારાષ્ટ્ર વિધાનસભાએ શુક્રવારે ૩૩,૭૮૮.૪૦ કરોડ રૂપિયાની પૂરક માગણીઓને મંજૂરી આપી હતી, જેમાં રાજ્ય સરકારની મુખ્ય યોજના 'મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના' માટે ૧૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઈનો સમાવેશ થાય છે.

સોમવારે રાજ્યના કેબિનેટ કક્ષાના પ્રધાન ઉદય સામંત દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલી પૂરક માંગણીઓ ચર્ચા પછી નીચલા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

ગયા બજેટમાં, રાજ્ય સરકારે લાડકી બહેન યોજના માટે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી, જેના હેઠળ ૨.૫ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતી રાજ્યની ૨.૫ કરોડથી વધુ મહિલાઓને માસિક સહાય તરીકે ૧૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં જ કહ્યું હતું કે આ માસિક સહાય બજેટ પછી વધારીને ૨૧૦૦ રૂપિયા કરવામાં આવશે.

પૂરક માંગણીઓમાં સિંધુદુર્ગ જિલ્લાના માલવણમાં આવેલા રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના નિર્માણ માટે ૩૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

પાત્ર સાકરની સહકારી ફેક્ટરીઓને માર્જિન મની લોન આપવા માટે ૧,૨૦૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી બલિરાજા યોજના' જેના હેઠળ ખેડૂતોને મફત વીજળી મળે છે, તેને માટે ૩૦૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી) ને ૭૪૯૦ કરોડ રૂપિયા, ઉદ્યોગ, ઊર્જા અને શ્રમ વિભાગ માટે ૪૧૧૨ કરોડ રૂપિયા, જ્યારે નગર વિકાસ વિભાગને ૨૭૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

ગ્રામીણ વિકાસ વિભાગ માટે ૨૦૦૭ કરોડ રૂપિયા, જ્યારે આદિજાતિ વિકાસ વિભાગને ૧૮૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

પૂરક માંગણીઓમાં બજેટ ફાળવણી પછી વધેલા ખર્ચ માટે સરકાર દ્વારા માગવામાં આવતા વધારાના ભંડોળનો સમાવેશ થાય છે. ■

# ચૂંટણી નિયમોનું ઉલ્લંઘનઃ ગડકરીને હાઈ કોર્ટની નોટિસ

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીને બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેન્ચ દ્વારા નોટિસ જારી કરવામાં આવી છે. ગડકરી સતત ત્રીજી વખત નાગપુર લોકસભા સીટ પરથી જીત્યા છે. નાગપુર બેન્ચમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે નીતિન ગડકરીએ આ ચૂંટણી જીતવા માટે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. પિટિશનમાં માગ કરવામાં આવી છે કે નીતિન ગડકરીની ઉમેદવારી રદ કરવામાં આવે અને ફરીથી ચૂંટણી યોજવામાં આવે. આ અરજીને લઈને હાઇ કોર્ટે નીતિન ગડકરીને નોટિસ પાઠવી છે.

નીતિન ગડકરી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નાગપુર મતવિસ્તારમાંથી સાંસદ તરીકે ચૂંટાયા છે. આ ચૂંટણીમાં કોંગ્રેસે ગડકરી સામે વિકાસ ઠાકરેને ઉમેદવાર બનાવ્યા હતા. આ ચૂંટણીમાં ગડકરીને છ લાખથી વધુ વોટ મળ્યા હતા, જ્યારે વિરોધ પક્ષના ઉમેદવારને ચાર લાખથી વધુ મત મળ્યા હતા. ગડકરીએ લોકસભાની ચૂંટણીમાં ૭,૦૦,૦૦૦ મતના માર્જિનથી જીત મેળવી હતી. અરજદારે આ જીત સામે વાંધો ઉઠાવ્યો છે.

વિપક્ષી ઉમેદવારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નીતિન ગડકરીની જીતને પડકારતી અરજી દાખલ કરી છે. બહુજન સ્વરાજ પાર્ટીના ઉમેદવાર એડવોકેટ સૂરજ મિશ્રાએ આ અરજી દાખલ કરી છે. આ અરજી અનુસાર નાગપુર લોકસભા ક્ષેત્રમાં ૧૯મી એપ્રિલે મતદાન થયું હતું. સૂરજ મિશ્રાએ ગડકરીના કાર્યકર્તાઓ પર આ દિવસે મતદાનમથક પર નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. મતદારોને ખાસ સોફ્ટવેર દ્વારા મતદાન મથકની માહિતી આપતી ચિઠ્ઠી આપવામાં આવી હતી જેના પર ગડકરીનો ફોટો હતો.

નિયમો મુજબ મતદાન મથક વિસ્તારમાં ઉમેદવારના નામ સાથેના મતપત્રનું વિતરણ કરી શકાતું નથી. આ કેસમાં અરજદારોએ કેન્દ્રીય ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. અંતે અરજદારે હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો. ■

# મુંબઈ એરપોર્ટ પર ૧૧.૩૨ કરોડનો ગાંજો પકડાયોઃ પ્રવાસીની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૧૧.૩૨ કરોડ રૂપિયાની કિંમતનો ગાંજો પકડી પાડીને પ્રવાસીની ધરપકડ કરી હતી.

બેંગકોકથી ફ્લાઇટમાં ગુરુવારે રાતે મુંબઈ એરપોર્ટ પર આવેલા પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યો હતો. પ્રવાસીના સામાનની તલાશી લેવામાં આવતાં ૧૧.૩૨ કરોડનો ૧૧.૩૨૨ કિલો ગાંજો (હાઇડ્રોપોનિક વીડ) મળી આવ્યો હતો.

પ્રવાસીએ વેક્યુમ સીલ્ડ પ્લાસ્ટિક પાઉચમાં ગાંજો છુપાવ્યો હતો અને તે ટ્રોલી બેગમાં રાખવામાં આવ્યો હતો. કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ ગાંજો જપ્ત કર્યો હતો અને પ્રવાસી વિરુદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.

પકડાયેલો પ્રવાસી નશીલો પદાર્થ કોની પાસેથી લાવ્યો હતો અને મુંબઈમાં તે કોને પહોંચાડવાનો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# વેજ-નોનવેજના આધારે ઘર આપવામાં ભેદભાવ ન કરી શકાયઃ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ કલ્યાણના યોગીધામ વિસ્તારમાં અજમેરા સોસાયટીમાં એક મરાઠી વ્યક્તિને માર મારવાની ઘટના ચર્ચાસ્પદ બની છે. મહારાષ્ટ્રમાં જ મરાઠી લોકો સાથે થઈ રહેલા અન્યાયના મુદ્દે પણ વિધાનસભામાં ચર્ચા થઈ હતી. ૨૦ ડિસેમ્બરે વિધાન પરિષદમાં બોલતા શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા અનિલ પરબે કલ્યાણમાં બનેલી ઘટનાને પગલે મરાઠી લોકોને હેરાન કરવામાં આવી રહ્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ પ્રસંગે પરબે માંસાહારીઓને ઘર ન આપવાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ અંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પોતાનું વલણ સ્પષ્ટ કરે એવી માગણી કરી હતી. આ પછી દેવેન્દ્ર ફડણવીસે ગૃહ સમક્ષ આ મુદ્દે સરકારનું વલણ રજૂ કર્યું હતું.

વિધાન પરિષદમાં બોલતા અનિલ પરબે જણાવ્યું હતું કે કલ્યાણનો કેસ મરાઠી લોકો નોનવેજ ખાઈને ગંદકી કરે છે એ અંગેનો વિવાદ છે. માંસાહારી ખોરાકને કારણે જૈન બિલ્ડરોએ મરાઠી લોકોને ઘર આપવાનું બંધ કરી દીધું છે. મુંબઈ, મહારાષ્ટ્ર અને દેશમાં અમારે શું ખાવું એ કોણ નક્કી કરશે? તેમણે આ અંગે મુખ્ય પ્રધાન પાસે સ્પષ્ટતાની માંગ કરી હતી.

આ દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિપક્ષના એક સવાલનો વિગતવાર જવાબ આપી જણાવ્યું હતું કે 'દરેકને ભાવતું ભોજન ખાવાનો અધિકાર અને સ્વતંત્રતા છે. જો કોઈ સમાજ શાકાહારને પ્રાધાન્ય આપે છે તો તે સમાજ ચોક્કસપણે શાકાહારીઓને સંગઠિત કરી શકે છે, એક યોજના બનાવી શકે છે. જોકે, કોઈને પણ ઘર આપવાનો ઇનકાર કરવાનો અધિકાર નથી. ખોરાકના આધારે ભેદભાવ નહીં ચલાવી લેવાય. જો આવી ફરિયાદો આવશે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.'' ■

# મહિલાની છેડછાડ કરી, સાષ્ટાંગ દંડવત્ કરીને માફી માગવાની ફરજ પાડીઃ ત્રણની ધરપકડ

નાગપુરઃ નાગપુરમાં દલીલ દરમિયાન મહિલાની છેડતી કર્યા બાદ સાષ્ટાંગ દંડવત કરીને તેને માફી માગવાની ફરજ પાડવા બદલ ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. એમઆઇડીસી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે રખડતા શ્વાનને ત્રાસ આપવા બદલ મહિલા સાથે દલીલ કર્યા બાદ વિકાસ બોરકર નામના શખસે તેની છેડતી કરી હતી.

બુધવારે રાતે આ ઘટના બની હતી. મહિલા સાથે દલીલ થયા બાદ વિકાસ ત્યાંથી જતો રહ્યો હતો અને તેના બે મિત્ર સાથે પાછો ફર્યો હતો. તેમણે મહિલા પાસે સાષ્ટાંગ દંડવત કરાવીને તેને માફી માગવાની ફરજ પાડી હતી. આ ઘટના બાદ મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરી વિકાસ બોરકર અને તેના બે મિત્ર રાજેશ મિશ્રા તથા પંકજ બારેકરની ધરપકડ કરાઇ હતી. (પીટીઆઇ) ■

# કુર્લામાં ગેરકાયદે બાંધકામ પર બીએમસીનો હથોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુર્લા (પશ્ચિમ)માં સ્ટેશન બહાર એસ.જી. બર્વે માર્ગ પર તેમ જ કુર્લા રેલવે સ્ટેશનને લાગીને આવેલા રોડ પર રહેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા. ગેરકાયદે બાંધકામને કારણે રાહદારીઓને સ્ટેશન તરફ જવામાં ભારે અડચણ થઈ રહી હતી, તે હવે દૂર થઈ ગઈ છે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો.

પાલિકાના 'એલ'વોર્ડના જણાવ્યા મુજબ કુર્લા સ્ટેશન બહાર સદાશિવ ગોવિંદ બર્વે માર્ગ પર તેમ જ કુર્લા રેલવે સ્ટેશન રોડ પર ૨૫ દુકાનો આવેલી છે. આ દુકાનોની બહાર રહેલી ફૂટપાથ પર મોટા પ્રમાણમાં ગેરકાયદે બાંધકામ ઊભા થઈ ગયા હતા.

દુકાન સામેની ફૂટપાથ પર ગેરકાયદેસર રીતે લાદીઓ બેસાડવામાં આવી હતી અને તેના પર બાંધકામ કરીને તથા ગેરકાયદે રીતે શેડ બેસાડીને ત્યાં બહાર બાંકડા લગાવીને સામાન વેચવામાં આવી રહ્યો હતો. ગેરકાયદે બાંધકામ હટાવવાન કારણે ફૂટપાથ તથા મોટા પ્રમાણમાં રસ્તો ખુલ્લો થઈ ગયો છે, તેથી સવાર અને સાંજના ભીડના સમયે રાહદારીઓને સ્ટેશન સુધી પહોંચવામાં થતી તકલીફ દૂર થઈ હતી. ■

# સોમૈયા યુનિવર્સિટીમાં કૅશ ફોર એડમિશન કૌભાંડઃ જુનિયર ક્લર્કની ધરપકડ

મુંબઈઃ વિદ્યાવિહારમાં આવેલી સોમૈયા યુનિવર્સિટીની ત્રણ કોલેજમાં કૅશ ફોર એડમિશનના રેકેટની તપાસ કરી રહેલી પોલીસે ૪૨ વર્ષના જુનિયર ક્લર્કની ધરપકડ કરી હતી, જેની ઓળખ પંડિત રમેશ કારણકે તરીકે થઇ હતી. પંડિત કારણકેને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેને પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસના કહેવા મુજબ પંડિત કરણકેને ઘાટકોપર પૂર્વમાં એડમિશન ગાઇડન્સ સેન્ટરમાં નિયુક્તિ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના દસ્તાવેજો ચકાસવા અને તેની ખરાઇ કરવાની જવાબદારી પંડિતનો સોંપવામાં આવી હતી.

તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે આરોપી સિનિયર ક્લર્ક અર્જુન રાઠોડ દ્વારા મોકલાયેલા વિદ્યાર્થીઓના બનાવટી અને ડુપ્લિકેટ સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ્સ અને માર્કશીટ પંડિત કારણકેએ ચકાસ્યા હતા અને પ્રમાણિત કર્યા હતા. આમાં પંડિતની ભૂમિકા સામે આવ્યા બાદ શુક્રવારે તેની ધરપકડ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે કૅશ ફોર એડમિશન રેકેટ ચલાવવા બદલ તિલકનગર પોલીસે મહેન્દ્ર વિષ્ણુ પાટીલ, અર્જુન રાઠોડ અને દેવેન્દ્ર સયાદેની ધરપકડ કરી હતી. આરોપીઓએ બોગસ અને ડુપ્લિકેટ લિવિંગ સર્ટિફિકેટ્સ અને માર્કશીટને આધારે ૫૦ વિદ્યાર્થીઓને કોલેજમાં એડમિશન અપાવ્યાં હતાં. આ રેકેટ પ્રકાશમાં આવ્યા બાદ કોલેજના પ્રિન્સિપાલ દ્વારા ફરિયાદ નોંધાવાઇ હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન આરોપીઓએ જે વિદ્યાર્થીઓને એડમિશન અપાવ્યા હતા, તેને કોલેજ વહીવટીતંત્ર દ્વારા રદ કરાયાં હતાં. બીજી તરફ આ રેકેટની તપાસ માટે પોલીસની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી) તૈયાર કરવામાં આવી હતી.

જોકે જ્યાં સુધી એસઆઇટીનો અહેવાલ ન આવે ત્યાં સુધી આ મામલામાં પોલીસ કશું કરશે નહીં અને ત્યાં સુધી ૫૦ વિદ્યાર્થીઓના ભાવિ સામે મસમોટો પ્રશ્નાર્થ ઊભો થઈ ગયો છે અને વાલીઓ મૂંઝવણમાં મુકાઈ ગયા છે. ■



# મંદિર-મસ્જિદના નવા મુદ્દા અસ્વીકાર્યઃ મોહન ભાગવત

પુણેઃ છેલ્લા ઘણા મહિનાઓથી દેશના અલગ અલગ વિસ્તારમાં આવેલી મસ્જિદોની જગ્યાએ અગાઉ મંદિર હોવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે, જેને કારણે રાજકીય માહોલ ગરમાયો છે. ઉત્તર પ્રદેશના સંભલમાં આવા વિવાદને કારણે થયેલી હિંસામાં ચાર યુવકોના પણ મોત થયા હતાં. એવામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે આવા દવાઓ અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

મહારાષ્ટ્રના પુણેમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મોહન ભાગવતે કહ્યું હતું કે અયોધ્યા રામમંદિરના નિર્માણ પછી કેટલાક લોકોને લાગે છે કે તેઓ આવા મુદ્દાઓ ઉઠાવીને હિંદુઓના નેતા બની શકે છે. તેમણે કહ્યું કે આવા નવા વિવાદો સ્વીકાર્ય નથી.

એક સભામાં નિવેદન આપતા મોહન ભાગવતે સર્વસમાવેશક સમાજની હિમાયત કરી હતી. તેમણે કહ્યું કે આપણે દુનિયાને બતાવવાની જરૂર છે કે દેશમાં લોકો સુમેળ સાથે રહી શકે છે. રામકૃષ્ણ મિશનમાં નાતાલની ઉજવણી કરવામાં આવે છે. આ ફક્ત આપણે જ કરી શકીએ છીએ કારણ કે આપણે હિંદુ છીએ. આપણે લાંબા સમયથી સુમેળ સાથે રહીએ છીએ. જો આપણે વિશ્વના આ સદ્ભાવના પ્રદાન કરવા માગીએ છીએ, તો આપણે તેને મોડેલ તરીકે રજૂ કરવાની જરૂર છે.

કાર્યક્રમ દરમિયાન ભાગવતે કહ્યું કે રામ મંદિરના નિર્માણ પછી કેટલાક લોકોને લાગે છે કે તેઓ નવી જગ્યાએ સમાન મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકે છે પરંતુ આ કોઈપણ કિંમતે સ્વીકાર્ય નથી.

મોહન ભાગવતે કહ્યું હતું કે રામ મંદિરનું નિર્માણ એટલા માટે થયું કે તે તમામ હિંદુઓની આસ્થાનો વિષય છે. તેમણે કોઈ ચોક્કસ સ્થળનો ઉલ્લેખ કર્યા વિના કહ્યું કે દરરોજ એક નવા કેસનો વિવાદ ઊભો થઈ રહ્યો છે. આને કેવી રીતે સ્વીકારી શકાય! ભારતે બતાવવાની જરૂર છે કે આપણે સુમેળ સાથે રહી શકીએ છીએ.

કોઈ પણ સમુદાયનું નામ લીધા વગર ભાગવતે કહ્યું કે બહારથી કેટલાક જૂથો તેમની સાથે કટ્ટરતા લાવ્યા છે અને તેઓ ઈચ્છે છે કે તેમનું જુનું શાસન પરત આવે. તેમણે કહ્યું કે હવે દેશ બંધારણ પ્રમાણે ચાલે છે. આ સિસ્ટમમાં લોકો તેમના પ્રતિનિધિઓને ચૂંટે છે, જેઓ સરકાર ચલાવે છે. આધિપત્યના દિવસો ગયા. ■

# શ્રદ્ધા અને સબૂરી રાખોઃ અસંતુષ્ટ વિધાનસભ્યોને એકનાથ શિંદેની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભા ચૂંટણીનાં પરિણામો બાદ રાજ્યમાં નવી મહાયુતિ સરકારની રચના કરવામાં આવી છે. રાજ્યમાં એક મુખ્ય પ્રધાન અને બે નાયબ મુખ્ય પ્રધાન સાથે ૩૯ પ્રધાનો પણ છે. પ્રધાનપદના શપથ લેવાયા હોવા છતાં હજુ આ લોકોને ખાતાની ફાળવણી થઈ નથી. જોકે, તક ન મળવાથી અનેક વિધાનસભ્યો નારાજ છે. એવું ચર્ચાઈ રહ્યું છે કે મહાયુતિમાં ત્રણેય ઘટક પક્ષોના ઘણા વિધાનસભ્યો પ્રધાનપદ ન મળવાથી નારાજ છે. તેવી જ રીતે શિવસેના (એકનાથ શિંદે) પાર્ટીના કેટલાક વિધાનસભ્યોએ જાહેરમાં નારાજી વ્યક્ત કરી છે. વિજય શિવતારે અને પ્રકાશ સુર્વેએ પણ નારાજગી વ્યક્ત કરી છે. આ બધા વચ્ચે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પોતાના નેતાઓને શ્રદ્ધા અને સબૂરી રાખવાની સલાહ આપી હતી. 'પદો આવે છે અને જાય છે. જે વિધાનસભ્યોને પ્રધાનપદ આપવામાં આવ્યું છે તેમની પાસે ક્ષમતા છે અને જેમને નતી અપાયું તેમની ક્ષમતા નથી એમ કહેવાનું કોઈ કારણ નથી. આપણી સંખ્યા વધી ગઈ છે, કેટલીકવાર કેટલાક લોકોએ શ્રદ્ધા અને સબૂરી રાખવી પડે છે. જે વિધાનસભ્યોને પ્રથમ તબક્કામાં પ્રધાન નથી બન્યા, તેઓ પાર્ટી અને સંગઠન માટે કામ કરશે. તેમને બીજા તબક્કામાં તક આપવામાં આવશે.

પહેલા તબક્કામાં પ્રધાન બનેલા બીજા તબક્કામાં પાર્ટી માટે કામ કરવાનું કહેવામાં આવશે. આ રૂટિન છે. આ કામ કરવાની રીત છે,' એમ એકનાથ શિંદેએ નારાજ વિધાનસભ્યોને સંદેશ આપતાં શુક્રવારે કહ્યું હતું. 'વિજય શિવતારે આવ્યા અને મને કહ્યું કે મારે એકનાથ શિંદેના વિશ્વાસુ સાથીના પદ સિવાય બીજું કોઈ પદ જોઈતું નથી. આવી રીતે કામ થાય છે. પ્રકાશ સુર્વેએ પણ આવીને મને કહ્યું. નરેન્દ્ર ભોંડેકરે પણ જણાવ્યું હતું, પરંતુ આ લોકો હવે ફરીથી જોરશોરથી કામ કરશે. હવે આપણી જવાબદારી વધી ગઈ છે,' એમ એકનાથ શિંદેએ કહ્યું હતું. પદો તો આવે છે અને જાય છે, પદને બદલે, આપણી જવાબદારી લોકોને સાથે જોડવાની છે. મને શું મળ્યું તેના કરતાં મહારાષ્ટ્રના લોકોને શું મળશે તે વધુ મહત્વનું છે, એમ પણ તેમણે કહ્યું હતું. ■

# રાયગડમાં બસ ઊંધી વળીઃ લગ્નમાં જઇ રહેલા પાંચનાં મૃત્યુ

મુંબઈઃ રાયગડ જિલ્લાના તામ્હિણી ઘાટ ખાતે વળાંક લેતી વખતે ખાનગી બસ ઊંધી વળી જતાં લગ્ન સમારંભમાં જઇ રહેલા પાંચ જણનાં મૃત્યુ થયાં હતા, જ્યારે ૨૭ લોકોને ઇજા પહોંચી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

માણગાંવ પોલીસ સ્ટેશનની હદમાં તામ્હિણી ઘાટ ખાતે શુક્રવારે સવારે ૯.૧૫ વાગ્યે આ અકસ્માત જાધવ પરિવારના સભ્યો તથા અન્ય લોકો શુક્રવારે પર્પલ ટ્રાવેલ્સની બસમાં પુણેના લોહેગાવથી મહાડના બિરવાડી ખાતે જઇ રહ્યા હતા.

દરમિયાન તામ્હિણી ઘાટ ખાતે જોખમી વળાંક લેતી વખતે ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ ઊંધી વળી ગઇ હતી. અકસ્માતમાં ઘવાયેલા ૨૭ લોકોને બસમાંથી બહાર કાઢ્યા બાદ સારવાર માટે માણગાવની ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

# ધુમ્મસમાં બાંદ્રા-વરલી સી-લિંક થયો અદશ્ય!

મુંબઈઃ મુંબઈ શહેર દાયકાઓમાં સૌથી વધુ ઠંડો શિયાળો અનુભવી રહ્યું છે અને શહેરમાં તાપમાનમાં ઘટાડો થતાં હવાની ગુણવત્તા બગડી હોવાનું જણાય છે. તાજેતરમાં, મુંબઈમાં બપોરે પણ હવામાં ધુમ્મસ જોવા મળ્યું છે. હવાની ગુણવત્તામાં ઘટાડો એ ચિંતાનો વિષય છે કારણ કે આસપાસના વિસ્તારમાં દશ્યતા ઓછી થઇ છે. હાલમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૧૮૮ છે, જે શહેરમાં મધ્યમ હવાની ગુણવત્તા દર્શાવે છે, જોકે હવાની ગુણવત્તામાં ઝડપથી ઘટાડો થઇ રહ્યો છે.એક્યુઆઈ સ્કેલ હવાની ગુણવત્તાને ૦-૫૦ થી 'સારી', ૫૧-૧૦૦ થી 'સંતોષકારક', ૧૦૧-૨૦૦ વચ્ચે 'મધ્યમ', ૨૦૧-૩૦૦ વચ્ચે 'નબળી', ૩૦૧-૪૦૦ ની વચ્ચે 'ખૂબ નબળી' અને ૪૦૦ થી વધુ 'ગંભીર' તરીકે વર્ગીકૃત કરે છે.

છેલ્લા પાનાનું ચાલુ

## સંજય રાઉત

પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ટીમ બંગલો ખાતેના અને આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી રહી છે, જેમાં બે શકમંદ મોટરસાઇકલ પર ફરી રહ્યા છે, એવું નજરે પડે છે. બંને શખસ બંગલોની રૅકી કરવા આવ્યા હોવાની શંકા છે.

પોલીસ હવે બંને શકમંદ અને તેમની મોટરસાઇકલની શોધ ચલાવી રહી છે. આ પ્રકરણે હજી કોઇ ગુનો દાખલ કરાયો નથી. હાલ તપાસ ચાલી રહી છે. જો કશું પણ ગંભીર જણાય તો બારીકાઇથી તપાસ શરૂ કરવામાં આવશે, એમ અધિકારીએ કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં વિધાનસભાની ચૂંટણી બાદ શિવસેના અને ભાજપ વચ્ચે યુતિ તૂટી ગઇ ત્યારથી સંજય રાઉત કેન્દ્ર અને રાજ્યમાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકારની આકરી ટીકા કરી રહ્યા છે. (પીટીઆઇ) ■

## પ્રધાનોને ખાતાની

એનસીપીના મોટાભાગના ખાતા અકબંધ રહેશે એવું સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હોવા છતાં જે રીતે વિલંબ થઈ રહ્યો છે તેને લઈને હવે અટકળો વધી રહી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ગૃહ મંત્રાલય પોતાની પાસે રાખશે એ હવે નક્કી માનવામાં આવે છે. મહેસૂલ ખાતું પણ ભાજપ પાસે જ રહેશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને નગર વિકાસ વિભાગની જવાબદારી સોંપવામાં આવશે. આ સિવાય તેમને જાહેર બાંધકામ વિભાગ આપવામાં આવી શકે. જ્યારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને નાણાંની સાથે કૃષિ અને અન્ય મંત્રાલયો આપવામાં આવશે એવું કહેવાય છે. અજિત પવાર અગાઉની સરકારમાં નાણાં પ્રધાન અને પુણેના પાલકપ્રધાનપદે હતા, પરંતુ હવે ભાજપે અજિત પવારને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે હવે બંને પ્રધાનપદ મળશે નહીં. પુણેનું પાલક પ્રધાનપદ અથવા નાણાં ખાતું છોડવું પડશે.

એવું જાણવા મળ્યું છે કે ખાતાની ફાળવણીમાં વિલંબને કારણે અજિત પવાર નારાજ છે. અજિત પવાર નાણામંત્રી પદ માટે આગ્રહ રાખી રહ્યા છે. આ ઉપરાંત તેઓ પુણેનું પાલક પ્રધાનપદ પણ ઈચ્છે છે. ભાજપે અજિત પવારને સ્પષ્ટ કહ્યું છે કે આમાંથી એક જ વિકલ્પ પસંદ કરો. ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રકાંત પાટીલ પુણેના પાલક પ્રધાનપદ માટે ઉત્સુક છે. પુણે જિલ્લો ભાજપ માટે મહત્વપૂર્ણ છે. કારણ કે તેને પશ્ચિમ મહારાષ્ટ્રનો દરવાજો માનવામાં આવે છે, એમ ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું. ખાતાની વહેંચણી માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે, અજિત પવાર વચ્ચે બેઠકોનાં સત્ર ચાલી રહ્યાં છે. એક-બે દિવસમાં તેની જાહેરાત થાય તેવી શક્યતા છે. કેબિનેટ વિસ્તરણ પછી જોવા મળેલી નારાજગીને ધ્યાનમાં રાખીને અત્યારે સાવચેતીથી આગળ વધવામાં આવી રહ્યું છે. વિધાનસભાનું અધિવેશન ચાલુ હોવાથી મોટા ભાગના નવા પ્રધાનોના ટેકેદારો-સમર્થકો નાગપુરમાં હાજર છે ત્યારે ખાતાની ફાળવણી જાહેર કરીને તેમની નારાજી વહોરી લેવાનું યોગ્ય લાગતું નથી. આથી જ હવે વિધાનસભાના ચોમાસુ સત્રના અંત પછી મુંબઈમાં ખાતાઓની વહેંચણીની જાહેરાત કરવાનો ઈરાદો છે. જો તેમ થશે તો અસંતુષ્ટ લોકોને પ્રતિક્રિયા આપવા માટે વધુ સમય મળશે નહીં, સત્તામાં રહેલા ત્રણેય અગ્રણી નેતાઓનો આવો જ મત છે. આથી હવે ખાતાની વહેંચણી રવિવારે કે સોમવારે મુંબઈમાં થઈ શકે એવી શક્યતા જણાઈ રહી છે.

## ધારાવીનું રિડેવલપમેન્ટ

૨૦૧૮નું ટેન્ડર રદ કરી દીધું હતું અને વધારાની શરતો સાથે ૨૦૨૨માં નવું ટેન્ડર બહાર પાડ્યું હતું.

સેકલિંક ટેક્નોલોજીઓએ સૌ પ્રથમ ૨૦૧૮ના ટેન્ડરને રદ કરવાના અને ત્યારબાદ અદાણી જૂથને ૨૦૨૨નું ટેન્ડર આપવાનું નિર્ણયને પડકાર્યો હતો. તેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે નવું ટેન્ડર અદાણી જૂથને અનુકૂળ રહે એ રીતે તૈયાર કરવામાં આવ્યું હતું.

### ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની તવારીખ

૨૮મી નવેમ્બર, ૨૦૧૮: ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી)ના ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં.

ત્રીજી નવેમ્બર, ૨૦૧૯: મહારાષ્ટ્ર સરકારે માહિમ-માટુંગા રેલવેની ૪૫ એકર જમીનને સમાવેશ કરતું એમઓયુ સહી કર્યું.

૮મી માર્ચ, ૨૦૧૯: સીઈઓ ડીઆરપી/એસઆરએએ સેકલિંક કન્સોર્શિયમને એક પત્ર લખ્યો કે તેઓ આ કેસમાં પસંદગીના બિડર છે.

૧૬મી જૂન, ૨૦૧૯: રાજ્ય સરકાર એડવોકેટ જનરલ (એજી)નો અભિપ્રાય માગ્યો કે શું રેલવેની જમીનનો સમાવેશ ટેન્ડરની શરતોને અનુરૂપ સામગ્રી છે કે નહીં.

૨૫મી ઓક્ટોબર, ૨૦૧૯: એજી આશુતોષ કુંભકોનીએ એવું જણાવીને પોતાનો અભિપ્રાય આપ્યો હતો કે રેલવેની જમીનનો સમાવેશ ટેન્ડર શરતોમાં ભૌતિક ફેરફારની રચના કરે છે, જેથી નવી બિડ મગાવવાની જરૂર છે.

૨૭મી ઓગસ્ટ, ૨૦૨૦: સેક્રેટરિયેટની કમિટિ (સીઓએસ)એ એજીએ કરેલી ભલામણને સ્વીકારી હતી અને કેબિનેટને ૨૦૧૮ના ટેન્ડરને રદ કરવાની સલાહ આપી હતી.

૨૯મી ઓક્ટોબર, ૨૦૨૦: ઉદ્ધવ ઠાકરેની કેબિનેટે કમિટીની સલાહને માન્ય રાખીને ૨૦૧૮ના ટેન્ડરને રદ કર્યું હતું.

પાંચમી નવેમ્બર, ૨૦૨૦: રાજ્ય સરકારે એક જીઆર બહાર પાડીને ૨૦૧૮ના ટેન્ડરને રદ કરવાનું સ્પષ્ટ કર્યું હતું અને ધારાવી માટે નવી બિડ માટેની જાહેરાત કરી હતી.

૨૪મી નવેમ્બર, ૨૦૨૦: સેકલિંકે રાજ્ય સરકારના નિર્ણયને બોમ્બે હાઈ કોર્ટમાં પડકાર્યો હતો.

૧લી ઓક્ટોબર, ૨૦૨૨: મહાયુતિ સરકારે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે નવાં ટેન્ડર બહાર પાડ્યાં હતાં.

૧૫મી નવેમ્બર, ૨૦૨૨: ટેન્ડર ખોલવામાં આવ્યાં હતાં અને એમાં અદાણી પ્રોપર્ટીઝ પ્રા. લિ. (એપીપીએલ)ની બિડર તરીકે પસંદગી કરવામાં આવી હતી.

૨૪મી ડિસેમ્બર, ૨૦૨૨: કેબિનેટે અદાણી કંપનીને ધારાવીના બિડ માટે મંજૂરી આપી હતી.

૧૭મી જુલાઈ, ૨૦૨૩: કંપનીને કામ સોંપવામાં આવ્યું હતું.

૧૮મી જુલાઈ, ૨૦૨૩: સેકલિંકે તેની પિટિશનમાં એપીપીએલને પાર્ટી બનાવી હતી અને બોમ્બે હાઈ કોર્ટે તેને માન્ય કર્યું હતું.

૨૦મી ડિસેમ્બર, ૨૦૨૪: સેકલિંકની પિટિશનને હાઈ કોર્ટની જસ્ટિસ ડી.કે. ઉપાધ્યાય અને જસ્ટિસ અમિત બોરકરની બનેલી ખંડપીઠે ફગાવી દીધી હતી. (પીટીઆઈ) ■

# જૈન મરણ

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) સ્વ. જસવંતીબેન રસીકલાલ પરસોત્તમ સુરચંદ શાહના સુપુત્ર જ્યોતિન્દ્ર શાહ (ઉં.વ. ૮૩) તે માલવીકાના પતિ. હીરેન, અર્ચનાના પિતા. સૌ. મીનલના સસરા. તે નીનાબેન જીતેન્દ્રભાઈ, જ્યોત્સનાબેન સ્વ. કિર્તીભાઈ, અરુણાબેન પ્રકાશભાઈ, હેમેન્દ્ર, સ્વ. નીતાબેન વીરેનભાઈ, સ્વ. દીપકના મોટાભાઈ. રંભાબેન મનસુખલાલ શેઠના જમાઈ તા. ૧૭-૧૨-૨૪, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થા. જૈન**

મોટા ટીંબલા નિવાસી (હાલ કાંદિવલી) સ્વ. કાંતાબેન શાંતિલાલ ચીમનલાલ તલસાણીયાના સુપુત્ર રમેશભાઈ (ઉં. વ. ૬૯) તા. ૧૯-૧૨-૨૪ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે વિણાબેનના પતિ. હાર્દિક તથા રિમ્પલ પ્રશાંતકુમાર દેસાઈના પિતાશ્રી. નિર્મળાબેન મહેન્દ્રકુમાર ભાલાણી, પંકજભાઈ, ભરતભાઈ, દિપકભાઈ તથા સ્વ. રાજેશભાઈના મોટાભાઈ. તે શ્વસુર પક્ષે સ્વ. ધીરજલાલ મગનલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૨-૨૪ના રવિવારે ૩ થી ૫. સ્થળઃ પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ.

**દશાશ્રીમાળી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન**

ચિતલ નિવાસી હાલ પુના, સ્વ. પ્રવીણભાઈ મહેતા તે સ્વ. સમરતબેન ત્રંબકલાલ મહેતાના પુત્ર (ઉં. ૮૭) તા. ૨૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પત્ની ભારતીબેન મહેતા. પુત્ર સંજય. પુત્રી હિના પિયુષભાઈ મગિયા, ડૉલી યશભાઈ કામદાર. તેઓ સ્વ. અનંતરાય, સ્વ. તારાચંદભાઈ, સ્વ. રસિકભાઈ, ધીરૂભાઈ મેહતા, સ્વ. મધુબેન મહાસુખભાઈ દેસાઈના ભાઈ. શ્વસુર પક્ષે મુંબઈ નિવાસી સ્વ. સાકરચંદ જગજીવનદાસ જસાણીના જમાઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના માતુશ્રી મણીબેન ડુંગરશી લાલન (ઉં.વ. ૯૪) તા. ૧૯-૧૨-૨૪ના મુંબઈમાં અવસાન પામ્યા છે. દેવકાબેન ગાંગજી નાંગશીના પુત્રવધૂ. ડુંગરશી ગાંગજી (ગોવર)ના પત્ની. સીએ સંજીવ, મનીષના માતાજી. બિદડા મમીબાઈ મેઘજી માલશીના સુપુત્રી. પુરબાઈ લક્ષ્મીચંદ દેવશીના બેન. પ્રાઃ યોગી સભાગૃહ દાદર (સે.રે.). ટા.સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦. નિ : સીએ સંજીવ ડુંગરશી લાલન. ૮૦૨/૮૬૫ સદાનંદ એપાર્ટમેન્ટ, એન.એમ. કાલે માર્ગ, અગર બજાર, દાદર (વેસ્ટ).

કોડાય/હાલે પૂનાના ચંદ્રીકા વેણીકલાલ ગોગરી (ઉં.વ. ૭૨), તા. ૧૯/૧૨/૨૪ના અવસાન પામ્યા છે. ગોમીબાઈ મગનલાલ ભવાનજીના પુત્રવધૂ. વેણીકલાલના પત્ની. ડિમ્પલ, દિપેનના માતુશ્રી. ભોજાયના કુંવરબાઈ વીરજી મેઘજી ગાલાના સુપુત્રી. સ્વ. હસમુખ, જયપ્રકાશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપેન ગોગરી, પારૂદત્ત : ૯, દાંગત પાટીલ નગર, એન.ડી.એ. રોડ, શિવને, પૂના-૪૧૧૦૨૩.

નાના ભાડિયાના મોરારજી દેઢિયા (ઉં.વ. ૮૩) તા. ૧૮/૧૨/૨૪ના અવસાન પામેલ છે. હીરબાઇ ખેરાજ વેરશીના પુત્ર. સુશિલાના પતિ. ભરત, કેતનના પિતાશ્રી. લક્ષ્મીબેન, જેન્તીલાલ, જેવંતી, અરવિંદ, શાંતીલાલના ભાઇ. ભુજપુરના સુંદરબેન રવજી દેવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મોરારજી ખેરાજ, બી/૨, વૃશાલી એપાર્ટમેન્ટ, આગરકર રોડ, ડોંબિવલી (પૂર્વ).

કારાઘોઘાના માતુશ્રી પન્નાબેન પોપટલાલ શાહ (શેઠિઆ) (ઉં.વ. ૮૦), તા. ૧૫/૧૨/૨૪ના કચ્છમાં અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પૂરબાઈ લવજી મુલજીના પુત્રવધૂ. ગામ સમાઘોઘાના દેવકાંબેન રાયશી કોરશી સંઘોઈના સુપુત્રી. પુણ્યશ્લોકી પોપટલાલ લવજીના ધર્મપત્ની. નિલેશ અને ગામ લુણીના રેખાના માતુશ્રી. સમાઘોઘાનાં રતનશી રાયશી, મોરારજી રાયશી, ભોરારાના કેસરબેન વશનજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામુંઃ નિલેશ શાહ, એફ ૭, વિવેક સોસાયટી, સાઈનાથ નગર રોડ, ઘાટકોપર- વેસ્ટ.

નાના ભાડીયાના બાલ બ્રહ્મચારી કુ. વર્ષા ગાંગજી છેડા (ઉં.વ. ૫૧) ૧૮/૧૨/૨૪ના અરિહંતશરણ પામ્યા છે. રતનબેન ગાંગજી છેડાની સુપુત્રી. મોરારજી, ખીમજી, જયંતિ, ઉત્તમ, વીણાના બેન. ભચાઉના પરમાબાઈ લખમશી ગાંગજીના દોહિત્રી. પ્રા : શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. ઉત્તમ છેડા : બી/૭૦૪, શાંતિનાથ દર્શન, એલ.ટી. રોડ, દહીંસર (પૂર્વ).

મોટી ખાખરના રમણીકલાલ ધનજી દેઢીયા (ઉં.વ. ૮૨) તા. ૨૦/૧૨/૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન ધનજીના પુત્ર. મુક્તાબેન (મંજુલા)ના પતિ. સ્વ. ધર્મેશના પિતા. જયંતી, નવીન, શાંતીલાલ, વસંત, નેમજી, દેશલપુરના લક્ષ્મીબેન હીરજી વીરા, વડોદરાના સરસ્વતી હીરાલાલ શાહ, માણસાના સરલા બચુભાઇ પંડ્યાના ભાઇ. મોટા લાયજાના જેતબાઇ કેશવજી વિરજી છેડાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિવાસ : રમણીકલાલ દેઢિયા, ૧/૭ સંતોષીનગર, વિલેજ રોડ, ભાંડુપ (વેસ્ટ).

કપાયાના માતુશ્રી દમયંતીબેન દેવજી સંઘવી (ઉં.વ. ૭૯) તા. ૧૮/૧૨/૨૪ના અવસાન પામેલ છે. સ્વ. દેવજી જેઠાના પત્ની. મેઘબાઇ જેઠા રાયશીના પુત્રવધૂ. કેતન, મનિષા, હિરેનના માતુશ્રી. સાડાઉના કુંવરબાઇ રતનશી આસગના સુપુત્રી. દેવજી, ભાગવંતી, જયવંતીના બેન. પ્રાર્થનાસભા : યોગી સભાગૃહ, પહેલે માળે, દાદર-ઇ. ટા. ૪ થી ૫.૩૦. ઠેકાણું : હિરેન દે. સંઘવી, સી/૧૩૦૪, ભવાની કો., દાદર-વે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ કાંદિવલી નાગરદાસ વિરજીભાઈ શાહ (દલાલ)ના પુત્ર બચુભાઈ (ઉં.વ. ૮૪) ૧૮/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. દિલીપ, રાજેશ, પ્રકાશ, રાકેશ, ભાવના ધર્મેન્દ્રકુમાર ઉનાવાળાના પિતાશ્રી. નીલા, સોનલ, મનીષા, જીજ્ઞાના સસરા. ખુશ્બુ, જિમિતકુમાર, રીચા પલક, જીમિત, જેનિલ, દીપ, આર્યન, મહેક અને ધ્યેયના દાદા. શ્વસુરપક્ષે મહુવા નિવાસી હાલ પારલે મહેતા જેઠાલાલ માણેકચંદના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. દિલીપ બી. શાહ ડી/૧૭, ૧૮ શિવદર્શન, એસ.વી.પી ગાર્ડનની સામે, એસ.વી.પી રોડ શંકરલેન, કાંદિવલી-વે.

**ઝાલાવાડી મૂર્તિપૂજક જૈન**

લીમડી નિવાસી હાલ કાંદિવલી સ્વ. કાંતાબેન કોઠારી (ઉં.વ. ૯૬) તે સ્વ. જસવંતલાલ ચુનીલાલ કોઠારીના ધર્મપત્ની. બિંદુબેન અશ્વિનભાઈ શાહ, વર્ષાબેન જીતેન્દ્રભાઈ તુરખીયા, રીટાબેન રમેશભાઈ તેલંગના માતુશ્રી તા. ૧૯-૧૨-૨૪, ગુરૂવારના અરિહંતશરણ પામ્યા છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

બાબુભાઈ ભીમજીભાઈ શાહ તથા પરમાણદભાઈ શાહના ભાઈ નવનીતરાઈ ભીમજીભાઈ શાહ (દેવગાણાવાળા)ના ધર્મપત્ની હસુમતીબેન (હીરાબેન) (ઉં.વ. ૮૫) તા. ૨૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે દીપકભાઈ, રાકેશભાઈ તથા હર્ષાબેન દિનેશકુમાર, નયનાબેન મહાસુખભાઈ, હિનાબેન પ્રવીણકુમાર, જયશ્રીબેન હરેશકુમાર, માયાબેન ચંદ્રકાંત, હેમાબેન જતિનકુમર, તૃપ્તિબેન પ્રફુલકુમાર, ભારતીબેન કેતનકુમારના માતુશ્રી. જીનલ તથા અર્પિતાના સાસુ. પિયરપક્ષે શાહ વાલજીભાઈ ન્યાલચંદભાઈ (ટાણાવાળા)ના દીકરી. તે રમણીકભાઇ વિનુભાઈ સ્વ. વિમળાબેન જયાબેનના બહેન. લૌકીક વ્યવહાર રાખેલ નથી. ૫૦૩' દહિસર પરીખ એપાર્ટમેન્ટ, આદિનાથ જિનાલય સામે, એસ વી રોડ, દહિસર ઈસ્ટ.

# પારસી મરણ

મહેર્દદ ફરદુન પર્વરેશ (ઉં.વ. ૭૧) તા. ૧૯-૧૨-૨૦૨૪એ ગુજરી ગયા છે. તે શિરીનઝાબન અને ફરદુનના દીકરા. શહઝાદ પર્વરેશ, રોશન, મેહેરન, સીમા, ફરાહનાઝ, મરહૂમ સર્વર, મરહૂમ મેહેરંગીઝના ભાઈ.

પરવીઝ માનેક હોડીવાલા તે મરહુમ માનેક હોડીવાલાના વિધવા. તે મરહુમ રૂસ્તમ દેશાઈના દીકરી. તે મરહુમો પરવીઝ, હોમી, જરથોશ, નાદર, પીલુ, ખોરશેદ ને ગુલના બહેન. તે બેહરામ, સરોશ ને રોશનીના માસી. (ઉં. વ. ૯૩) રે.ઠે. "અહુરામઝદા" પ્લોટ નં. ૩, રોડ નં. ૩, શ્રેયાસ હોસ્પિટલની નજીક, સેક્ટર ૧૯, નવી પનવેલ- ૪૧૦૨૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૧૨-૨૦૨૪ ને સવારે ૦૪:૪૦ કલાકે મુંબઈ ડુંગરવાડીની સગડી પર પાછલી રાતનું ચારમ.

જરૂ માનેક પટેલ તે મરહુમ માનેક શાપુરજી પટેલના વિધવા. તે મરહુમો ડોલી તથા અરદેશર પેસ્તનજી રાવજીના દીકરી. તે ઝુબીન ને પરીઝાદના મમ્મી. તે એલન મછાડોના સાસુજી. તે આરમયતી હોશંગ મેહતા તથા મરહુમો અસ્પી અરદેશર રાવજી ને આશતાદ અરદેશર રાવજીના બહેન. તે ઝયાનના મમયજી. (ઉં. વ. ૭૨) રે.ઠે. કેપ્ટન કોલોની, ઈ-૧૧, જીનવાલા બિલ્ડીંગ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૧૨-૨૪ને બપોરે ૦૩:૪૦ કલાકે તારદેવ મધે કપાવાલા અગ્યારીમાં.

મની જમશેદ વાડીયા તે મરહુમ જમશેદ અદલજી વાડીયાના ધણિયાણી. તે મરહુમ માણેકબાઈ અને કાવસશા જહાંગીરજી ભરૂચા તે રૂસ્તમના મમા. તે પૌરૂચિશ્તીના સાસુજી. તે દેલનાના બપઈજી. તે મરહુમો મહેરબાઈ તથા એદલજી કાવસજી વાડીયાના વહુ. તે મરહુમો ડીસુ તથા નોશીર બરજોર શેઠનાના વહેવાણ. ઉં. વ. ૮૬) રે.ઠે. બંગલો નં. ૧૭, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી વેસ્ટ, મુંબઈ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ શનિવાર, તા. ૨૧-૧૨-૨૪ના રોજ બપોરે ૦૩:૪૫ કલાકે, માલકમ બાગ, જોગેશ્વરી, મુંબઈ.

# હિન્દુ મરણ

**મેઘવાળ**

ગામ કરદેજ, ભાવનગર, હાલ મુંબઈ (વાલપખાડી)ના રહેવાસી ભાણજી મુળજી રાભડિયા, ઉં ૭૮ વર્ષ, તારીખ ૧૧-૧૨-૨૦૨૪ના રોજ શ્રીરામ ચરણ પામ્યા છે. તેઓ ગં.સ્વ. ગલાલબેન અને સ્વ. મુળજી પીઠાભાઈ રાભડિયાના પુત્ર, કંકુબેનના પતિ, નરેશ, દીપક, જીતેન્દ્ર, ગીતા, લલીતાના પિતાજી, પૂજાબેન, કાંતિલાલ બેચર પટેલના સસરા, સ્વ. માધવજી, સ્વ. હરીશ, સ્વ. પાલુબેન પ્રેમજી પારઘી, હીરાબેન મંગેશ બોરીચા, જીવીબેન મુળજી રાભડિયા, પુષ્પાબેન દિલીપ ગિલાતર, દીનાબેન રમેશ ડાયમાના ભાઈ, સિદ્ધાર્થ, કાજલ, રોહિત પારઘી, અભિષેકના દાદાની બારમાની વિધી-શોકસભા અને સંખ્યાઢોળ પાટ રવિવાર ૨૨-૧૨-૨૦૨૪ના રોજ સાંજે ૦૫ કલાકે તેમનાં નિવાસસ્થાન વાલપખાડી ખાતે રાખવામાં આવ્યો છે.

**કચ્છ કડવા પાટીદાર**

ગામ ઉખેડા કચ્છ. હાલે મુંબઈ પટેલ પ્રવિણાબેન દિનેશભાઈ મનજી સાંખલાના સુપુત્ર જગદીશભાઈ (ઉં.વ. ૪૫) તા. ૧૯-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. હરેશભાઈ, મીનાબેનનાં નાનાભાઈ. પૂજાબેનના દિયર. હેમાંગી અને દેવલના પિતા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૩-૧૨-૨૪ ૪.૦૦થી ૫.૩૦. શ્રી ક. ક. પાટીદાર વાડી, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે).

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

ધંધુકા નિવાસી સ્વ. વીરજીભાઈ છગનલાલ પરમારના સુપુત્ર શ્રી પ્રવિણચંદ્ર પરમાર (ઉં.વ. ૭૯) તા. ૧૮-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. હર્ષ, સુરુચિ અને શ્વેતાના પિતાશ્રી. સૌ. ડિમ્પલના સસરા. કુમારી કીર્તિદાબેન, સ્વ. લીલાબેન, સ્વ. મીતાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૨-૨૪ રોજ ૪થી ૬. લાડ-ની-વાડી, ૨૬-એ, વી.પી. રોડ, સી.પી. ટેન્ક સર્કલ, ચર્ની રોડ નજીક, ભુલેશ્વર, મુંબઈ. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**દશા લાડ વણિક**

મુંબઈના સ્વ. પુષ્પાવતીબેન, સ્વ. ચંપકલાલ છગનલાલ કણિયાના પુત્ર કિશોરભાઈ (ઉં.વ. ૮૫) તે રંજનબેનના પતિ. દિલેશ, સ્વાતિના પિતા. સ્વ. કબુબેન, સ્વ. ઠાકોરદાસના જમાઈ. સ્વ. કુમુદબેન, નિરંજનાબેન, સ્મિતાબેનના ભાઈ. કવિતા, આનંદના સસરા. કેવિનના દાદા. તા. ૧૯મી ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌ. વ્યવહાર બંધ છે. પ્રાર્થનસભા રાખેલ નથી.

**ખડાયતા વૈષ્ણવ વણિક**

વસોવાળા સ્વ. નટવરલાલ ગોરધનદાસ શાહના સુપુત્ર રાજેશના ધર્મપત્ની મિનાબેન (ઉં.વ.૬૮), તે તુલસીના માતા. ભાવીશના સાસુજી. તે નીતિન, સુનીલના ભાભી ગુરુવાર, તા. ૧૯-૧૨-૨૪ને ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૧-૧૨-૨૪ના ૧લે માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કંપાઉન્ડ, વી.પી. રોડ, વિલેપાર્લા (વેસ્ટ). ૪.૩૦થી ૬.૩૦.

**કચ્છી લોહાણા**

શારદાબેન શંકરલાલ (રાઘવજી) ચોથાણીના પત્ની (ઉં.વ. ૯૨) તે લક્ષ્મીબેન પ્રધાનના પુત્રવધૂ. સ્વ. હાસબાઈ નારાણજી અરોડાના સુપુત્રી. રાજેશ જયેશ, મહેશના માતોશ્રી. કવિતા, દિપા, ભાવનાના સાસુમા. પ્રિયા જીનેન ઠક્કર કોમલ અનુપ વનારસે, લિના નિશાંત રૂપારેલ અને પ્રસાદ તથા સૌ. સિદ્ધી આકાશના દાદીમા. તેમજ કાંતાબેન લક્ષ્મીદાસ રવારિયા અને સ્વ. રવજીભાઈ, કનકશેનભાઈના ભાભી. તા. ૧૯-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપડવંજ દશા શ્રીમાળી વણિક**

દિનેશ શાહ (ઉં.વ. ૭૮) તે અ.સૌ. તારાબેન મફતલાલ શાહના પુત્ર. ગીતાબેનના પતિ. દિપાલી, ઝરણાંના પિતાશ્રી. સત્યેન અને કાર્તિકના સસરા. જુહી, કહાન, ક્રિશાનના નાના ગુરુવાર, તા. ૧૯-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૧-૧૨-૨૪ ૫થી ૭. વનિતા વિશ્રામ સ્કૂલ હોલ, એસ.વી.પી. રોડ, હરકિશન હોસ્પિટલની બાજુમાં, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

**કચ્છી દશા શ્રીમાળી વણીક**

કચ્છ માંડવી નિવાસી હાલ મુલુંડ સ્વ. વ્રજલાલ ભગવાનજી મહેતાના ધર્મપત્ની દીના મહેતા (ઉં. વ. ૭૫) તા. ૧૮-૧૨-૨૪ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દેવેન, વિપુલ, સ્વાતીના માતુશ્રી. જીગ્ના અને પ્રણવના સાસુ. રાજવી, વિરાજના દાદી. ક્રીશાના નાની. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૨-૨૪ને શનિવારે ૪-૬. સ્થળઃ ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ.)

**પરજીયા સોની**

અ.સૌ. નીલાબેન ચોક્સી (લુવાર) (ઉં.વ. ૮૬) તે તળાજાવાળા હાલ વિરારના જમનાદાસ અરજણભાઈ ચોકસીના ધર્મપત્ની. સ્વ. ગીરધરલાલ રાણીગભાઈ ધકાણના દીકરી. અજય, ઉદય, અલકા વિજય જગડા, માધવી હસમુખ સલ્લાના માતુશ્રી. ચેતનાના સાસુ. કશ્યપ, કિંજલ જીગર રૂપારેલ, બીની વિનીત સાંગાણી, ભક્તિ ભાવિન કેનિયા, અમિત તથા ધર્મેશના બા. ૧૭/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧/૧૨/૨૪ના ૫ થી ૬. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

ભાણવડ નિવાસી હાલ બોરીવલી ગં.સ્વ. ઉષાબેન તથા સ્વ. ભગવાનદાસ નારણદાસ માણેકના પુત્ર મનોજભાઈ માણેક (ઉં.વ. ૫૯) તે રીનાબેનના પતિ. વીદિતી તથા નિતીના પિતા. પારૂલ અનિલભાઈ ઠકરાર, મનીષા શીતલભાઈ ઓસાનીના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ચંપાબેન હીરાલાલ ઈશ્વરલાલ પુજારાના જમાઈ. તા. ૧૯/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૧/૧૨/૨૪ના ૪ થી ૬. વર્ધમાન સ્થા.જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ જેતપુર હાલ દહીસર ગં.સ્વ. પદ્માબેન શાંતિલાલ મકવાણા (ઉં.વ. ૭૭) ૧૭/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ. શાંતિલાલ ત્રિકમજી મકવાણાના ધર્મપત્ની. દિપક, નીતા, મીરા, દિપાલીના માતુશ્રી. પ્રફુલ્લા, રાજેશ કારેલીયા, રાજેશ સિદ્ધપુરા, કમલેશ કારેલીયાના સાસુ. પિયરપક્ષે ભીખુભાઈ ગોહિલ, સ્વ. અરવિંદભાઈ ગોહિલ, નરેન્દ્ર ગોહિલ, યોગેશ હીરાભાઈ ગોહિલ, જામજોધપુરવાળાના બહેન. નિરાલી આકાશ રાઠોડ અને સિમરન દૈવેશ સિધ્ધપુરાના દાદી, પ્રાર્થનાસભા તા. ૨૧-૧૨-૨૪ના ૫ થી ૭. લુહાર સુથારની વાડી કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિરની પાસે બોરીવલી ઇસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

સ્વ. મનસુખલાલ કપૂરચંદ માંડવીયાના ધર્મપત્ની ગં.સ્વ. ચંપાબેન (ઉં.વ. ૮૮) તે સ્વ. અમરશી જીવાભાઈ ધાબડીયાના દીકરી. સ્વ. મુકેશ, પરેશ, અલકા જયંતકુમાર મુંજયાસરાના માતુશ્રી. જયંતકુમાર, ગં.સ્વ. કવિતા, લતાના સાસુ. સ્વ. ચીમનલાલ, બટુકભાઈ, સ્વ. જસુબેન પ્રભુદાસ સાંગાણીના ભાઈના પત્ની ૧૮/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧/૧૨/૨૪ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**દીવેચા બ્રહ્મક્ષત્રિય**

બોરીવલી નિવાસી કાશીનાથ અમ્રતલાલ દીવેચા (ઉં.વ. ૮૭) તા. ૧૭-૧૨-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. અ.સૌ. હંસાબેનના પતિ. જયેશ, ભાસ્કર અને દિપ્તીના પિતા. ભાવના, ભાવિકા અને આશુતોષના સસરા. પાવન, ધ્રુવ, મીત, હસ્તી અને સુદર્શનના દાદા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૧૨-૨૪ના ૧૦:૦૦ થી ૧૨:૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - બોરીવલી, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાઘરની સામે, બોરીવલી પશ્ચિમ.

**કપોળ**

ચલાલાવાળા હાલ ગોરેગાંવ નિવાસી સ્વ. ત્રિકમલાલ વ્રજલાલ મહેતાના ધર્મપત્ની શાંતાબેન (ઉં.વ. ૯૫) સ્વ. વિનય, ઇલા હેમંતકુમાર, વર્ષા અજયકુમાર, હિતેશ, મીના કેતનકુમાર, માલતી સંજયકુમારના માતુશ્રી. ભામિની, જાગૃતી તથા અંકિતાના સાસુ. રાજુલાવાળા સ્વ. વિઠ્ઠલદાસ થોભણદાસ પારેખની પુત્રી. જીમીત, કુશલ, માનસી તથા દર્શના દાદી. બુધવાર, તા. ૧૮/૧૨/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૧/૧૨/૨૪ના ૫ થી ૭. સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, એસ.વી રોડ, સીટી સેન્ટર મોલની સામે, જવાહર નગર, ગોરેગાંવ વેસ્ટ.

**મોઢાસા એકડા વિશા ખડાયતા (મોદી)**

ગાબટ નિવાસી હાલ બોરીવલી હસમુખલાલ ભગવાનદાસ શાહ તે સ્વ. શ્રીમતી વિમળાબેન શાહના પતિ. નરેન્દ્રભાઇ, આશિષભાઈ અને અ.સૌ. જાહ્નવીબેનના માતાજી. અ.સૌ. બેલા, અ.સૌ. તન્વી, મેહુલકુમારના સસરાજી. ફોરમ, માહી અને ઝલકના દાદા. ખુશી, નિમિત્તના નાના તા. ૧૬ ડીસેમ્બર, ૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૧૨-૨૪ના ૪ થી ૬. સર્વોદય હોલ, ડાયમંડ ટૉકીઝ પાસે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મુલુંડ હાલ વાપી નિવાસી ગં.સ્વ. નિલમબેન(પપિયાબેન) (ઉં.વ. ૮૦) તે સ્વ. નરોત્તમદાસ કે. રાજાના સુપુત્રી. સ્વ. નારણદાસ જીણાભાઇ ખખરના પુત્રવધૂ. સ્વ. ગોવિંદકુમારના ધર્મપત્ની. ચિરાગ, નીરવના માતુશ્રી. જેસલના સાસુમા. ધૈર્ય અને વૃદ્ધિના દાદીમા તા. ૧૮-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વડનગરા નાગર**

સ્વ. અનસુયાબેન અને કનકરાઈના પુત્ર વિશ્વકાન્ત ઝાલા, વૈકુંઠલોક ગમન તા. ૧૯-૧૨-૨૪ના થયેલ છે. સ્વ. પ્રફુલ્લાબેનના પતિ. સ્વર્ગીય ગૌરીશંકર માંકડના જમાઈ. ચિ. કલ્પેશ-જયશ્રીબેન, નેહલ-પારસભાઈ અને ધારિણીના-યજ્ઞેશભાઈ પિતા. સ્વર્ગીય રજનીભાઈ, સ્વર્ગીય રમાબેન અને ચિ. ઉમેશભાઈ, કોકિલાબેન, તરલિકાબેનના ભાઈ. ગ્રાન્ડ ચિલ્ડ્રનઃ- દિવ્ય, પ્રાચી, અદિતિ, જય, શ્રુતિ, યશ, જશ અને ધ્રુવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગામ જામખંભાળિયા હાલ ભિવંડી અ.સૌ. જ્યોતિ (ટીના) (ઉં.વ. ૪૭) તા. ૧૯/૧૨/૨૪ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જયેશ તન્નાના પત્ની. વર્ષા નારાયણદાસ તન્નાના પુત્રવધૂ. ચેતનના ભાભી. પ્રણાલી જયેશના મમ્મી. શાંતિ કુમાર રામદાસ કાપડિયાના દીકરી. કલ્પેશ અને રીટા મહેશકુમાર નથવાણીના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મહુવા નિવાસી હાલ કાંદિવલી સ્વ. રંભાબેન કાલિદાસ મકનદાસ પડીયાના પુત્ર દિનસુખભાઈ (ઉં.વ. ૭૮) તે મનોરમાબેનના પતિ. સ્વ. નિર્મળાબેન હરજીવનદાસ, સ્વ. રમાબેન રમણીકલાલ, સ્વ. નયનાબેન દિલીપકુમાર, સ્વ. જગદીશભાઈ અને પ્રજ્ઞાબેન રાજેશકુમારના ભાઈ. ધર્મેશ, સુનિલ અને મનીષા કેતનના પિતાશ્રી. જાગૃતિ અને અમૃતાના સસરા. અમદાવાદવાળા સ્વ. મનસુખલાલ નરોત્તમદાસ જોગીના જમાઈ તા. ૧૭-૧૨-૨૪ મંગળવારના શ્રીજીચરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૨-૨૪ને શનિવાર ૪.૦૦ થી ૫.૩૦. : લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સ્ટેન્શન્સ રોડ, મંગુભાઇ દત્તાની રોડ, કાંદિવલી (પશ્ચિમ).

**હાલાઈ ભાટિયા**

સ્વ. માલતીબેન તથા સ્વ. માધવદાસ પદમસિંહ કાપડિયાના પુત્ર મધુસૂદન (ઉં.વ. ૬૯) તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રિતીના પતિ. દિવ્ય-હર્ષના પિતા. રાધા-નિયતિના સસરા. ચિ. ધિયાના દાદા. સાસરાપક્ષે ગં.સ્વ. બિંદુબેન હિમ્મતસિહ પેઢાણીના જમાઈ, પિત્રુવંદના તા. ૨૨-૧૨-૨૪ રવિવારે ૫ થી ૭. વાલચંદ હિરાચંદ હોલ, ૪થે માળે, આઈએમસી બિલ્ડીંગ, આઈએમસી માર્ગ, ચર્ચગેટ, મુંબઈ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

વાવડી (તણસા) નિવાસી હાલ વિરાર સ્વ. વિમળાબેન વલ્લભદાસ શાહના સુપુત્ર મનહરલાલ શાહ (ઉં.વ. ૮૬) તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ચિ. પ્રદિપ, ચિ. સુનીલ, અ.સૌ. ભાવના, અ.સૌ. ચેતનાના પિતાશ્રી. અ.સૌ. જયશ્રીબેન, અ.સૌ. અલ્પાબેન, નરેન્દ્રભાઈ, જસ્મીનભાઈના સસરા. સ્વ. કિશોરભાઈ, સ્વ. ધીરજબેન વ્રજલાલ, જવાહરભાઈ, દિનેશભાઈ, દિપકભાઈ, કનુભાઈના મોટાભાઈ. ચિ. રાહુલ, ચિ. વરૂણ, ચિ. યશ, ચિ. કશ્યપ, ચિ. ઝલકના દાદા. તળાજા નિવાસી હાલ અમદાવાદ સ્વ. નારણદાસ નરોત્તમ દોશીના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૩-૧૨-૨૪ના ૪ થી ૬. ધ બનજારા રોયલ બેન્કવેટ હોલ, રૂસ્તમજી ગ્લોબલ સીટી, વિરાર વેસ્ટ.

**લોહાણા**

દીપકકુમાર કોટક (ઉં.વ. ૫૫) તે ઝારસુધડા નિવાસી સ્વ. શિવલાલભાઈ ડાહ્યાલાલ કોટકના પુત્ર. સપનાના પતિ. મીત તથા તુષારના પિતા. સ્વ. મુકેશભાઈ, સુનિતાબેન દિનેશકુમાર પોપટ, પારુલ દિનેશકુમાર ઠક્કરના ભાઈ, તા. ૧૮/૧૨/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૩/૧૨/૨૪ના ૪:૩૦ થી ૫. શ્રી જલારામ મંદિર, ઝારસુખડા, (ઓરિસ્સા) (ભૌતિક વ્યવહાર બંધ છે).

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

વાસુદેવ કનૈયાલાલ જોશી (થાણા નિવાસી મુળ ગામ ધરણગામ) (ઉં.વ. ૮૯) તે સ્વ. વિધ્યાબેનના પતિ. સ્વ. જયંતિભાઈના ભાઈ. સુનિલ-અનિલ-ભાવેશના પિતા. શિતલ- કેતકી -અલ્પાના સસરા. શિવાલી- જીગર- વિનય - વિવેક - રિયાના દાદાજી તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા નિવાસ સ્થાને તા. ૨૨-૧૨-૨૪ રવિવારે ૫ થી ૬. લૌકિક વહેવાર બંધ છે. વાસુદેવ જોશી, ૩૦૨, આકાંક્ષા બિલ્ડિંગ, પ્રશાંત નગર, નૌવપાડા પોલીસ સ્ટેશન, નૌવપાડા, થાણે (વે.).

**વિસા સોરઠિયા વણિક**

બાલાગામવાળા સ્વ. હરિદાસ દયાળ શાહના પુત્ર પ્રવીણચંદ્ર શાહ તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. (ઉં.વ. ૮૪), તે નિશાંત અને વૈશાલીના પિતા. અ.સૌ. દેવાંગીના સસરા. ચી. ધનવીના દાદા. માધવપુરવાળા સ્વ. ગિરધરલાલ વલ્લભદાસ શાહના જમાઈ. સ્વ. દ્વારકાદાસભાઈ, ગુણવંતભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. વસંતબેન, સ્વ. સરોજબેન, સ્વ. કુસુમબેન અને ભારતીબેનના ભાઈ. પ્રાર્થના સભા તા. ૨૨-૧૨-૨૪ના ૪થી ૬ વાગ્યે પાવનધામ, પહેલે માળ હોલ, સચિન તેંડુલકર જીમખાનાની બાજુમાં, કાંદિવલી, મહાવીરનગરમાં રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



# કલ્યાણમાં પડોશીઓના ઝઘડાને લાગ્યો પ્રાંતવાદનો રંગ

**...ને એમાં ફૂટી પડ્યા રાજકારણીઓ, થઇ ગયો મોટો વિવાદઃ શૂ રેક રાખવા અને અગરબત્તી સળગાવવાના મુદ્દાએ મોટું રૂપ લીધુંઃ ઉત્તર ભારતના પણ મહારાષ્ટ્ર સરકારમાં કામ કરતા અખિલેશ શુક્લાએ મરાઠી પરિવારો-દેશમુખ, કવિળકટ્ટે-ને મારવા માણસો બોલાવતા મરાઠી અસ્મિતાને ઠેસ પહોંચી ને થઇ ધમાલ**

મુંબઈઃ મુંબઈ નજીક કલ્યાણ ખાતે મરાઠીઓ અને ઉત્તર ભારતીયો વચ્ચે નજીવી બાબતે તણાવ પેદા થયો હતો. બે પરિવાર વચ્ચે થયેલા અણબનાવ અને ખાસ કરીને મરાઠી માણૂસ પર થયેલા હુમલા બાદ આખા રાજ્યમાં તેનો આકરો પડઘો જોવા મળ્યો હતો. મરાઠીઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા હોવાનું રાજકીય પક્ષો દ્વારા નિવેદન આવ્યાં હતાં. જોકે આ મુદ્દે એટલો ગાજ્યો છે કે તમામ રાજકીય પક્ષોના નેતાઓએ આમાં ઝુકાવીને મરાઠી અસ્મિતાને ઠેસ પહોંચી રહી હોવાનું જણાવ્યું હતું.

કલ્યાણમાં બનેલા બનાવમાં ઘાયલ મરાઠી પરિવારો દેશમુખ અને કવિળકટ્ટેએ આરોપ લગાવ્યો છે કે મૂળ ઉત્તર ભારતના અને મહારાષ્ટ્ર સરકારના અધિકારી અખિલેશ શુક્લાએ તેના પડોશીઓ, મહારાષ્ટ્રીયન પરિવાર સાથે વિવાદ હતો અને જ્યારે અન્ય મરાઠી ભાષી પડોશીઓએ મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે વ્યક્તિ સાત-આઠ જણને લાવ્યો હતો અને તેમના પર હુમલો કર્યો હતો. થાણે જિલ્લામાં બનેલી ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. હવે આ ઘટનામાં રાજકીય પક્ષોએ પણ ઝુકાવ્યું છે. ગુરુવારે બનેલી ઘટનાનો પડઘો વિધાનસભામાં પણ પડ્યો હતો.■

## ખરેખર જફા શું છે?

બનાવ અંગેની માહિતી આપતાં પોલીસે કહ્યું હતું કે વિવાદ કલ્યાણ પશ્ચિમમાં આવેલા યોગીધામ વિસ્તારમાં અજમેરા હાઈટ્સ બિલ્ડિંગમાં રહેતા સરકારી કર્મચારી અખિલેશ શુક્લા અને તેમની બાજુના ફ્લેટ નંબર ૪૦૪માં રહેતા દેશમુખ પરિવાર અને ૪૦૩માં રહેતા વર્ષા કવિળકટ્ટે વચ્ચે થયો હતો.

શુક્લા મહારાષ્ટ્ર ટુરીઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં મેનેજર છે. તેનો પરિવાર ધાર્મિક વિધિ તરીકે તેમના ઘરની બહાર ધૂપ સળગાવે છે. જોકે કવિળકટ્ટે કથિત રીતે આનો વિરોધ કર્યો હતો, કારણ કે આને કારણે તેનાં બાળકો અને વૃદ્ધ માતાને શ્વાસ લેવામાં મુશ્કેલી થતી હતી.

બુધવારે આ અંગે ઉગ્ર દલીલ થઇ હતી. આ બિલ્ડિંગમાં રહેતા અન્ય પડોશીઓ ધીરજ અને અભિજિત દેશમુખે તેમને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પણ આનાથી શુક્લા ગુસ્સે ભરાયા હતા. શુક્લાએ સાત-આઠ જણને બોલાવ્યા હતા, જેને કારણે આ મુદ્દો વધુ વકર્યો હતો.

શુક્લાના પક્ષે કથિત રૂપે દેશમુખ અને કવિળકટ્ટે પર લોખંડના સળિયા અને અન્ય વસ્તુઓ વડે હુમલો કર્યો હતો. આ ઉપરાંત તેઓને મરાઠી હોવાના કારણે અપશબ્દો પણ કહ્યા હતા. હુમલામાં અભિજિતને માથામાં ઈજા થઇ હતી અને હાલમાં તેઓ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે. ■

## અખિલેશ શુક્લાની સ્પષ્ટતા

બે દિવસથી મારા ઘરનું પ્રકરણ જે રીતે વાયરલ થઇ રહ્યું છે એ સંદર્ભે શું થયું એ હું જણાવવા માગું છું, એવું અખિલેશ શુક્લાએ એક વીડિયો દ્વારા જણાવ્યું હતું. એક વર્ષ પહેલાં મેં મારા ઘરનું ઈન્ટિરિયર કરાવ્યું હતું જેમાં બૂટ રાખવાના કબાટને ડાબી બાજુએ રાખવાને બદલે જમણી બાજુએ રાખ્યો હતો. આનો ગુસ્સે મારી આજુ અને બાજુમાં રહેતા દેશમુખ અને કળવિકટ્ટેને હતો. એ કબાટને પાછો જ્યાં હતો ત્યાં રાખો નહીં તો તેને ફેંકી દઈશું, એવી ધમકી તેઓએ મને આપી હતી.

આને કારણે તેઓ દરરોજ મારી પત્નીને ત્રાસ આપી રહ્યા હોવાનું શુક્લાએ જણાવ્યું હતું. બુધવારે બનેલી ઘટના બાદ અખિલેશ શુક્લાએ પોતાની ભૂમિકા માંડી છે. વીડિયોમાં અખિલેશ શુક્લાએ દેશમુખ કુટુંબ પર જ મારપીટ અને ગાળો આપી હોવાનો આરોપ કર્યો છે.

સૌપ્રથમ દેશમુખે તેની પત્નીને ગાળો આપીને તેના વાળ ખેંચ્યા હતા. ત્યાર પછી પત્નીને બચાવવા માટે ઝપાઝપી થઇ હતી, એવું શુક્લાએ જણાવ્યું હતું. આને કારણે હવે નવો વળાંક આવે એવી શક્યતા છે. ■

## અન્યાય સાંખી નહીં લેવાયઃ અજિત પવાર

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે, અમરાઠી વ્યક્તિએ પ્રશાસનમાં તેના ઉચ્ચ હોદ્દાનો દુરુપયોગ કરતું નિવેદન કર્યું હતું જે મરાઠીઓની ઓળખને નબળી પાડે છે. મરાઠીઓને થતો અન્યાય સહન નહીં કરી લેવાય. અમરાઠી વ્યક્તિ દ્વારા મરાઠી પડોશીઓ માટે ખરાબ શબ્દોનો ઉપયોગ કર્યો જે સાંખી નહીં લેવાય.■

## મરાઠી અસ્મિતાનો મુદ્દોઃ એકનાથ શિંદે

કલ્યાણમાં મરાઠી પરિવાર પર થયેલો હુમલો એ ગંભીર બાબત છે. આ મરાઠી અસ્મિતાનો મુદ્દો છે. બાળાસાહેબ ઠાકરેએ મરાઠી અસ્મિતાને બચાવવા માટે મરાઠી અસ્મિતાના માન-સન્માન માટે કર્યો હતો. મરાઠી માણૂસના માન-સન્માન અને તેમની અસ્મિતાને બચાવવા માટે અમારી સરકાર કામ કરશે. ■

## બહારથી આવેલા તમામ મહારાષ્ટ્રદ્વેષી નથીઃ રાજ ઠાકરે

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ કલ્યાણમાં બનેલી ઘટનાને વખોડી હતી અને કહ્યું હતું કે બહારથી આવેલા તમામ લોકો મહારાષ્ટ્રદ્વેષી નથી, અનેક અમરાઠી એવા છે જે અહીંની માટીમાં ભળી ગયા છે. કલ્યાણમાં જે બન્યું એવું જ થોડા દિવસ પહેલાં ગિરગાંવમાં બન્યું હતું. અમારા સૈનિકોએ તેને એ જ જગ્યો પ્રસાદ ચખાડી દીધો હતો. જે લોકો મરાઠીઓની વિરુદ્ધમાં છે તેઓને અત્યારે જ સબક શિખવાડવાની જરૂર છે. મરાઠી માણસો જાગો, નહીં તો એ લોકો તમારા પગની નીચેથી જમીન સેરવી લેશે અને તમે નેસ્તનાબૂદ થઇ જશો. ■

## ભાજપના વિજય બાદ મરાઠી માણૂસ પર હુમલા વધ્યાઃ સંજય રાઉત

મરાઠી ભાષા બોલતા લોકો પર હુમલાઓ ભાજપની સરકાર મહારાષ્ટ્રમાં આવ્યા બાદ વધી ગયા છે. મુંબઈ અને આસપાસના વિસ્તારમાં આવું વાતાવરણ ઊભું થઇ રહ્યું છે, એવું કલ્યાણમાં અમરાઠી દ્વારા મરાઠી પરિવાર પર થયેલા હુમલાની ઘટના બાદ રાઉતે જણાવ્યું હતું. મરાઠી માણૂસ પર હુમલાઓ કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે અને કલ્યાણ તેની શરૂઆત છે, એવું રાઉતે વધુમાં જણાવ્યું હતું. ■


મુંબઈ સમાચાર
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ,
પો. બો. નં. ૬૭૬, મુંબઈ-૧.

**રદ્દી ફાળાના ટેન્ડરો**

તા. ૦૧/૦૧/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ મુદત દરમિયાન ફોરેન, નેપા વિ. ન્યૂઝપ્રીન્ટના ફાળા, સ્વીપીંગ્સ, રીલ એન્ડ અને કોરના વેચાણ માટે અલગ અલગ ક્વોલિટી વાઈઝ ભાવ ભરેલ સીલબંધ ટેન્ડરો મંગાવે છે. માલનો જથ્થો રોજ રોજ ઉપાડવાનો રહેશે અને એ માટે ઉપાડેલ માલનું બિલ દર મહિને આપવામાં આવશે. પરંતુ અઠવાડિયા દરમિયાન ઉપાડેલા માલ પેટે, ઉપાડેલા માલની પૂરેપૂરી કિંમત અઠવાડિયું પૂરું થવાના ૨ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે.

**સીલબંધ ટેન્ડરો ભરવાની છેલ્લી તારીખઃ ૨૮/૧૨/૨૦૨૪**

ટેન્ડર સ્વીકારવાનું કંપનીની મુનસફી પર છે અને કંપની કોઈપણ કારણ જણાવ્યા વગર ઊંચામાં ઊંચું ટેન્ડર કે બીજું કોઈપણ ટેન્ડર સ્વીકારવાનો કે નકારવાનો હક્ક અનામત રાખે છે.

નોંધઃ ટેન્ડર પાસ થયાના ત્રણ દિવસની અંદર રૂા. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર પૂરા)ની સિક્યોરિટી ડિપોઝિટ મુંબઈ સમાચારની ઓફિસમાં જમા કરાવવાની રહેશે.

જનરલ મેનેજર


# અખિલેશ શુક્લા નોકરીમાંથી સસ્પેન્ડઃ મુખ્ય પ્રધાન



નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં એવી માહિતી આપી હતી કે થાણે જિલ્લાના કલ્યાણમાં મરાઠીભાષી પરિવાર પર હુમલો કરવા બદલ એક દંપતી સામે કેસ નોંધવામાં આવ્યો છે અને પુરુષ આરોપીને સરકારી નોકરીમાંથી સસ્પેન્ડ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

પુરુષ આરોપી અખિલેશ શુક્લા મહારાષ્ટ્ર પ્રવાસન વિકાસ નિગમ (એમટીડીસી)ના કર્મચારી છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય અનિલ પરબ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાના જવાબમાં બોલી રહ્યા હતા.

પરબે કહ્યું કે કલ્યાણમાં એક મરાઠી પરિવારના સભ્યો પર અખિલેશ શુક્લા નામના વ્યક્તિએ હુમલો કર્યો હતો, અને તેના પર ચર્ચાની માગ કરી હતી.

નાનકડા મુદ્દે થયેલી દલીલ બાદ, શુક્લાએ મરાઠી પરિવારનું અપમાન કર્યું અને હુમલો કર્યો, જેમાં તેઓ ઘાયલ થયા હતા. શુક્લાએ પીડિતોને કહ્યું હતું કે તે મંત્રાલયમાં કામ કરે છે અને ઘણા મરાઠી કર્મચારીઓ તેની ઓફિસ સાફ કરે છે, એમ પરબે કહ્યું.

અન્ય રાજ્યોમાંથી આવતા લોકો દ્વારા મરાઠી લોકો સાથે ભેદભાવની આવી ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. તેમણે કહ્યું કે, ટ્રેન મુસાફરી દરમિયાન મરાઠી લોકોને હુમલાઓનો સામનો કરવો પડે છે અથવા તેમના ભોજન પસંદગીના આધારે હાઉસિંગ સોસાયટીઓમાં ઘર આપવામાં આવતા નથી.

ભાજપ સત્તામાં આવ્યા પછી મુંબઈ, પુણે, કલ્યાણ અને રાજ્યના અન્ય ભાગોમાં મરાઠી પરિવારોને અન્ય રાજ્યોના લોકો દ્વારા ત્રાસ આપવાના બનાવમાં વધારો થયો છે, એવો આરોપ પરબે લગાવ્યો હતો. શિવસેના (યુબીટી)ના સચિન આહીર, કૉંગ્રેસના ભાઈ જગતાપ, એનસીપી (એસપી)ના શશિકાંત શિંદેએ પણ આ મુદ્દે રાજ્ય સરકાર કાર્યવાહી કરે એવી માગણી કરી હતી. ■

## બે જણની થઇ ધરપકડ

મહારાષ્ટ્રના કલ્યાણમાં શુક્રવારે એક આલીશાન બિલ્ડિંગમાં નાનકડા મુદ્દે થયેલો ગજગ્રાહ મારપીટમાં પરિણમ્યો હતો. પોલીસે આ કેસમાં બે જણની ધરપકડ કરી છે અને એક ડઝનથી વધુ લોકો સામે ગુનો નોંધ્યો છે. ઘટનામાં ઘાયલ વ્યક્તિને સાયન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે, એવું ખડકપાડા પોલીસે જણાવ્યું હતું. થાણે પોલીસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ સંબંધમાં ફર્સ્ટ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો હતો, ત્યાર પછી ગુનો નોંધવામાં આવ્યો હતો. હુમલો, ગંભીર ઈજા પહોંચાડવાનો અને છેડતીનો કેસ નોંધવામાં આવ્યો છે. અમે આ કેસમાં બેની ધરપકડ કરી છે અને વધુ તપાસ ચાલી રહી છે.

## અખિલેશ શુક્લાએ આત્મસમર્પણ કર્યું

મહારાષ્ટ્ર સરકારના કર્મચારી અખિલેશ શુક્લાએ મરાઠી પરિવાર પર હુમલો કર્યો હોવાની ઘટના ઘટ્યા બાદ શુક્લાએ ખડકપાડા પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું હતું. ■

# પવાર કાકા-ભત્રીજો ભેગા થવાના?

મુંબઈઃ શું કાકા અને ભત્રીજો ફરી ભેગા થશે? મહારાષ્ટ્રમાં એનસીપીના બે જૂથના નેતાઓ વચ્ચે વારંવાર બેઠક થયા બાદ આ અટકળ બજારમાં ગરમાવો આવ્યો છે. હાલમાં જ શરદ પવાર જૂથના વિધાનસભ્ય રોહિત પાટીલે અજિત પવાર સાથે મુલાકાત કરી હતી. આ પહેલા એનસીપીના વિધાનસભ્ય શશિકાંત શિંદેએ ડેપ્યુટી સીએમ અજિત પવાર સાથે મુલાકાત કરી હતી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં શરદ પવારનું જૂથ કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સાથે મળીને ચૂંટણી લડ્યું હતું. અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) સાથે જોડાણ કરી મેદાનમાં ઉતર્યું હતું.

ચૂંટણી પરિણામો આવ્યા પછી શરદ પવાર અને અજિત પવારનું જૂથ એક સાથે આવે તેવી ચર્ચા ચાલી રહી છે. અજિત પવાર, એનસીપી સંસદ સભ્ય પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે દિલ્હીમાં શરદ પવારને મળ્યા ત્યારે આ ચર્ચામાં ભરતી આવી હતી. ■

# નેવીના સ્પીડ બોટ ચાલકે નિવેદન નોંધાવ્યું

## સ્પીડ બોટ બેકાબૂ બનતાં જ થયો હતો અકસ્માત

મુંબઈઃ મધદરિયે ઉરણ નજીક એન્જિન ટ્રાયલ વખતે નેવી ડ્રાઇવરે સ્પીડ બોટ પરનો કાબૂ ગુમાવતાં તે પ્રવાસીઓને લઇ જનારી ફૅરી સાથે જોરથી અથડાઇ હતી, એમ દુર્ઘટનામાં ઘાયલ થયેલા નેવીના કર્મચારીએ પોલીસને જણાવ્યું હતું.


આ દુર્ઘટનાની તપાસ કરી રહેલી પોલીસે નેવીના ઘાયલ કર્મચારીનું નિવેદન નોંધ્યું હતું, જે સ્પીડ બોટમાં હાજર હતો. નીલકમલ નામની ફૅરી બુધવારે બપોરે ગેટવે ઓફ ઇન્ડિયાથી પ્રવાસીઓને લઇ એલિફન્ટા ટાપુ જઇ રહી હતી ત્યારે મધદરિયે સ્પીડ બોટ તેની સાથે અથડાઇ હતી, જેને કારણે ફૅરી ઊંધી વળીને ડૂબી ગઇ હતી. આ દુર્ઘટનામાં ૧૪ લોકોનાં મોત થયાં હતાં.

કોલાબા પોલીસ સ્ટેશનની ટીમે નેવીના ઘાયલ કર્મચારી કર્મવીર યાદવનું આ પ્રકરણે નિવેદન નોંધ્યું હતું, જેની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

કર્મવીર યાદવના જણાવ્યા અનુસાર મધદરિયે નેવીની સ્પીડ બોટના એન્જિનનું ટ્રાયલ ચાલી રહ્યું હતું ત્યારે ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને તે પ્રવાસીઓથી ભરેલી ફૅરી સાથે અથડાઇ હતી. પોલીસ ટીમે દુર્ઘટનાગ્રસ્ત બોટનું નિરીક્ષણ પણ કર્યું હતું. (પીટીઆઇ)■

# ગેરકાયદે બાંધકામ માટે બે કરોડની લાંચઃ પાલિકાનો અધિકારી પકડાયો

મુંબઈઃ પશ્ચિમ મુંબઈના ઉપનગરમાં અનધિકૃત બાંધકામ સામે કાર્યવાહી ન કરવા બદલ બે કરોડ રૂપિયાની માગણી કરવાના આરોપસર લાંચ કેસમાં મુંબઈ મહાનગરપાલિકાના એક અધિકારીની ધરપકડ કરવામાં આવી હોવાનું એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. ઉપનગરીય અંધેરીમાં પાલિકાના કે ઇસ્ટ વોર્ડના નિયુક્ત અધિકારી મંદાર અશોક તારી (૪૩)એ ઓગસ્ટમાં તેમની સામે નોંધાયેલા કેસના સંદર્ભમાં ગુરુવારે ઍન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)ના અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે તેની આગોતરા જામીન અરજી નામંજૂર કર્યા બાદ તારી ફરાર થઈ ગયો હતો અને હવે અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. (પીટીઆઈ)■




























## ૫. અંગત

### કાનૂની કામો
તમામ પ્રકારની કાનૂની સેવાઓ માટે વકીલ સાહેબનો સંપર્ક કરો. 9820765812. (બી-૧૫૨૨૨)

## ૭. ખુશખબર

### સીનીયર સીટીઝન
મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૩૨૪)

## ૯. લગ્ન સંબંધી

### જુહુસ્કીમ સ્થિત
સ્થાનકવાસી જૈન વિલેપારલા મુંબઈ વેલસેટલ્ડ સાધનસંપન્ન યુવક U.S.A. M.S (COMPUTER) જન્મ-1997, 5'5 મીડિયમબાધાને સુયોગ્ય કન્યાના વડીલો તરફથી લગ્ન સંબંધી બાયોડેટા વોટશોપ કરવા વિનંતી 9819201737. (દહેજ નહીં.). (૧૫૪૦૪-એ)

■ અંધેરીમાં વેલસેટલ વૈષ્ણવ યુવક B.A. 14-02-1980 / 30,00,000/-ને કન્યા- ''મહેતા મેરેજ''- 9821522195. (દહેજ નહીં.). (૧૫૪૦૪-સી)

■ બ્યુટીફુલ કુંવારી મહારાષ્ટ્રીયન કન્યા B.Tec. / 30-01-1985 વેલસેટલ યુવક ''મહેતા મેરેજ''- 9821522195. (દહેજ નહીં.). (૧૫૪૦૪-સી)

લગ્ન વિષયક
**યુરોપથી આવેલ યુવક**
1984 Born, 5'10", હેન્ડસમ, બ્રાહ્મણ, MSc. તથા MBA કરેલ, હાઇ પ્રોફાઇલ ફાર્મા કંપનીમાં કામ કરતા (અતી ટૂંક સમય ડિવૉર્સી) માટે સુંદર, સંસ્કારી કન્યા આવકાર્ય.
(જ્ઞાતીબાધ નથી)
SUDHIR BHATT
9920099889 / 9820099889
9619101019 / 9619101020
sudhirmatrim@gmail.com
(૧૫૪૧૧/એ)

### પરીચય સંમેલન
19/01/2025, રવિવારે, કાંદીવલીમાં કુંવારા લગ્નોત્સુક યુવક, યુવતીઓ માટે રાખેલ છે, શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૦૮/એ)

### ફ્રી રજીસ્ટ્રેશન
**જીવનસાથી પરિચય માટે નામ નોંધણી 31 ડિસેમ્બર સુધી. (50થી ઉપરના પણ આવકાર્ય) સંપર્ક - 9324570328. (દહેજ નહીં). (બી-૧૫૨૮૧)**

### કરિશ્મા મેરેજ બ્યુરો
ગુજરાતી, હિન્દુ, વણકર 42 વર્ષ છુટાછેડા 18 વર્ષના 1 પુત્ર, યોગ્ય જીવનસાથી માટે સંપર્ક. જ્ઞાતિબાધ નથી.- 8928885389/ 9082084059. (દહેજ નહીં). (બી-૧૫૨૮૨)

■ કેનેડામાં/અમેરીકામાં રેસીડેન્સ કેનેડીયન સીટીઝનશીપ ધરાવતી 1988 કન્યાને ફક્ત અમેરીકાનાં યુવક જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૨૮૫)

લગ્ન વિષયક
**હેન્ડસમ, US ક્વોલીફાઇડ, હાઇ પ્રોફાઇલ, સાઉથ મુંબઇ**
1986 Born, 5'8", M.S, બીઝનેસમેન, મુંબઇ સેટલ્ડ
1987 Born, 5'11", MBA Finance & Strategy, મુંબઇ આવેલ
(જ્ઞાતીબાધ નથી)
SUDHIR BHATT
9920099889 / 9820099889
9619101019 / 9619101020
sudhirmatrim@gmail.com
(૧૫૪૧૧/એ)

■ અમેરીકા કેલીફોર્નીયાથી મુંબઈ આવેલા ડિવોર્સી યુવક ૩૪ રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૨૮૬)

■ સાંન્તાક્રુઝનાં BOSTONમાં અમેરીકન સીટીઝન 1981 યુવકને અમેરીકામાં પરિવાર સાથે રહેતી કન્યા જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૨૮૭)

■ સુંદર મરાઠી કન્યા ઉંમર-27, ઊંચાઈ 5'.3" કંપનીમાં કામ કરે છે. પગાર-10,000/-, છોકરીના માં-બાપ નથી, કાકા કાકી સાથે રહે છે અપેક્ષા નિર્વ્યસની, મહેનતુ, સમજુ છોકરો જોઈએ, જાતિ આવશ્યકતા નથી : તરત લગ્ન - 7517590524. (દહેજ નહીં). (બી-૧૫૨૭૮)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૯. લગ્ન સંબંધી

### "DESI JODI"
**"Matrimony Services (New Jersey, America) Roshni Joshi". Contact WhatsApp - 0017187556940. (No Dowry) (15245-A)**

### (PGMBA)
**1981 Born 5'.1" Height 55 Kgs Issueless Divorcee working in Bank is looking for suitable Candidates from Mumbai / Abroad. Please send Full Biodata on +91 8879178056. (No Dowry) (240)**

### SAPTPADI
**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15408/A)**

## ૧૦. મહિલાઓ માટે

### મહેમાનોનો ઉતારો
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૨૭૬-એફ)

### કાનનાં મોટાકાણાં
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

## ૧૨. યાત્રા સહેલગાહ


### નિઃશુલ્ક જાત્રા
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૩૨૫)



(બી-૧૫૨૨૮)

### તુષારભાઈ
નેપાળ મુક્તિનાથ દિવસ 9. ગંગાસાગર દિવસ 10. દક્ષિણ ભારત દિવસ 10. ઉત્તરાખંડ ચારધામ દિવસ 13. નૈનીતાલ મસૂરી દિવસ 9. દેવીબેન પ્રવાસ 9833730639. (૧૫૨૭૬-એ)

### LONAVALA VILLA
**Book Brand New Pure Veg 4+4 BHK Villa for New Year. Party Hall, Swimming Pools, Hill Views, Private Bar, Discotheque, Games Room. To book Zline D Villa, Contact Ms. Zil Shah 9769670155. (B-15192)**



(B-15237)

### LONAVALA VILLA
**Book Brand New Pure Veg 4+4 BHK Villa for New Year. Party Hall, Swimming Pools, Hill Views, Private Bar, Discotheque, Games Room. To Book Zline D Villa. Contact Ms. Zil Shah 9769670155. (B-15273)**



(B-15267)

## ૧૪. નોકરી ખાલી છે

### એકાઉન્ટન્ટ જોઈએ છે
**દાદર (ઈસ્ટ) સ્થિત પ્રસિદ્ધ Contractor Firm માટે B.Com./ M.Com. ૩-૫ વર્ષના અનુભવી Senior Accountant અને ૨ વર્ષના અનુભવી Junior Accountant જોઈએ છે. જે. શેઠિયા - 9821785649. (૧૫૪૦૩-બી)**

## ૧૪. નોકરી ખાલી છે

### REAL ESTATE
Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field job 10 am to 7 pm Profile - Site Visits - Inspections, Meetings Whatsapp CV 7021919014. (15256-B)

### WE ARE HIRING.
- We are adding our staff size and have opening for the following.
- Candidates having experience in retails should apply.

| Post | Experience | No.of people | Salary | Incentive |
|---|---|---|---|---|
| Sales Executive | 3 years or more | 20 | 40000 | Yes |
| Junior Sales Executive | 1 years or more | 20 | 25000 | Yes |
| Floor Manager | 3 years or more | 3 | 60000 | Yes |
| Accounts Manager | 3 years or more | 5 | 40000 | NA |
| Junior HR | 2 years or more | 2 | 40000 | NA |

Correspond through Whatsapp only 8585857898.
Send resumes on the above number only with latest photograph.
CHHEDA JEWELLERS GOLD & DIAMOND
1, Trinity Square, Monghibai Road, Vile Parle (E), Mumbai - 54.
(B-15284)

### CHURCHGATE - FOUNTAIN
13000 sq ft Carpet, Building for (Long Lease / Sale) (Residential / Commercial) 9136720659. (B-15268)

### "KANDIVALI (EAST)"
**Charitable Medical Centre Requires Part - Time Office Staff (Have Basic and Graphic Computer Knowledge) Dental Assistant, Lab Technician, Require Doctors of Gynecologist, Endo Dentist, Child Specialist, Contact: 9773999855, 9867995060. (15410/A)**

**જોઈએ છે મુંબઈના નામાંકિત જ્વેલરી શોરૂમ માટે**
**અકાઉન્ટન્ટ**
(પાર્ટ ટાઈમ - age upto 55)
જ્વેલરી લાઇનનો મીનીમમ ૧૦ વર્ષનો અનુભવ જરૂરી
રેફરન્સ સહિત C.V. ઈમેલ કરો
sgaj1111@yahoo.com
(બી-૧૫૨૬૨)

ગુજરાતી ભાવિ વર-કન્યાઓ માટે
**॥અનુરૂપ॥**
સંસ્થામાં ઓફિસ માટે અનુભવી મહિલા જોઈએ છે.
**અમદાવાદ**
ઉંમર - 30 થી 45, સ્નાતક, સ્માર્ટ, ગુજરાતી બોલતા આવડવું અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે.
**વડોદરા**
ફ્રેશર/અનુભવી કસ્ટમર કેર એક્ઝિક્યુટિવ મહિલા જોઈએ છે. સ્નાતક, સ્માર્ટ, ગુજરાતી બોલતા આવડવું અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે.
**મુંબઈ-દાદર**
ફ્રેશર/અનુભવી કસ્ટમર કેર એક્ઝિક્યુટિવ મહિલા જોઈએ છે. સ્નાતક, સ્માર્ટ, ગુજરાતી બોલતા આવડવું અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે.
તમારો બાયોડેટા ઈમેલ કરો hr@anuroopwiwaha.com પર
તાત્કાલિક સંપર્ક: 9730461046/18002677991
(બી-૧૫૨૭૪)

## ૧૭. જગ્યા આપવી છે

■ **પેડર રોડ ૨ બીએચકે ૬૦૦' ફર્નીશ્ડ ભાડા/ વેચાણથી. માલિક 9323267900. (૨૪૨)**

### ઘાટકોપર (ઈસ્ટ)
**ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા - વેચવા રાજેશભાઈ સાવલા - 9892329269. (૧૫૨૬૬-એફ)**

### ગામદેવી
3 બેડરૂમ એરિયા 1100 કાર્પેટ નવું બિલ્ડીંગ, હરેશ - 9821030822. (૧૫૨૬૧-એ)

### બોરીવલીમાં ભાડેથી
ઈસ્ટમાં કાણકિયા EXOTICA, 2 બેડરૂમ+ પાર્કિંગ, એમીનીટીઝ, OWNER- 9892387267. (૧૫૨૭૬-સી)

### સાંતાક્રુઝ (વેસ્ટ)
લીંકિંગ રોડ- આર્ય સમાજ પાસે, 3 બેડરૂમ 1200 યુઝેબલ કાર્પેટ, હાયર ફ્લોર, લિફ્ટ, સીવ્યુ, 1 પાર્કિંગ, 5.75 કરોડ. નેગોશીયેબલ, બીજા ઘણા પ્રપોઝલ. ફ્લેટો લેવા- વેચવા- લીવલાયસંસથી. ''ચેતન નાગર'' 9820141544, 9920141544. (બી-૧૫૨૩૬)

## ૧૭. જગ્યા આપવી છે

### રાજસ્થાન એસ્ટેટ એજન્સી, નેપયન્સી
**પેડર વાલકેશ્વર બ્રીચ કેન્ડી અલ્ટમાઉન્ટ તારદેવ ગોવાલીયા ટેંક મરીન ડ્રાઈવ ચર્ચગેટ કફ પરેડ આકર્ષક ફ્લેટો કોમર્શીયલ જગ્યા સાથે લીવ લાઈસન્સથી લેવા વેચવા Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994 મુકેશભાઈ મહેતા 9967502537. (૨૪૧)**

### મલાડ (વેસ્ટ)
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૩૨૭)**

### ઘાટકોપર (ઈસ્ટ)
**નિલકંઠવેલી, 2, 3, 4 બેડરૂમનાં ફ્લેટો વેચાણથી આપવાના છે. ''કરણ નિતીન દવે''- 7738741851. (૧૫૨૮૯-સી)**

### ઘાટકોપર (ઈસ્ટ)
**ગારોડીયા નગર, 2 BHK, વલ્લભબાગ લેન, ૧, ૨, ૩ બેડરૂમ, 60' રોડ, 2 BHK વેચાણથી આપવાના છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-ડી)**

### ઘાટકોપર (ઈસ્ટ)
**નવા બંધાતા મકાનમાં રાજાવાડી, 60' રોડ, 90' રોડ ફ્લેટ આપવાનાં છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-ઈ)**

### જુહુ- વેચાણથી
**ગુલમોહર રોડ, એક્ષક્લુઝીવ 4 બેડરૂમ, 2600' કારપેટ, પોશ બિલ્ડીંગ, હાયર ફ્લોર, 11' સીલીંગ હાઈટ, 2 પાર્ક, મલ્ટીપલ એમેનીટીશ, 13.50CR. "SDG REALTY"- 9870847778, 9833332414. (૧૫૨૬૬-સી)**

### જુહુ
**એક્ષક્લુઝીવ 2+2 બેડરૂમ, જોડી, 1700' કારપેટ, હાયર ફ્લોર, પ્રેસ્ટીજીયસ બિલ્ડીંગ, 3 કાર પાર્ક, 9.25 CR (2) 3 બેડરૂમ + 3 બેડરૂમ જોડી, 1410' & 2820' કારપેટ, ફુલ્લીફર્નીશ્ડ, 3 કાર પાર્ક, પ્રેસ્ટીજીયસ બિલ્ડીંગ, 12 CR. (3) 4 બેડરૂમ, 2000' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, હાયર ફ્લોર, 3 કાર પાર્ક, 8.75 CR. "SDG REALTY" 9920971424, 9029291424. (૧૫૨૬૬-ડી)**

### બોરીવલી વેસ્ટ
અભિલાષા 2, પોશ, 3 B H K, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેસન. 9920445444. (બી-૧૫૨૩૮)

### પાર્લા (પૂર્વ)
૩ બેડરૂમ ૧૦૮૦' - રામમંદિર રોડ, રેડી પઝેશન. ''સંજય પટેલ'' 9820292381. (બી-૧૫૨૦૧)

### પાર્લા (પૂર્વ)
૨ બેડરૂમ ૭૫૦' - 4 ફર્નિશ્ડ, ફક્ત ગુજરાતી માટે ભાડું ૮૫,૦૦૦/- ''સંજય પટેલ'' 9820292381. (બી-૧૫૧૯૯)

### કાંદિવલી સ્ટેશન પાસે
2 બેડરૂમ 800 કારપેટ એસ. વી. રોડ અરજન્ટ સેલ 9820964728. (એસડીબી-૨૩૨૦)

## ૧૭. જગ્યા આપવી છે

### સાન્તાક્રુઝ વેસ્ટમાં
ફુલી ફર્નીશ્ડ 2 માસ્ટર બેડરૂમ, હોલ, કિચન ૧ કોમન બાથરૂમ સાથે 780' કારપેટ એરિયા 1 પાર્કિંગ આઉટરાઈટથી આપવાનો 4.50 કરોડ નેગોશીયેબલ 9820032150 દત્તાત્રય રોડ સરલા નર્સિંગ હોમની સામે. (૧૫૨૯૦-એ)

### કાંદિવલીમાં/બોરીવલીમાં
રીવાલી પાર્કમાં/ ઓબેરોયમાં/ ચાંડકમાં/ વાધવામાં/ સેઠિયામાં લેવા/ વેચવા/ભાડેથી ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૬૦-બી)

### માટુંગા
ડોન બોસ્કો બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ નવા મકાન સાડા ત્રણ કરોડ ચોઈસમાં વિનોદ: 9892980593. (બી-૧૫૨૩૩)

### માટુંગા
જાયન્ટ સાઈઝ ત્રણ ચાર બેડરૂમ સાતથી દસ કરોડ વિનોદ: 9892980593. (બી-૧૫૨૩૨)

### પરેલ/શિવરી
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૫૧૮૦)

### ઘાટકોપર (ઈસ્ટ)
**પ્રાઈમ લોકેશન, સ્ટેશનથી ૨ મિનિટ, ૨ બેડરૂમ, હોલ, કિચન, 650 કારપેટ, ૧ કાર પાર્કિંગ સાથે, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ OC સાથે, 1.70 CR + ટેક્સીસ નેગોશીએબલ. 9022343442, 7738332210. (૧૫૨૬૬-ઈ)**

### વિલેપાર્લા (ઈસ્ટ)
**સુંદર હવા ઉજાસવાળો ૩ બેડરૂમ ૪ બાલકની ૩.૯૦માં વેચવાનો છે. ૨ પાર્કિંગ દેરાસરની સામે ૯૬૧૯૦૧૮૨૩૩- જીતુભાઈ. (૨૩૭)**

### ગોરાઈ - 2
**કોર્નર ડી રૂમ 40, 3 બેડરૂમ હોલ કિચન, હાફ રુફ ટેરેસ, ઓલ RCC સીલીન્ગ્સ, બધા રૂમમાં વિન્ડો, ઈસ્ટ-વેસ્ટ ડાયરેક્સન સંપર્ક 8928598412. (૧૫૨૯૫-એ)**



(B-15283)

### લોનાવાલા - ખંડાલા
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૨૫૪)

### વલસાડ ઈસ્ટ- માંગલ્યમ મેડોઝ
**ચાણવાઈ રાબડા રોડ, ૩ બેડરૂમ, ૪ બાથરૂમ, ૧૩૮૭ ફુટનું રોહાઉસ જે Lawn તેમજ ક્લબ હાઉસની સામે વેચવાનો છે. સંપર્ક: 9892565909. (બી-૧૫૨૩૫)**

### KALPATARU VIENTA
**કાંદિવલી ઈસ્ટ અશોકનગર, Luxurious બે/ત્રણ/ચાર બેડરૂમ (Resale & Rental) Ready Possession (OC) VINAYAK ESTATE AGENCY 9869209916/8850411559. (જેપી-૪૯૫૮-કે)**

### (મલાડ ઈસ્ટ)
સ્ટેશન નજીક રેડિ પજેશન OC સાથે, 648'- 2 Cr, 550'-1.65 Cr લેવા સંપર્ક:- 9773531080. (જેપી-૪૯૫૮-જે)

### ચેમ્બુર
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી-વેચાણથી, લેવા-આપવા વર્ધમાન-પ્રોપર્ટીજ- ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૫૨૭૦)

### મુલુંડ (વેસ્ટ)
વન બેડરૂમ, દેવી દયાલ 95,00,000/- ટુ બેડરૂમ એલ.બી.એસ. રોડ, જીરકોન 1,35,00,000/થ્રી બેડરૂમ મોર્ડન ટાઉન પાસે 200,00,000 ફ્લેટ લેવા/વેચવા/લીવ લાયસન્સથી. કોઠારી 9820330993. (૧૫૨૯૯-એ)

## ૧૭. જગ્યા આપવી છે

### ઘાટકોપર પૂર્વ
ખાઉગલી, (પ્રાઈમ લોકેશન), પહેલા માળે, રોડ ફેસિંગ, ૧ BHK, ફ્લેટ (ફર્નિશ્ડ), ૩૪૦ કાર્પેટ, માત્ર શુદ્ધ શાકાહારી માટે વેચાણથી ઉપલબ્ધ. સંપર્ક: પ્રણવ રામૈયા: ૯૮૨૧૮૫૦૦૭૦. (બી-૧૫૨૬૯)

### ખાર (વેસ્ટ)
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

### તારદેવ
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,50,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૦૭-એ)

### ગ્રાન્ટરોડ
3 બેડરૂમ - 785' - કાર્પેટ - ફરનીસ્ટ - 2,75,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૦૭-એ)

### ગામદેવી
2 બેડરૂમ - 680' - કાર્પેટ - પાર્કિંગ - 2,2500000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૦૭-એ)

### ગ્રાન્ટરોડ
2 બેડરૂમ- જુનુ ભાડુ 800' કાર્પેટ- 2,25,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-બી)

### ચર્નીરોડ
2 બેડરૂમ- જુનુ ભાડુ 950' કાર્પેટ- 2,65,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-બી)

### ગ્રાન્ટરોડ
3 બેડરૂમ- 1000' - કાર્પેટ-ફરનીસ્ટ- 5,25,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-બી)

### ગામદેવી
4 બેડરૂમ- 1560' - કાર્પેટ- પાર્કીંગ- 8,0000000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-સી)

### પેડર
3 બેડરૂમ- 1250' - કાર્પેટ- 2 ગેરેજ- પાર્કીંગ- 8,50,00000/= નેગોશીએબલ- 9820068382. (૧૫૩૦૭-સી)

### તારદેવ
3 બેડરૂમ- 1600' - કાર્પેટ- પાર્કીંગ- 6,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૦૭-સી)

### બાંદ્રા (વેસ્ટ)
ટર્નર રોડ લિવલાયસંસ 2 BHK સેમી ફર્નિશ્ડ, 90,000/- ખાર લિંકીંગ રોડ 3 BHK ફર્નિશ્ડ ડુપ્લેક્ષ ફ્લેટ, પાર્કિંગ 1,65,000/= તુરંત કબજો. 9820296693. 'કટારિયા એજન્ટ'. (૧૫૨૯૬-એ)

### વાલ્કેશ્વર
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૩૩૩)

### ગોવાલીયા ટેંક
કન્વર્ટેડ બે બેડરૂમ (૬૦૦ કાર્પેટ) (ફર્નીશ્ડ) (પાર્કિંગ) ૩૫૦ લાખ (નેગોશીએબલ), બે બેડરૂમ (૮૫૦ કાર્પેટ) (ગેરેજ) ૫૨૫ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૩૩૪)

### તારદેવ
બે બેડરૂમ (૮૫૦ કાર્પેટ) (ગેરેજ) ૫૫૦ લાખ (નેગોશીએબલ), ત્રણ બેડરૂમ (૧૨૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નીશ્ડ) (પાર્કિંગ) ૬૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૩૩૫)

## ૧૭. જગ્યા આપવી છે

### કાંદિવલી (વેસ્ટ)
નવા રેપ્યુટેડ બિલ્ડર્સના પ્રોજેક્ટમાં 1-2-3-4 બેડરૂમના ફ્લેટો, રેડી તથા બંધાતામાં મળશે (NO BROKRRAGE) 7498921336. (જેપી-૪૯૬૧-એ)

### ઘાટકોપર (ઈસ્ટ)
### અપગ્રેડ લાઈફ સ્ટાઈલ
**વસાવો આપનું નવું ઘર. પ્રીમિયમ લોકેશન ૬૦' રોડ ઉપર. નવા ટાવરમાં ૨/૩/૪ બેડરૂમ રીસેલ રેડી પઝેશન ફ્લેટો લેવા. 7208215105. (૧૫૪૦૩-એ)**

### પ્રભાદેવી
ડુપલેક્ષ ફ્લેટ 1640' કાર્પેટ, 2 ગાડી પાર્કિંગ- લીફ્ટ-ઓનરશીપ-લોમેન્ટેનન્સ (8.50 Cr.) ''જીતુભાઈ'' 9869322453. (૧૫૩૦૦-એ)

### ''24 લાખમાં''
''વિરાર (વેસ્ટમાં) 1 રૂમ કિચન વેચવાનું, OC છે'' :- 8007342828. (૧૫૪૦૨-એ)

### ઘાટકોપર (ઈસ્ટ)
**વેચાણથી. પંત નગર "Antarishk Building" અરૂનકુમાર વૈદ્ય ગાર્ડન પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન, 1100' કારપેટ બાલ્કની ફ્લેટ, લોઅર ફ્લોર સાથે સ્વીમીંગ પુલ અને મોર્ડન એમેનીટીશ, પઝેશન ડિસેમ્બર 2026. વ્યાજબી ભાવે. (ઈન્વેસ્ટર આવકાર્ય) ''વિશાલ મહેશ ઠક્કર'' (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૪૦૯/એ)**

### ઘાટકોપર (ઈસ્ટ)
**વેચાણથી. M.G. રોડ, હવેલી પાસે, 2 બેડરૂમ, હોલ, કિચન, 850' યુઝેબલ કારપેટ, ફર્નીશ્ડ ફ્લેટ, હાયર ફ્લોર, ઓપન વ્યુ. 1 પાર્કિંગ. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ). 8879102888. (૧૫૪૦૯/બી)**

### ઘાટકોપર (વેસ્ટ)
**વેચાણથી. કામાલેન, જોલી જીમખાના પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન, 1070' યુઝેબલ કારપેટ, લીફ્ટ, પાર્કિંગ, રેડી કબજો. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ). 8879102888. (૧૫૪૦૯/સી)**

### ઘાટકોપર (ઈસ્ટ)
**ભાડેથી/વેચાણથી. પંતનગર, 2 બેડરૂમ - 650' અને 590' કારપેટ, હાયર ફ્લોર પાર્કિંગ સાથે, મોર્ડન એમેનીટીસ, રેડી. OC સાથે. સોલ એજન્ટ: વિશાલ મહેશ ઠક્કર - (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૪૦૯/ડી)**

### પાર્લા (ઈસ્ટ)
4 બેડરૂમ - 3,35,00,000/=, પાર્લા, શાંતાક્રુઝ, અંધેરીમાં ફ્લેટો જોઈએ છે. લેવા- વેચવા/ભાડે થી. ''ભુપેનભાઈ'' 9892536334. (૧૫૪૦૯/ઈ)

### ઘાટકોપર (ઈસ્ટ)
**ગારોડિયા નગર, નવા બિલ્ડિંગમાં-4 બેડરૂમ, હોલ, કિચન- 1225', કારપેટ, 2 પાર્કિંગ સાથે, 3.75 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન- 960' કારપેટ, સેમીફર્નીશ્ડ, 2 પાર્કિંગ સાથે 2.95 Cr, 2 બેડરૂમ, હોલ, કિચન - 811' કારપેટ, 1 પાર્કિંગ સાથે - 2.55 Cr, 1 બેડરૂમ, હોલ, કિચન - 435' કારપેટ, 1 પાર્કિંગ સાથે, 1.35 Cr નેગોશીએબલ. જુગ્નુ શાહ-Homealone Property- 9833352224. (૧૫૪૦૯/એફ)**

### વલસાડ-સ્ટેશનથી વોકેબલ
**હલાર ક્રોસ રોડ, PRITI APARTMENT, 3 બેડરૂમ, 2375' પહેલે માળે, વેચવાનો (1.35 Cr) 98703 64749, 83690 71508. (૧૫૪૦૭/એ)**

■ સેલ, 601, જેડ વેદાંત, બી એન રોડ, ૨ બીએચકે, ૭૪૧ કાર્પેટ, માટુંગા સેન્ટ્રલ માટુંગા અને કિંગ સર્કલ સ્ટેશનથી ૫ મિનિટ, ૩.૫૦ કરોડ નિગોશિએબલ સંપર્ક: ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૨૭૭)

### ઓપેરાહાઉસ
1140' કાર્પેટ લિવલાયસંસ સ્પેશિયસ 2 બેડરૂમ હવાઉજાસ, હાયર ફ્લોર, લિફ્ટ, પાર્કિંગ, દેરાસર, વેજિટેરીયન બિલ્ડિંગ ''ભરતભાઈ'' 9322246950. (૧૫૨૯૬/સી)

### બોરીવલી (વેસ્ટ)
1 બેડરૂમની જોડી, 3 બેડરૂમ, હરિદાસ નગર કોર્નર, 875'+કારપેટ 2.70 કરોડ, RE- ડેવલોપમેન્ટ શક્ય, લિફ્ટવાળુ બિલ્ડિંગ, રેડી લેવા ભરતભાઈ. 9821061741/ 9619191741. (જેપી-૪૯૬૧/બી)



(B-15240)

### કાંદિવલી ભાડેથી
2 બેડ, શંકરગલ્લી, ઓનર મારફતે. 9322692332 (દલાલ માફ). (બી-૧૫૨૮૮)

■ સાન્તાક્રુઝ/પાર્લા વેસ્ટ 2 બેડ ભાડેથી સ્ટેશન દેરાસર નજીક-7045622403. (બી-૧૫૨૭૯)

### અંધેરી (વેસ્ટ)
દરિયા નજીકના ફ્લેટો- ''ગોલ્ડન ક્રાઉન'' ૧ બેડરૂમ ૭૫૦'- ૨,૬૦,૦૦૦.૦૦/-, ૨ બેડરૂમ ''સ્પ્રિંગ લીફ'' ૧૦૦૦' જૂનું બિલ્ટઅપ, હાયર ફ્લોર, ૩,૨૫,૦૦૦,૦૦/-, ''અનુકૂલ'' ૨ બેડરૂમ ૭૫૦' કારપેટ, ૨જે માળે, લિફ્ટ, ૨,૬૫,૦૦૦,૦૦/-, ''સાગર સંજોગ'' ૨ બેડરૂમ ૧૦૦૦' હાયર ફ્લોર, સંપૂર્ણ સમુદ્ર દર્શન, ૩,૭૫,૦૦૦,૦૦/- ''ગ્રીલા'' ૨ બેડરૂમ ૮૨૦' ૩,૦૦,૦૦૦,૦૦/-. ''હીરાચંદભાઈ'' ૯૮૨૦૨૭૨૭૭૩. (બી-૧૫૨૮૯)


(જુઓ પાનું ૧૨) ▶▶

# વીક એન્ડ

**બિરબલ – મિયાં નસીરુદ્દીન– શેખ ચિલ્લી કે પછી તેનાલી રામ**

# કોણ વધુ બુદ્ધિશાળી ચતુર – લોકપ્રિય?

**ચારેક વર્ષ અગાઉ બહુ લોકપ્રિય નીવડેલી ટીવી સિરિયલ ‘તેનાલી રામા’ની બીજી સિઝન હમણાં શરૂ થઈ છે ત્યારે જાણી લઈએ ઐતિહાસિક ગણાતાં આ ચાર પાત્ર વિશે થોડું વિશેષ**


બિરબલ
મિયાં નસીરુદ્દીન
શેખ ચિલ્લી
તેનાલી રામનું પાત્ર ભજવનાર કૃષ્ણ ભારદ્વાજ
તેનાલી ગામમાં તેનાલી રામની મૂર્તિ.

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

નિશાળે જતા થયા- થોડા સમજણા થયા ત્યારે મોગલ બાદશાહ અકબરના દરબારમાંના નવ રત્નમાંથી એક એવા બિરબલની ચતુરાઈની કથાઓ આપણા શિક્ષકો પાસેથી સાંભળવા - જાણવા મળતી. બિરબલ ઘણો બુદ્ધિશાળી અને ચતુર. મહારાજા અકબરને મૂંઝવતા પ્રશ્નો હોય તો ચકોર બિરબલ ચપટી વગાડતા ઉકેલી આપે માટે મોગલ દરબારમાં અકબરનો એ ખાસ માનીતો. આ કારણે બિરબલની ઈર્ષા કરનારાઓ પણ ખરા. એને બદનામ કરી અકબર સમક્ષ એને નીચો દેખાડવા અવારનવાર પ્રયાસ થતાં, પણ ચબરાક બિરબલ એ બધામાંથી આબાદ છટકી જતો.

બિરબલની ચતુરાઈ ને હાજરજવાબીની અનેક કથાઓ વાંચીને આપણે મોટા થયા. થોડા વયસ્ક થયા પછી આપણી સામે મિયાં નસીરુદ્દીન અને શેખ ચિલ્લી (શેખચલ્લી નહીં! ) જેવાં ઐતિહાસિક પાત્રો આવ્યાં. આ બધા ખરેખર હયાત હતા કે માત્ર કોઈ લોકકથાનાં કાલ્પનિક પાત્રો હતાં એ વિશે અવારનવાર મત-મતાંતાર થતા રહે છે.

આમ છતાં, ઈતિહાસકારો કહે છે કે મોગલ મહારાજા શાહજહાંના મોટા શહજાદા દારા શેખોના શિક્ષક એવા શેખ ચિલ્લી સૂફી સંત અને કવિ હતા. અત્યંત બુદ્ધિશાળી શેખ ચિલ્લીની ચતુરાઈની અનેક કથા જાણીતી છે. એમની મઝાર (સમાધિ) કુરુક્ષેત્ર -હરિયાણામાં આજે મોજૂદ પણ છે

બીજી તરફ, મિયાં નસીરુદ્દીન એના બુદ્ધિમત્તા-વાકચાતુર્ય અને મર્માળા વિનોદ માટે જાણીતા હતા. આ મિયાંની ખૂબી -ખાસિયત એ હતી કે એ ઘણી વાર અર્થસભર ગંભીર વાત પણ બહુ હળવી શૈલીમાં સામેવાળાને પહોંચાડી દેતા. આપણા હાસ્યલેખક વિનોદ ભટ્ટ અને આચાર્ય રજનીશ તો આ મિયાં નસીરુદ્દીનના ખાસ ચાહક. મિયાંના કિસ્સા એ બન્ને લખાણમાં અને પ્રવચનોમાં અવારનવાર સંભળાવતા.

શેખ ચિલ્લીની જેમ જ મિયાં નસીરુદ્દીનના અસ્તિત્વ અને હયાતી વિશે અનેક ગાથા છે. એમના જેવી જ ચતુર વિનોદી વ્યક્તિઓની વિભિન્ન વાર્તાઓ પણ અનેક દેશોમાં પ્રચલિત છે. જોકે, અમુક સંશોધન અનુસાર મિયાં નસીરુદ્દીન ૧૩મી સદીમાં થઈ ગયા. એ મૂળ તૂર્કીના હોરતુ ગામના હતા. આજે પણ તુર્કીમાં દર જુલાઈમાં એમના નામે ફેસ્ટિવલ પણ ઉજવાય છે.

બિરબલ - મિયાં નસીરુદ્દીન- શેખ ચિલ્લી જેવું જ એક ઐતિહાસિક પાત્ર છે આજકાલ બહુ ચર્ચામાં છે અને એ છે તેનાલી રામા!

આ ૧૬ ડિસેમ્બરથી તેનાલી રામાની રમૂજી કથાઓ દર્શાવતી એક ટીવી સિરિયલ શરૂ થઈ છે. સફાચટ મૂંડી- ચકચકિત ટકલા પર ફર ફર થતી લાંબી ચોટલીવાળો હસતો -રમતો -ઉછળતો તેનાલી રામા પહેલી નજરે વિદુષક લાગે, પણ બધાને -ખાસ કરીને બાળકોને બહુ વહાલો લાગતો આ તેનાલી ભલભલા પંડિતો - જ્ઞાનીઓને મહાત કરી દે એવો અત્યંત તીવ્ર બુદ્ધિશાળી છે. અઘરા પ્રશ્નોનો ચીલ ઝડપી ઉકેલ લાવી દેવાની એ આબાદ કુનેહ ધરાવે છે.

મહારાજા અકબરના જમાનાના ચતુર બિરબલના સમકક્ષ ગણાતા આ તેનાલી રામા ઈતિહાસનું એક કાલ્પનિક પાત્ર નથી. એના અસ્તિત્વના પ્રમાણ મોજૂદ છે.

૧૫મી સદીમાં હાલના આન્ધ્ર પ્રદેશના તેનાલી ગામના બ્રાહ્મણ પરિવારમાં જન્મેલો રામકૃષ્ણ તેનાલી રામલિંગા કે તેનાલી રામા (કે રામ ) તરીકે પણ ઓળખાતો આ શખસ હકીકતમાં સામ્રાજ્યના રાજા શ્રીકૃષ્ણદેવરાયના વિશેષ સલાહકાર તરીકે દરબારમાં માનભર્યુ સ્થાન ધરાવતો હતો. દરબારના અષ્ટદિગ્ગજોમાંના એક એવો એ પ્રખર વિદ્વાન વિચારક હતો. પાંચ મહાન તેલુગુ કવિઓમાં આજે પણ એની ગણના થાય છે.એ પોતાની કુશાગ્ર બુદ્ધિ અને રમૂજ માટે જાણીતો હતો એટલે એ ‘વિકટ કવિ’ (વિદૂષક કવિ) તરીકે પણ ઓળખાતો હતો. શાણપણ સાથે રમૂજને મિશ્રિત કરવાની એની અનન્ય ક્ષમતાની અનેક કથાઓ તેલુગુ સાહિત્યમાં લોકપ્રિય છે.

તેનાલી રામકૃષ્ણનું સૌથી નોંધપાત્ર સાહિત્યિક યોગદાન ‘પાંડુરંગા માહાત્મ્યમ’ ગણાય છે, જે પાંચ મહાન તેલુગુ કાવ્યોમાંથી એક છે. આ કૃતિ વિષ્ણુના અવતાર પાંડુરંગાની દંતકથા વર્ણવે છે, જેમાં ભક્તિ અને મૃત્યુ પછીના જીવનની દાર્શનિક કથા છે.

રાજા શ્રીકૃષ્ણદેવરાયના શાહી પરિવાર સાથે બહુ જ નિકટનો સંબંધ ધરાવતા તેનાલી રામનું અવસાન રાજાના મૃત્યના એક વર્ષ પહેલાં થયું હતું. પત્ની શારદા અને પુત્ર ભાસ્કર અને પુત્રી અમૃતાના પિતા એવા તેનાલી રામા ૧૪૮૦માં જન્મેલા અને ૧૫૨૮માં એમનું મૃત્યુ માત્ર ૪૭ વર્ષે સર્પદંશના કારણે થયું હતું .

આ બધી તો વાત થઈ એક લોકકથા-દંતકથા સમા તેનાલી રામકૃષ્ણ ઉર્ફે તેનાલી રામ ઉર્ફે રામાની. આ વ્યક્તિ કોઈ સર્જક કે લોકોની કલ્પનાએ ઉપજાવી કાઢેલું કોઈ પાત્ર નહોતું. એના પૂરતા દસ્તાવેજી પુરાવા છે. તેનાલી ગામમાં એની મૂર્તિ સુદ્ધાં છે.

હા, એના નામે અનેક કાલ્પિનક કિસ્સા-ઘટના જરૂર છે. એ જ રીતે ટીવીના પરદે આપણને તેનાલી રામ એક જ્ઞાની -વિદ્વાન પુરુષ તરીકે જોવાં નથી મળતો. એના બાહ્ય દેખાવ અમુક અંશે વિદૂષકનો છે, પણ એ પાત્રની તાસિર મુજબ ખડખડાટ હસતાં હસતાં ઊંડી સમજણની વાત સચોટ રીતે એ કહી પણ જાય છે.

એક ટીવી સિરિયલની કથા મુજબ સામ્રાજ્યના રાજા શ્રીકૃષ્ણદેવરાયાના દરબારમાં એક વાર તેનાલી રામ અને બિરબલ વચ્ચે દરબારમાં એ બન્નેમાંથી કોને સ્થાન મળે એવી સ્પર્ધા યોજાય છે. આમ અનેક વાર બિરબલ અને તેનાલી રામ વચ્ચે સરખામણી પણ થાય છે : આ બન્નેમાંથી કોણ વધુ ચતુર?!

તેનાલી રામ (સમય ગાળો: ૧૪૮૦-૧૫૨૮) અને મૂળ નામ મહેશ દાસ ઉર્ફે બિરબલ (સમય ગાળો : ૧૫૨૮- ૧૫૮૬). આમ બન્નેનો સમય કાળ ભિન્ન હતો. અન્ય એક કથા મુજબ તેનાલીનો સમય કાળ બિરબલથી ઓછામાં ઓછો ૫૦ વર્ષ આગળ હતો અને તેનાલીએ તો બિરબલનું નામ સુદ્ધાં નહીં સાંભળ્યું હોય. હા, બની શકે કે બિરબલે જરૂર તેનાલીની કથાઓ સાંભળી હશે. આમ છતાં ઈતિહાસકારો કહે છે કે બિરબલ કરતાં તેનાલી રામ વધુ વિદ્વાન – વધુ બુદ્ધિશાળી ને જબરો હાજરજવાબી હતો. રાજયના ઘણા આકરા પ્રશ્નો એણે બહુ ચતુરાઈ અને સિફતથી ઉકેલ્યા હતા. ઉપરાંત કેટલીક કિવદંતી મુજબ તેનાલીએ આકરી તપસ્યા કરીને મા કાળીને પ્રસન્ન કર્યાં હતાં. મા કાળીના આશીર્વાદ એને ફળતા હતા !

અકબર -બિરબલની કથાઓ રજૂ કરતી ત્રણથી વધુ ટીવી સિરિયલ આપણે ત્યાં ટેલિકાસ્ટ થઈ ચૂકી છે. એ જ રીતે, બિરબલ જેવો જ લોકપ્રિય તેનાલી રામાને લઈને દક્ષિણ ભારતની ભાષાઓમાં અનેક ફિલ્મો બની છે. જોકે, ‘દૂરદર્શન’ ના અપવાદ પછી એના પર હજુ સુધી એક જ હિન્દી સિરિયલ ૨૦૧૭માં ટેલિકાસ્ટ થઈ હતી ,જે ખાસી લોકપ્રિય બની અને ૩ વર્ષ સુધી ચાલી. ૮૦૫ એપિસોડની આ સિરિયલમાં તેનાલીનું મુખ્ય ને અગત્યનું પાત્ર ભજવ્યું હતું કૃષ્ણ ભારદ્વાજ નામના અદાકારે. મૂળ રાંચીના કૃષ્ણએ ‘જશુબહેન જયંતિલાલ કી જોઈન્ટ ફેમિલી’ – ‘સુખ બાય ચાન્સ ’ ‘ધ્રુવ -તારા’ જેવી અન્ય ટીવી સિરિયલો ઉપરાંત દીપેશ શાહ દ્વારા દિગદર્શિત હીટ નીવડેલી ગુજરાતી ફિલ્મ ‘ચલ મન જીતવા જઈએ’માં લીડ રોલ પણ કર્યો છે.

આ પ્રથમ સિઝનમાં રાજા કૃષ્ણદેવરાય જેવું મહત્ત્વનું પાત્ર અદા કર્યું હતું. અનેક ટીવી શોઝ – ફિલ્મોના જાણીતા ગુજરાતી અદાકાર માનવ ગોહિલે.. હવે ‘તેનાલી રામા’ની સિઝન – ૨ આ ૧૬ ડિસેમ્બરથી ‘સબ’ ટીવી ચેનલના પરદે શરૂ થઈ ગઈ છે. એમાં પણ કૃષ્ણ ભારદ્વાજ એ જ એની જાણીતી રમતિયાળ અદામાં તેનાલી રામા તરીકે જ જોવા મળશે. આ વખતે એને રાજયના આંતરિક તેમજ બહારના દુશ્મનો સાથે ટ્ક્કર લેવાની છે. એની સાથે આ વખતે ચાર ચતુર બાળકની ‘મિની સેના’ પણ છે. સહેજે છે કે આ વખતની સિરિયલમાં પણ તેનાલી રામાના મોટાભાગના વિનોદભર્યા કિસ્સા કાલ્પાનિક જ હશે. આમ છતાં, આ પાત્રનો એક બહોળો ચાહક વર્ગ છે, જેમને તેનાલી રામાની જ્ઞાન -ચાતુરી સાથેનો નિર્દોષ વિનોદ જરૂર ગમી જશે.

બીજી તરફ, જમાનો માર્કેટિંગનો છે એટલે અન્ય સ્પર્ધા ટીવી શોઝ વચ્ચે એક ડગ આગળ નીકળવું હોય તો કંઈક નવીન કરતાં રહેવું પડે. ‘તેનાલી રામા’ના નિર્માતા ટીવી ચેનલે પણ અત્યારે પોતાની ટેલિકાસ્ટ થઈ રહી છે એવી બે લોકપ્રિય સિરિયલ : ‘વાગલે કી દુનિયા’ અને ‘પુષ્પા ઈમપોસિબલ ’ ના લોકપ્રિય કલાકારોના ક્રોસ પ્રોમોશન દ્વારા આ નવા તેનાલીને જોરદાર ચમકાવવાનો આઈડિયા અપનાવ્યો છે

જોઈએ, આ વખતનો તેનાલી રામા કેટલોક સફળ નીવડે છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# આર્થર્સ સીટથી એડિનબરાનું વિહંગાવલોકન...





એક જમાનો હતો, હોટલમાં બ્રેકફાસ્ટ ઇન્ક્લુડેડ હોય તો તેની એક અલગ જ મજા આવતી. આજે પણ કોઈ સ્થળો પર તેનો ફાયદો થાય જ છે, પણ જર્મન ‘પૌશાલ રાઇઝે’ અને અમેરિકન અને કરેબિયન ઑલ ઇન્કલુઝિવમાં જઈને બ્રેકફાસ્ટ જ શું કોઈ પણ જાતના બૂફેમાં હવે ભાગ્યે જ કશું નવું લાગે છે. આજકાલ જ્યાં પણ જાઓ ત્યાં તમે ચોઈસથી મેનુ પરની આઇટમ મગાવો તે તમારા માટે જ તાજી બની હોય તેની મજા જ કંઈ ઓર હોય છે. ફુલ સ્કોટિશ બ્રેકફાસ્ટ અમે ઑલરેડી માણી ચૂક્યાં હતાં. તે ફુલ બ્રિટિશ બ્રેકફાસ્ટથી ખાસ અલગ નથી તેની પણ લાંબી ચર્ચા ચાલી હતી. તેમાં મુખ્ય ફરક એ હતો કે ફુલ સ્કોટિશમાં બટાકાની પૂરી જેવાં ટૅટી સ્કોન આવતા અને જો રેસ્ટોરાં પારંપરિક હોય તો લોકપ્રિય મજાક બની ગયેલી સ્કોટિશ વાનગી હેગીસ પણ મળી જતી. પોરિજ અને પેસ્ટ્રીઝ, બધું જ પોતાના સમયે, કાફેને સારી રીતે પસંદ કરીને ઑર્ડર કરીને ઇંતેજારીથી બહાર ટૂરિસ્ટ અને ઑડિયન્સની ભીડ જોતાં બેસેલાં. ડાઉનટાઉનમાં આમ પણ કાફે અને રેસ્ટોરાંનો ઓવરલોડ હતો. તેમાં જે પણ મનને પસંદ પડે ત્યાં બેસવાનું હમણાં તો ગમતું.


તે સવાર સ્કોન્સ અને કોફીની હતી. તાજો જૅમ અને ક્લોટેડ ક્રીમ સાથે ધરાઈ જવાય તે પહેલાં અમે બહાર નીકળી ગયા. એડિનબરાનો મોટા ભાગનો સમય આમ પણ થિયેટરોમાં અથવા તેની આસપાસ નીકળી રહેલો. તેમાં એક દિવસ અમે સવારમાં શોઝ ચાલુ થાય તે પહેલાં એક નાનકડી હાઇક માટે આર્થર્સ સીટ પહોંચી જવાનું પસંદ કર્યું. થોડા સમય પહેલાં નેટફ્લિક્સ સીરીઝ ‘વન ડે’માં મુખ્ય પાત્રોને આર્થર્સ સીટની હાઇક કરતાં જોઈને જ નક્કી કરી લીધું હતું કે નેક્સ્ટ ટ્રિપમાં કંઈ પણ થાય, આ રસ્તો પણ સર કરવો જ પડશે. આ ટ્રિપમાં અમે આરગાયલમાં અને ટાપુઓ પર ઘણી હાઇક કરી જ ચૂક્યાં હતાં અને છેલ્લા બે-ત્રણ દિવસથી તો સ્ટેન્ડ અપ શોમાં ઉજાગરા થઈ રહ્યા હતા. આર્થર્સ સીટ પર સમરમાં જવા માટે આમ પણ સવારે જેટલું વહેલું જવાય એટલું વહેલું પહોંચી જવું પડે. ત્યારે સવારમાં સ્કોનથી વધુ ખાઈને હાઇક કરવાનું મુશ્કેલ જ બની જાત.

એડિનબરા સેન્ટરથી આર્થર્સ સીટનો રસ્તો લીધો. જોયું તો ઘણા લોકો એ તરફ જ જઈ રહ્યા હતા. એક વાર મધરસ્તે પહોંચ્યાં ત્યાં તો એવું લાગ્યું કે આખું એડિનબરા ત્યાં જ ટેકરીને અધવચ્ચે જઈને એકબીજા સાથે ભટકાઈ રહ્યું હતું. રસ્તો શરૂઆતમાં તો આરામથી ફ્લેટ સ્પાઈરલ ચાલી રહ્યો હતો અને થોડી જ વારમાં ઢાળ વધતો ચાલ્યો. ઉપર વધુ ઢાળ વધી જતાં લોકો પાછા વળવા માંડેલા. આર્થર્સ સીટ પર વ્યુ માટે અલગ અલગ લેવલ પરથી શહેરના વ્યુ છે. ઘણા ત્યાં પિકનિક લઈને આવેલા અને અવારનવાર આવતા હોય તે રીતે પોતાનો અંગત ખૂણો બનાવીને ગોઠવાઈ ગયેલા. એવામાં અમે ટોચ પર પહોંચ્યા અને જાણે આ ટેકરી જ નહીં આખું શહેર નવું લાગવા માંડેલું. કોઈ સમયે એક વોલ્કેનો રહેલી આ ટેકરી કે નાનકડો પહાડ ખુદ એડિનબરાથી પણ પૌરાણિક છે.

તેના નામના કારણે લોકો માને છે કે ટેકરીને કિંગ આર્થર સાથે કોઈ લેવા દેવા હશે જ. જોકે મજાની વાત છે કે તે નામ ખરેખર ગેલિક ફ્રેઝ ‘આર્ડ ના સેઇડ’નું જ ડિસ્ટોર્ટેડ વર્ઝન છે. તેનો અર્થ છે તીર પહોંચવાની લિમિટ અને એટલું પૂરતું ન હોય તેમ, ઘણા આ બંને વિગતને ખોટી માને છે. ખરેખર આ ટેકરીનું નામ કઈ રીતે પડ્યું તે કોઈને ખબર નથી. કેલ્ટિક દંતકથાઓ મુજબ તો આ ટેકરી એક મહાકાય ડ્રેગનની પીઠ પર બેઠી છે. ૧૮૩૬માં આ ટેકરી પર લાકડાનાં પૂતળાં ભરેલું કોફિન મળેલું. આજે પણ એ પૂતળાં શેનાં અને કોનાં હતાં તે કોઈને ખબર નથી. અમે ત્યાંથી વિહંગાવલોકન કરતાં કેટલીય દંતકથાઓ અને કલ્પનાઓના શહેરને જોઈ રહ્યાં હતાં. તે જોવામાં ઘણો લાંબો સમય કાઢ્યો. એવામાં આ સવારને કમ્પલિટ બનાવવા માટે ત્યાં શહેર તરફ ઇન્દ્રધનુષ નીકળી આવ્યું.

ટેકરીના સૌથી ઉપરના ભાગ પર હું ખાંચાઓમાં પગ મૂકી મૂકીને ચઢતાં તો ચઢી ગયેલી, ત્યાંથી એકદમ વર્ટિકલ ઢાળનો પહેલો સ્ટ્રેચ ઊતરવામાં દિવસે તારા દેખાઈ ગયેલા. લોકવાયકાઓનો હજી ઓવરલોડ નહોતો થયો. એમાં વધુ એક વાત એ પણ જાણવા મળી કે અહીં આર્થર્સ સીટ પરની સવારની ઝાકળથી સ્કિન ગ્લો થવા માંડે છે. આ જાણ્યા પછી સમજાવા લાગ્યું હતું કે આર્થર્સ સીટ પર ટૂરિસ્ટ સાથે આટલી વહેલી સવારે સ્થાનિક યંગ લોકોની પણ ભીડ કેમ હતી. આ આખો રૂટ અનેક વાર્તાઓનો ભાગ તો બનેલો જ છે. હવે પાછળથી યાદ કરીને અમને અમારી તે સવાર પણ કોઈ દંતકથાથી કમ નથી લાગતી. અમે ધાર્યા કરતાં ઘણો વધારે સમય લઈને સાથે લાવેલું પાણી અને પાવરબાર ક્યારનાં પૂરાં કરી ચૂક્યાં હતાં. હવે અમારે સાડા અગિયાર વાગ્યે ‘ઇટ્સ ધ ઇકોનોમી સ્ટુપિડ’ નામનો શો જોવા જવાનું હતું. અમે પહેલાં જે પ્લાન કરેલો તેમાં હોટલ પહોંચીને ફ્રેશ થઈને, જમીને શો પહોંચવાનું હતું. તેના બદલે હવે અમારે રસ્તામાં જ કંઇ ફટાફટ હાથમાં લઈ, એમ જ શો પહોંચી જવું પડશે. આ શો જોવાનો અમારા માટે છેલ્લો મોકો હતો. તે પછીના દિવસે ઓવરલેપમાં બીજું બુકિંગ હતું.


આર્થર્સ સીટ પર મળેલી તાજગી પછી કંઈ રેન્ડમ રેસ્ટોરાં કે કાફેમાં ખાવાને બદલે રસ્તામાંથી દૂધ અને કેળાં લીધાં. સ્કોટિશ ગાયનું કંટ્રી સાઈડમાં દૂધ મળતું હતું. એ મોકો કઈ રીતે જતો કરાય. સ્કોટલૅન્ડમાં આમ તો સ્કોચ ટેસ્ટિંગ વધુ લોકપ્રિય છે અને અમે સ્કોટિશ વ્હિસ્કીનાં ઘણાં પાસાં માણી ચૂક્યાં હતાં, પણ આ વખતે સ્કોટલૅન્ડનું ખાસ ઘાસ ખાઈને મુક્ત વાતાવરણમાં મજાથી રહેતી ગાયોનું દૂધ એટલી મજા કરાવશે એ ધાર્યું ન હતું. છેક આર્થર્સ સીટની ટોચથી પ્લેઝન્સ ડોમના થિયટર સુધી પહોંચવામાં રસ્તામાં અમે દૂધ-કેળાંની જમાવટ કરી હતી. કટાક્ષ અને મેજિક ટ્રિક્સથી ભરેલો શો ‘ઇટ્સ ધ ઇકોનોમી સ્ટુપિડ’ જોઈને મન વધુ વિચારતું થઈ ગયું હતું. તે પછી એડિનબરાના ‘ઢિશૂમ’ રેસ્ટોરાંમાં બેસીને લેટ લંચ થયું આર્થર્સ સીટના વ્યુ અને મજેદાર શો વચ્ચે ચર્ચા કરવા માટે ઘણું હતું. ફ્રિન્જ અને એડિનબરા સાથે આ વેકેશન અત્યંત અનોખું પુરવાર થઈ રહ્યું હતું. ■



વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# ઉસ્તાદ ઝાકિર હુસૈન માટે જીવલેણ બની આ જિદ્દી બીમારીઃ આઈપીએફ







**'પદ્મશ્રી'થી** લઈને ક્રમશઃ 'પદ્મભૂષણ' અને પછી 'પદ્મવિભૂષણ' સુધીના પ્રતિષ્ઠત પારિતોષિક-સન્માન અને ચાર વખત પંકાયેલા 'ગ્રેમી એવોર્ડ' વિજેતા ઝાકિર હુસૈનનું ૭૩ વર્ષની વયે સાન ફ્રાન્સિસ્કોમાં ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અવસાન થયું સાથે શાસ્ત્રીય સંગીતની દુનિયામાં શૂન્યતા છવાઈ ગઈ. ઉસ્તાદ હુસૈનનો ઈન્તેકાલ 'આઈ.પી.એફ' અર્થાત્ 'ઇડિયોપેથિક પલ્મોનરી ફાઇબ્રોસિસ'ને કારણે થયો તો જાણીએ ઉસ્તાદ ઝાકિર હુસૈન માટે જાનલેવા બની એ બીમારી 'આઈ.પી.એફ' શું છે?

આમ તો ફેફસાંને લગતી આ એક બીમારી છે. સામાન્ય રીતે, લંગ્સ-ફેફસાંને લગતી ઘણી બીમારી છે, જેમ કે અસ્થમા, બ્રોન્કાઇટિસ, ન્યુમોનિયા વગેરે. આના વિશે આપણે બધા થોડું-ઘણું જાણીએ જ છીએ. ફેફસાંનું કેન્સર પણ એક ગંભીર બીમારી છે, પણ એ બધાથી અલગ તરી આવતી બીમારી છે 'ઇડિયોપેથિક પલ્મોનરી ફાઇબ્રોસિસ' (આઈપીએફ)

જ્યારે આપણે શ્વાસ દ્વારા હવા અંદર લઈએ છીએ ત્યારે તે હવા ફેફસાંમાં રહેલી નાની-નાની સૂક્ષ્મ એવી થેલીઓમાંથી પસાર થઈને હવામાંનો ઓક્સિજન આપણા રક્તપ્રવાહમાં પહોંચાડે છે. ત્યાંથી એ પ્રાણવાયુ શરીરના વિવિધ ભાગમાં પહોંચે છે. જ્યારે પેલી જીણી પેશીઓમાં સોજા આવે અને તે સખ્ત-બરડ થઈ જાય ત્યારે એને કારણે શ્વાસ લેવામાં મુશ્કેલી ઊભી થાય છે. 'આઈપીએફ'થી ગ્રસ્ત વ્યક્તિનાં ફેફસાં પર આપણી ત્વચા ઉપર થાય એવા ઘા થઈ જાય છે. આને કારણે ફેફસાંથી લોહીમાં જતો ઓક્સિજનનો પ્રવાહ ધીમો પડી જાય છે. ઓક્સિજનની આવી કમી-ઓછપને કારણે આપણું શરીર ઘણાં કાર્ય નથી કરી શકતું.

અહીં 'ઇડિયોપેથિક' શબ્દનો અર્થ એ થાય છે કે 'રોગનું કારણ અજ્ઞાત છે' વર્ષોથી થઈ રહેલાં વ્યાપક અધ્યયન અને સંશોધન પછી પણ હજી સુધી આ બીમારી-રોગનો કોઈ ચોક્કસ ઈલાજ શોધી નથી શકાયો એ આપણા તબીબી જ્ઞાન-વિજ્ઞાનની ઊણપ ને એક વરવી વાસ્તવિકતા છે.

આ બીમારી સામાન્ય રીતે ૫૦ વર્ષ કે તેથી વધુના પુખ્ત વયના લોકોને પહેલી અસર કરે છે અને એમાંય 'આઈપીએફ'થી પીડિતોમાં ૭૫ ટકા લોકો પુરુષો હોય છે! એક અંદાજ મુજબ દુનિયાભરમાં દર ૧ લાખમાંથી ૧૫થી ૨૦ વ્યક્તિ આ જિદ્દી રોગનો ભોગ બને છે.

હૉલિવૂડના પ્રખ્યાત અદાકાર માર્લોન બ્રાન્ડો પણ આ બીમારીથી પીડાતા હતા. અત્યાર સુધીના અધ્યયનમાં એવું જણાયું છે કે 'આઈપીએફ'થી પીડિત લોકોમાંથી ૨૦% લોકોના પરિવારમાં પણ પહેલેથી જ કોઈ ફેફસાંની બીમારી હોય છે. બીજા શબ્દમાં કહીએ તો આ એક પ્રકારની જેનેટિક ડિસિસઝ-અનુવાંશિક રોગ છે.

**'આઈપીએફ'નાં લક્ષણ શું ?**

- શ્વાસ લેવામાં તકલીફ, સતત શુષ્ક ઉધરસ, સાંધા અને સ્નાયુઓમાં એકધારો દુખાવો, થાક અને ક્રમશઃ વજન ઘટવાનો સમાવેશ થાય છે.
- શરૂઆતમાં, વ્યક્તિ જ્યારે એ સક્રિય હોય ત્યારે એને શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે, પરંતુ સમય જતાં આરામ કરતી વખતે પણ શ્વાસની તકલીફ વધે છે. શુષ્ક ઉધરસ સારી નથી થતી તે પણ એક નિશાની છે. આમાં વારંવાર આવતી ખાંસીને નિયંત્રિત કરવામાં 'આઈપીએફ' ગ્રસ્ત વ્યક્તિ નિષ્ફળ રહે છે. સમય જતાં શ્વાસની જેમ ઉધરસ પણ વધુ વકરે છે.

**આ બીમારીની કોઈ વિશેષ સારવાર?**

આમ તો આ બીમારીનો કોઈ જ ઈલાજ ન હોવા છતાં, જો 'આઈપીએફ'નું સમયસર નિદાન થઈ જાય તો ઔષધીય ઉપચાર, ઓક્સિજન થેરાપીથી તેને નિયંત્રણમાં રાખી શકાય છે અને કેટલાક ગંભીર કિસ્સામાં નવાં ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ-આરોપણ પણ કરવું પડે છે. એવું પણ નથી કે આ બીમારીથી પીડિત માટે જીવવાની કોઈ શક્યતા જ નથી. હા, રોગને અનુરૂપ જીવનશૈલીમાં જરૂરી ફેરફાર કરીને એ સામાન્ય અને લાંબું જીવન જીવી શકે છે. યોગના પ્રયોગ પણ આ બીમારીમાં સહાયક સાબિત થઈ શકે છે. બાકી આ બીમારીને કાબૂમાં લઈ એને સમૂળગી સારી કરી શકાય એવી કોઈ જ દવા કે અકસીર તબીબી સારવાર હાલમાં હાથવગી નથી.

છેલ્લા કેટલાક દિવસો બાદ કરતાં ઝાકિર હુસૈન પણ ૭૩ વર્ષની ઉંમરે સક્રિય રહીને આ બીમારી સામે લડ્યા-ઝઝૂમ્યા ને જીવ્યા.. માર્લોન બ્રાન્ડો પણ ૮૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી શક્યા.

જોકે અહીં સૌથી આવશ્યક અને અગત્યનું એ છે કે આ બીમારીનું નિદાન વહેલું થઈ જાય અને નિષ્ણાતોના સૂચન મુજબ નિયમિત દવા-સારવાર અને જીવનશૈલી અપનાવવામાં આવે તો પાછલી વયે પણ ઓછી તકલીફ સાથે લાંબું જરૂર જીવી શકાય. ■

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# દિલ્હી એટલે ભારત, ભારત એટલે દિલ્હી



મોટા ભાગની દિલ્હીની કેન્દ્ર સરકારો, લગભગ રાજ્ય સરકારો જેવું જ વર્તતી હોય છે. દિલ્હી બધાને દૂર લાગે છે, પણ દિલ્હીવાળાને માત્ર દિલ્હી જ પોતાની નજીક લાગે છે, બાકીનું બધું ખૂબ દૂર લાગે છે. કેન્દ્ર સરકારનો મોટા ભાગનો સમય દિલ્હી અને એની આસપાસની સમસ્યાઓ વિશે વિચારવામાં વેડફાય છે. ત્યાં દિલ્હીમાંય સમસ્યાઓ હોય છે એમાં કોઈ શંકા નથી, પણ એવું લાગે છે કે આખા દેશમાં સમસ્યાઓ માત્ર ત્યાં જ પેદા થતી હોય છે અને એ સમસ્યાઓ જ જાણે સમગ્ર દેશની સમસ્યાઓ છે. બાકીના ભારતમાં જે કંઈ થઈ રહ્યું છે એ રાજ્ય લેવલની નાની નાની બાબત છે, જેમ કે-પંજાબ કે ગુડગાંવનો મામલો હોય તો એ દિલ્હીની સમસ્યા છે, પરંતુ અમદાવાદ કે ચેન્નાઈમાં કંઇ થઈ રહ્યું હોય એ જે-તે રાજ્યની માથાકૂટ છે.

ખરેખર તો દેશની સમસ્યાઓએ પોતે જ વિચારવું જોઈએ કે એ દિલ્હીની નજીક રહીને સમસ્યા બની રહે. દિલ્હીથી દૂર રહીને સમસ્યાનો ઉકેલ લાવી શકાતો નથી. એ દિવસો ગયા જ્યારે નોઆખલીમાં રમખાણોનો ઉકેલ લાવવા ગુજરાતના ગાંધીજી ત્યાં બંગાળ સુધી દોડતા હતા. ત્યારે રમખાણો કોઈ પણ શહેરમાં થયા હોય, એ અખિલ ભારતીય સમસ્યા અને ચિંતાનો વિષય રહેતાં. આજકાલ તો હવે એ રોજની ને લોકલ સમસ્યા છે.

દિલ્હી રાજધાની છે. એ સુંદર દેખાવું જોઈએ. પણ એમ તો કોલકતા પણ આ દેશનું એક મહાનગર છે, પણ એને એના હાલ પર છોડી દેવાનું. કોલકતા તો મરણપથારીએ પડેલું શહેર છે. મુંબઈના પ્રશ્નોનું નિરાકરણ મુંબઈ પોતે જ આપોઆપ કરી લેશે. દિલ્હી, દિલ્હીને સાચવવા કે શણગારવામાં જ બિઝી છે

દિલ્હીના લોકો પંજાબની સમસ્યાઓ ઉકેલવામાં વધુ તૈયાર છે, કારણ કે ત્યાંના અધિકારીઓ પંજાબી છે, એમના પર દબાણ પંજાબી છે. પંજાબ ૨૪ કલાક દિલ્હીના દરવાજા ખખડાવતો ને બૂમો પાડતો રહે છે. ખાલિસ્તાન કેટલાક લોકોનું સપનું છે. આપણી દિલ્હી સરકાર એ વાહિયાત સપનાની સામે પૂરી તાકાતથી લડી રહી છે, જે વખાણવા જેવી વાત છે, પણ બીજા મોંઘવારી, બેકારી જે સમસ્યાઓ પણ એક વાસ્તવિકતા છે, પણ એ દિલ્હીવાળાઓ માટે દૂરની ઘટના છે. દિલ્હીથી દૂર અમદાવાદની, ગુજરાતની, ચેન્નાઇની, તામિલનાડુની...

પંજાબની સમસ્યા સર્જવા અને વધારવાના પ્રશ્ન પર આપણે પાકિસ્તાનથી ખૂબ નારાજ છીએ, પરંતુ શ્રીલંકામાં તમિલોની સમસ્યાને લઈને કેન્દ્રના પી.મ. સાથે આવા ખરાબ સંબંધો નથી. તમિલની સમસ્યાને લઈને કે પછી આસામ, મણિપુર-નાગાલૅન્ડની સમસ્યાને માટે કોઈ ઉતાવળ નથી, કારણ કે આસામ પણ દિલ્હીથી દૂર છે.

યુ.પી.માં ઈજાગ્રસ્ત લોકો વલખાં મારતા રહેશે. દરરોજ ત્યાંની મારામારીથી લોકો મૃત્યુ પામશે, પણ એ લોકોને મરવા દો. આપણે ચિંતા એ લોકોની કરવી જોઈએ જે ટ્રાન્ઝિસ્ટર બૉમ્બથી મરી રહ્યા છે. દિલ્હીની આસપાસનો વિસ્તાર કેન્દ્રીય ચિંતાનો વિસ્તાર છે. બાકીનું ભારત બચેલું-કૂચેલું ભારત છે. એ તો છે લાચાર મતદારોનું ભારત. નતમસ્તક કહ્યાગરા સંસદસભ્યોને મોકલનારું ભારત. દિલ્હી સરકારની ચમચગીરી કરવાવાળા મુખ્ય મંત્રીઓ અને ગવર્નરોનું ભારત. દિલ્હીથી દૂર રાજ્ય સરકાર એટલે જે પોતાની લડાઈનો ઉકેલ પોતે જ લાવશે અને સજા પણ પોતે જ ભોગવનાર દૂરનું ભારત...

આસામ કે યુ.પી.નું આંદોલન, તોફાનો, આગ લગાડવી, અનેકોનાં મોત એ બધું ત્યાંના મુખ્ય મંત્રીને હટાવવા કે ન હટાવવાનું લોકલ રાજકારણ છે. ખાલિસ્તાનીઓની ઉશ્કેરણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે ગંભીર પડકાર છે. આસામમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનું કહેવાય છે, પણ દિલ્હીના પાડોશી પંજાબમાં મામલો તો હંમેશા ગરમ અને ઊકળતો જ માનવામાં આવે છે. આમાં દિલ્હીનો પાડોશી પ્રેમ છે.

વાહ રે દિલ્હીની કેન્દ્ર સરકાર તમે ખરા અર્થમાં ધન્ય છો! ■

સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# સ્પિન-સમ્રાટ અશ્વિનની નવી ઈનિંગ્સ હવે કેવી? અનુગામી કોણ-કોણ બની શકે?

ભારતને મળેલા સ્પિન-સિતારાઓમાંથી એક ઑફ-સ્પિનર રવિચન્દ્રન અશ્વિને અચાનક નિવૃત્તિ જાહેર કરીને એક તરફ બધાને ચોંકાવી દીધા છે ત્યાં બીજી બાજુ ટીમ ઇન્ડિયામાં તેનું ખાલી પડેલું સ્થાન લઈ શકે એ માટેની હરીફાઈ શરૂ થઈ ચૂકી છે. અશ્વિનના અનુગામી તરીકે ઘણા નામ લઈ શકાય, પણ એ સાથે આપણે આ લેખમાં એ પણ જોઈશું કે અશ્વિન ખેલાડી તરીકેની દોઢ દાયકાની લાંબી કરીઅર પછી હવે શું કરશે?

પહેલાં તો આપણે અશ્વિનની મેદાન પરની એક્ઝિટ બાદ હવે ટીમ ઇન્ડિયામાં તેનું સ્થાન કોણ લઈ શકે એના પર ચર્ચા કરીએ.

વીતેલાં વર્ષોને તેમ જ વર્તમાન સમયને ધ્યાનમાં લઈએ તો ભાગવત ચંદ્રશેખર, બિશનસિંહ બેદી, એરાપલ્લી પ્રસન્ના, શ્રીનિવાસ વેન્કટરાઘવન, વિનુ માંકડ, સુભાષ ગુપ્તે, દિલીપ દોશી, અનિલ કુંબલે, હરભજન સિંહ, રવીન્દ્ર જાડેજા, રવિ શાસ્ત્રી, નરેન્દ્ર હિરવાણી, નીલેશ કુલકર્ણી, પ્રજ્ઞાન ઓઝા, યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, પીયૂષ ચાવલા વગેરે સ્પિનરોએ ભારતનું નામ એક યા બીજી રીતે અને ટૂંકી અથવા લાંબી ઇનિંગ્સમાં રોશન કર્યું છે.

આમાંના દરેક સ્પિનરમાં કોઈને કોઈ ખાસિયત જોવા મળી. ભારતીય ક્રિકેટ આ બધા ખ્યાતનામ સ્પિનર્સને લીધે જ ક્રિકેટજગતમાં મહારથી કહેવાયું છે. આંગળીના જાદુની વાત કરો કે કાંડાની કરામત, આ સ્પિન બોલર્સે ભારતને અનેક મૅચો જિતાડી છે. એક સમય હતો જ્યારે વેસ્ટ ઇન્ડિઝના ફાસ્ટ બોલર્સ (માર્શલ, હોલ્ડિંગ, રોબર્ટ્સ, ગાર્નર)નો શેષ ક્રિકેટજગત પર ખોફ હતો ત્યારે હરીફ ટીમો ભારતના ચાર સ્પિનર (ચંદ્રશેખર, બેદી, પ્રસન્ના, વેન્કટરાઘવન)થી ડરતી હતી. જોકે આંકડાની દૃષ્ટિએ તેમ જ હરીફ બૅટર્સના મન પર ઊંડી છાપ પાડવાની વાત કરીએ તો અનિલ કુંબલે અને આર. અશ્વિન સૌથી શ્રેષ્ઠ મનાય છે. એમાં પણ અશ્વિને તો હરીફ ટીમને બૅટથી પણ તાકાત બતાડી હતી. ટેસ્ટમાં તેણે જે છ સેન્ચુરી ફટકારી એમાંથી પાંચ મૅચ-વિનિંગ નીવડી હતી.

**ઑલરાઉન્ડર અશ્વિને ટેસ્ટમાં ૨૭,૨૪૬ બૉલ ફેંકીને ૫૩૭ વિકેટ લીધી અને ૬,૪૨૩ બૉલ રમીને છ સેન્ચુરીની મદદથી ૩,૫૦૩ રન બનાવ્યા હતા**

અશ્વિન ખાસ કરીને ટેસ્ટ-ખેલાડી હતો. તેણે ટેસ્ટ-ક્રિકેટમાં ૨૭,૨૪૬ બૉલ ફેંકીને ૫૩૭ વિકેટ લીધી હતી અને ૬,૪૨૩ બૉલ રમીને એમાં છ સેન્ચુરી તથા ૧૪ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩,૫૦૩ રન બનાવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના નામે કુલ ૩૪ સિક્સર અને ૪૭૬ ફોર છે. કોઈ પણ કહી શકે કે અશ્વિન જેવો સ્પિન-ઑલરાઉન્ડર હવે ભારતને મળશે ખરો? તેના જેટલી ઊંચાઈ કોઈ બીજો ભારતીય સ્પિનર મેળવી શકશે કેમ અને તેની જેમ ઢગલાબંધ રેકૉર્ડ પોતાના નામે કરી શકશે કે કેમ એ લાખ રૂપિયાનો સવાલ છે, પરંતુ તેની જેમ હરીફો સામે અસરદાર બોલિંગ કરી શકે એવા બીજા સ્પિનર આપણી પાસે છે જ.

જોકે હવે આ જાયન્ટ પ્લેયરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કરી જ દીધી છે તો આપણે હવે તેના પછી શું? એનો વિચાર કરવો જ જોઈએ.

સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે અને હવે ટેસ્ટ તથા વન-ડેમાંથી પણ થોડા વર્ષોમાં રિટાયરમેન્ટ લઈ લેશે. ટીમ ઇન્ડિયામાં ફરી સ્થાન મેળવવા વિશે યુઝવેન્દ્ર ચહલનું નામ અચૂક લેવું પડે, પણ બીજા છ સ્પિનર એવા છે જેઓ ટીમ ઇન્ડિયાની ઇલેવનમાં અશ્વિનના સ્થાને સામેલ થઈ શકેઃ અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, સાઇ કિશોર, સૌરભ કુમાર અને માનવ સુથાર.



વૉશિંગ્ટન સુંદર

૩૦ વર્ષનો લેફ્ટ-આર્મ સ્પિનર અને લેફ્ટ-આર્મ અક્ષર પટેલ ભારત વતી ૧૪ ટેસ્ટ, ૬૦ વન-ડે અને ૬૬ ટી-૨૦ રમી ચૂક્યો છે. જોકે અશ્વિન તથા જાડેજાની હાજરીને લીધે તેને બહુ રમવા નથી મળ્યું. અશ્વિન હવે નહીં રમે એટલે કુલદીપ યાદવની પહેલાં અક્ષરને મોકો મળી શકે એનું સ્પષ્ટ કારણ એ છે કે અક્ષર બૅટિંગમાં પણ ટીમને ઘણો ઉપયોગી બનતો હોય છે. ખાસ કરીને ઘરઆંગણે તે દરેક મૅચમાં બે-ચાર વિકેટ તો લેતો જ હોય છે.

વૉશિંગ્ટન સુંદરને તાજેતરમાં પર્થમાં સિરીઝની પહેલી ટેસ્ટમાં (અશ્વિન-જાડેજાના ભોગે જ) રમાડવામાં આવ્યો હતો. તે પણ અશ્વિનની માફક ઑફ-સ્પિનર છે અને તેની બૅટિંગ પણ સારી છે એટલે તેનો ચાન્સ પણ વધુ કહેવાય.

૩૦ વર્ષનો લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર કુલદીપ યાદવ ભારત વતી ૧૩ ટેસ્ટ સહિત કુલ ૧૫૯ મૅચ રમી ચૂક્યો છે. થોડા મહિનાઓથી તેણે બોલિંગ-સ્ટાઇલ થોડી બદલી છે અને વધુ અસરદાર બન્યો છે. ટેસ્ટમાં તે ૨૧.૦૬ની સરેરાશે કુલ ૫૩ વિકેટ લઈ ચૂક્યો છે.

સાઇ કિશોર હાલમાં ડોમેસ્ટિક ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ સ્પિનર ગણાય છે. અશ્વિનની જેમ તે પણ ચેન્નઈનો છે. ૨૮ વર્ષનો આ લેફ્ટ-આર્મ સ્પિનર ભારત વતી ત્રણ ટી-૨૦ રમી ચૂક્યો છે જેમાં તેણે ચાર વિકેટ લીધી છે. માત્ર ૪૩ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં તેણે ૧૭૨ વિકેટ લીધી છે.

ઉત્તર પ્રદેશનો ૩૧ વર્ષીય સૌરભ કુમાર લેફ્ટ-આર્મ સ્પિનર અને લેફ્ટ-હૅન્ડ બૅટર છે. અગાઉ ભારતીય હવાઈ દળમાં રહી ચૂકેલો સૌરભ બિશનસિંહ બેદીની ખોજ છે. સૌરભે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૭૭ મૅચમાં ૨,૩૩૩ રન બનાવવા ઉપરાંત ૩૨૧ વિકેટ પણ લીધી છે. તે આ જબરદસ્ત ઑલરાઉન્ડ પર્ફોર્મન્સને કારણે થોડા જ સમયમાં ટીમ ઇન્ડિયામાં સ્થાન મેળવશે તો નવાઈ નહીં પામતા.


રાજસ્થાનનો માત્ર બાવીસ વર્ષનો માનવ સુથાર હમણાં ન્યૂઝમાં છે. આ લેફ્ટ-આર્મ સ્પિનરે ૨૧ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૮૬ વિકેટ લીધી છે અને ૬૬૩ રન બનાવ્યા છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં તેની સ્પિન-ટૅલન્ટની ખૂબ ચર્ચા છે.

હવે અશ્વિનની મેદાન પરની ઇનિંગ્સ પછીની નવી ઇનિંગ્સની વાત કરીએ તો તેની પાસે કેટલાક વિકલ્પો છેઃ (૧) ભૂતપૂર્વ ઓપનર આકાશ ચોપડાની જેમ અશ્વિનનો પણ યુટયૂબ પર બહુ મોટો ફૅનબેઝ છે. તેની 'અશ્વિન' નામની યુટયૂબ ચૅનલના ૧૬.૨ લાખ સબસ્ક્રાઇબર છે. તાજેતરમાં જ તેણે 'ઍશ કી બાત' નામની હિન્દી યુટયૂબ ચૅનલ લૉન્ચ કરી છે. (૨) અનિલ કુંબલે, રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણની જેમ આર. અશ્વિન પણ દક્ષિણ ભારતીય ખેલાડી છે અને તેનામાં ક્રિકેટ વિશેની બહુ સારી સમજ છે. ભવિષ્યમાં તે ક્રિકેટનો સારો વિશ્લેષક કે કૉમેન્ટેટર બની શકે. તેણે ઇન્ફર્મેશન ટેક્નોલૉજીમાં બીટેક સાથે ગ્રેજ્યુએશન કર્યું છે. (૩) અશ્વિન સ્પિન-કોચ પણ બની શકે. ચેન્નઈમાં તેની જન-નેક્સ્ટ (જનરેશન-નેક્સ્ટ) ક્રિકેટ ઇન્સ્ટિટ્યૂટ બહુ સારી ચાલે છે. એમાં ઘણા યુવા ખેલાડીઓ ક્રિકેટની તાલીમ લઈ રહ્યા છે. ચેન્નઈમાં આ ઇન્સ્ટિટ્યૂટના પાંચ કેન્દ્ર છે. (૪) અશ્વિન ક્રિકેટ સંબંધમાં ફુલ-ટાઇમ લેખક તો નહીં બને, પણ 'આય હેવ ધ સ્ટ્રીટસ-અ કુટ્ટી ક્રિકેટ સ્ટોરી' નામનું તેનું પુસ્તક તાજેતરમાં જ લૉન્ચ થયું હતું. સિદ્ધાર્થ મોન્ગા એનો સહ-લેખક હતો. હવે અશ્વિન બીજાં પુસ્તકો લખી શકે અને સોશિયલ મીડિયા પર પણ ખાસ્સો એવો સમય આપી શકે એટલો સમય તેની પાસે છે. ■



અક્ષર પટેલ

# તૃપ્ત અતૃપ્ત



પ્રકરણ ૨૮

■ એચ. એન. ગોલીબાર

ગોગિયો રોજની જેમ નાસ્તો લઈને આવ્યો અને ટ્રે ટેબલ પર મૂકીને પાછો રસોડામાં ગયો.

ત્યાં જ બાજુના કમરામાંથી ઊછળતો-કૂદતો મુન્નો ત્યાં આવ્યો. મુન્નાને જોતાં જીમીના દિલમાં પિતાના વહાલનો દરિયો ઊભરાયો. એણે હાથ ફેલાવીને મુન્નાને પોતાની ગોદમાં ઉઠાવી લીધો.

'પપ્પા! હવે તમે પૈસાદાર બની જશો.' મુન્નાએ જીમીની ગોદમાં આરામથી લેટતાં કહ્યું.

'પણ કેવી રીતે....?' જીમીની આંખો સામે અત્યારથી જ પૈસાના ઢગલા દેખાયા.

'ચમત્કારથી...!' મુન્નાએ કહ્યું.

'ચમત્કારથી....? કેવા ચમત્કારથી?'

'આજે રાત્રે બરાબર બે વાગ્યે અને પિસ્તાળીસ મિનિટે તમે બેડરૂમમાં - ડાબી તરફનું લાકડાનું કબાટ ખોલજો - તો એ કબાટ તમને રૂપિયાથી ભરેલું જોવા મળશે, પણ એ પહેલાં તમે એ કબાટને ખાલી કરી નાખજો અને હા! કાલ સવારે તમને કોઈ બૅન્ક લૂટવાના સમાચાર મળે તો સહેજ પણ ગભરાશો નહીં કે, હાંફળા-ફાંફળા થશો નહીં અને બીજું કે, તમારે કબાટનો દરવાજો બરાબર બે વાગ્યા ને પિસ્તાળીસ મિનિટે જ ખોલવાનો છે, એક મિનિટ વહેલું પણ નહીં અને એક મિનિટ મોડું પણ નહીં, નહીંતર કબાટમાં કોઈ પાઈ પણ તમને જોવા મળશે નહીં, કબાટ બિલકુલ ખાલી જ હશે.' આટલું કહીને મુન્નો જીમીની ગોદમાંથી કૂદીને બાજુના કમરામાં જતો રહ્યો.

જીમીની નજર સામે રૂપિયાના ઢગલે-ઢગલા દેખાવા લાગ્યા. એ તૈયાર થયો - ઑફિસે ગયો ત્યાં પણ એની નજરો સામે પૈસાના ઢગલાઓ દેખાતા રહ્યા.

સાંજે એ ઘરે આવ્યો ત્યારે મુન્નો અને ગોગિયો ત્યાં હાજર નહોતા અને કજલીની મૂર્તિ તો એ કજલીને મળવા ગયો ત્યારથી જ ગાયબ થઈ ગઈ હતી.

એ બેચેન જીવે કલાક આમતેમ આંટા મારતો રહ્યો. પછી એણે બેડરૂમના એ કબાટમાંથી બધી વસ્તુઓ કાઢી લીધી અને આખુંય કબાટ ખાલી-ખમ કરી નાખ્યું.

અત્યારે રાતના લગભગ અગિયાર વાગ્યા હતા. બે વાગ્યા ને પિસ્તાળીસ મિનિટ વાગવાને ત્રણ કલાક અને પિસ્તાળીસ મિનિટની વાર હતી.

જીમીના મગજમાં વિચારો અને સવાલ સળવળતા હતા.

શું કબાટમાં પૈસા નીકળશે.....?

સાડા અગિયાર વાગ્યા....

જીમી આમથી તેમ આંટા મારી રહ્યો.

બાર વાગ્યા...

જીમીની બેચેની વધી રહી હતી.

સાડા બાર વાગ્યા....

જીમી આમથી તેમ - આ કમરામાંથી પેલા કમરામાં ટહેલવા લાગ્યો. એ બે વાગ્યા સુધી પલંગ પર આડો પણ પડવા માગતો નહોતો. જો એ કબાટ ખોલવામાં મોડું કરે તો... તો એને પૈસાથી હાથ ધોવા પડે.

એક વાગ્યો....

જીમીએ પરસેવો લૂછ્યો અને પાણી પીધું. આજે એને કબાટ ભરીને - લાખો રૂપિયા મળવાના હતા, લાખો રૂપિયાની વાત આવે તો કોનું મન ચેનમાં રહી શકે.

બે વાગ્યા....

હવે જીમીના હાથમાં પૈસાના ઢગલા આવવાને માત્ર પિસ્તાળીસ મિનિટની વાર હતી.

બે-દસ થઈ...

બે-વીસ થઈ...

અઢી વાગ્યા....

હવે પંદર મિનિટની જ વાર હતી.

જીમીનું મન હવે કાબૂમાં નહોતું. બે ને પાંત્રીસ મિનિટ થઈ.

જીમીનું મન બેકાબૂ થતું જતું હતું.

બે ને ચાળીસ મિનિટ થઈ, અને જીમીનું મન કાબૂમાં રહ્યું નહીં. એ દોડ્યો - કબાટમાં રૂપિયાના ઢગલા જોવા દોડયો અને એણે કબાટનું હૅન્ડલ ઘુમાવીને એક જ ઝાટકે દરવાજો ખોલી નાખ્યો, અને કબાટમાં જોતાં જ જીમી માથું પકડીને નીચે બેસી ગયો.

બે વાગ્યા ને પિસ્તાળીસ મિનિટ વાગવાને ત્રણ મિનિટની વાર હતી. મુન્નાએ આપેલા સમય કરતાં ત્રણ મિનિટ પહેલાં જીમીએ કબાટ ખોલી નાખ્યું હતું. કબાટમાં રૂપિયા નહોતા. હા! ગોગિયો અંદર બેઠો હતો.

ગોગિયો કબાટમાંથી, - અંદરથી બહાર નીકળ્યો અને એક ગુસ્સાભરી નજર જીમી પર નાખીને એ બાજુના કમરામાં જતો રહ્યો.

જીમી અફસોસ કરતો ઊભો થયો અને પલંગ પર આવીને પછડાયો.

પૈસાદાર બનવાની અધીરાઈથી - ઉતાવળે એને પૈસાદાર બનાવતો અટકાવ્યો હતો. જો એણે વધુ ત્રણ મિનિટ ધીરજ રાખી, લીધી હોત તો.... તો અત્યારે એ રૂપિયાના ઢગલામાં રમી રહ્યો હોત.

આ અફસોસભર્યા વિચારો સાથે એના મગજમાં એક બીજો પણ સવાલ સળવળ્યો. એ જ્યારે સાંજે ઘરે આવ્યો ત્યારે ગોગિયો નહોતો, એણે કબાટ ખોલીને ખાલી કર્યું ત્યારે પણ એમાં ગોગિયો નહોતો, તો પછી એ અત્યારે કબાટમાં ક્યાંથી આવ્યો....?

જોકે, આ સવાલો કરતાંય એના મગજમાં એક બીજો સવાલ વધુ જોરથી અફળાતો હતો...

શું હવે એ પોતે પૈસાદાર બની શકશે ખરો...?

પૈસા માટે જ તો એણે પોતાની પત્ની રોઝીને ખતમ કરાવી નાખી હતી...

પૈસો જ તો આ દુનિયામાં પરમેશ્વર હતો, પૈસા પાછળ તો આ દુનિયા પાગલ હતી.... એ પોતે પણ તો પૈસા પાછળ પાગલ હતો....

પરંતુ શું હવે એ પૈસાદાર બની શકશે ખરો...?

સવાર પડી. ગોગિયો નાસ્તો મૂકીને ગયો, પછી મુન્નો ધીમી ચાલ ચાલતો જીમી પાસે આવ્યો. એની નજરમાં રોષ હતો - થોડોક ગુસ્સો પણ હતો.

'પપ્પા! તમે ત્રણ મિનિટ પણ વધુ ધીરજ ન રાખી શકયા...?'

'ભૂલ થઈ ગઈ, મુન્ના....!' કહેતાં જીમીએ એને પોતાની ગોદમાં લઈ લીધો. 'મારાથી ભૂલ થઈ ગઈ મુન્ના... પણ.... શું હવે હું પૈસાદાર બની શકીશ ખરો?' જીમીનો અવાજ દયામણો હતો.

થોડીક વાર સુધી મુન્નાએ જીમી સામે જોયા કર્યું, પછી એ બોલ્યો:

'હા! મમ્મીએ તમારી આ ભૂલ બદલ કાલીમા પાસે માફી માગી લીધી છે અને એટલે આજે - તમારી અધીરાઈથી ગઈ કાલે અધૂરો રહી ગયેલો ચમત્કાર હું પૂરો કરીશ. બરાબર બે ને પિસ્તાળીસ મિનિટે જ તમે આજે કબાટ ખોલજો.... જો આજે તમે કબાટ ખોલવામાં વહેલું-મોડું કર્યું તો પછી તમે જિંદગીમાં ક્યારેય પૈસાદાર નહીં બની શકો.'

'સારું....સારું....' કહેતાં જીમીએ મુન્નાના ગાલ પર બચ્ચી ભરી. મુન્નો જીમીની ગોદમાંથી ઊતર્યો અને પછી બાજુના કમરામાં જતો રહ્યો.

જીમી તૈયાર થઈને ઑફિસે પહોંચ્યો ત્યારે સાથીદારો પાસેથી બૅન્કમાં ચોરી થવાના સમાચાર સાંભળીને એ નવાઈમાં ડૂબી ગયો. સવારે બૅન્ક ખૂલતાં જ બધાયને આંચકો આપે એવું દૃશ્ય જોવા મળ્યું હતું. બૅન્કના સ્ટ્રૉંગ રૂમની મુખ્ય તિજોરીમાં પડેલા લગભગ એક કરોડ રૂપિયાનાં બંડલો બૅન્કમાં આમતેમ પડ્યાં હતાં અને વળી નવાઈની વાત તો એ હતી કે, મુખ્ય તિજોરીનો દરવાજો બરાબર બંધ હતો.

ઈન્સ્પેક્ટરનું માનવું હતું કે, કોઈ ચોર ચોરી કરવા અંદર ઘૂસ્યો હશે એણે ચોરી કરી હશે, પરંતુ કોઈના આવવાનો અણસાર સાંભળીને કે પછી ગમે તેમ પણ ચોર નોટોનાં બંડલો મૂકીને પૂંછડી દબાવીને ભાગી ગયો હશે.

જ્યારે આ સમાચાર સાંભળીને જીમીના મનમાં થયું કે, ચોક્કસ આ કામમાં મુન્નાનો હાથ હોવો જોઈએ.

બૅન્કમાં એ પૈસા પાછા તિજોરીમાં મૂકી દેવામાં આવ્યા અને આજ રાત્રે ફરી કદાચ ચોર આવે એ ભયે ચાર પોલીસો પણ રાત્રે ચોકી કરવા માટે મૂકી દેવામાં આવ્યા.

જીમી રખડી-રઝળીને સાંજે મોડે ઘરે પહોંચ્યો. આજે એ ઉતાવળ કરીને પછી પસ્તાવા માગતો નહોતો. એ પલંગ પર જાગતો પડ્યો હતો. ઘડિયાળના કાંટા ફરી રહ્યા હતા.

બાર...સવા બાર...સાડા બાર....પોણો એક...એક...સવા...દોઢ....પોણા બે...બે વાગ્યા....

જીમી આમથી તેમ આંટા મારવા લાગ્યો.

બે ને ત્રીસ મિનિટ થઈ...

જીમીનું મન રોમાંચ અનુભવી રહ્યું હતું...?

**પૈસા માટે જ તો એણે પોતાની પત્ની રોઝીને ખતમ કરાવી નાખી હતી... પૈસો જ તો આ દુનિયામાં પરમેશ્વર હતો, પૈસા પાછળ તો આ દુનિયા પાગલ હતી.... એ પોતે પણ તો પૈસા પાછળ પાગલ હતો.... પરંતુ શું હવે એ પૈસાદાર બની શકશે ખરો...?**

કબાટમાં પૈસા હશે કે નહીં?

બે ને ચુમ્માળીસ મિનિટ થઈ.

અને જીમી કબાટ પાસે પહોંચ્યો, એણે પોતાની કાંડા ઘડિયાળમાં નજર રાખી....

બે ને ચુમ્માળીસ મિનિટ અને સેકન્ડનો કાંટો પિસ્તાળીસ પર પહોંચ્યો... સાઠ સેકન્ડ - બે ને પિસ્તાળીસ મિનિટ થઈ એ સાથે જ જીમીએ કબાટનો દરવાજો એક ઝાટકા સાથે ખોલી નાખ્યો અને કબાટમાં જોતાં જ એની આંખો પહોળી થઈ ગઈ....

કબાટમાં સો-સોની નોટોનાં ઠાંસી-ઠાંસીને બંડલો ભર્યાં હતાં. જીમીએ ખુશીથી એક ચિચિયારી પાડી અને પછી કબાટમાંથી નોટોનાં બંડલો કાઢી અધ્ધર ઉછાળવા અને કેચ કરવા લાગ્યો, ખડખડાટ હસવા લાગ્યો.

ત્યાં જ દરવાજાનો ખટ્ટ અવાજ આવ્યો અને જીમીએ અધ્ધર ઉછાળેલું બંડલ ઝીલતાં એક જ ઝટકે ડોક ફેરવીને બેડરૂમના દરવાજા તરફ જોયું.

દરવાજા પાસે ગોગિયો ઊભો હતો અને મુન્નો દોડતો-દોડતો એની તરફ આવી રહ્યો હતો.

જીમીએ હાથ પહોળા કરીને મુન્નાને પોતાના હાથમાં ઉઠાવી લીધો.

'પપ્પા! તમને પૈસા મળી ગયાને? હવે તો તમે ખુશ છોને?' મુન્નાએ જીમીના ગાલ પર હાથ મૂકતાં પૂછ્યું.

'હા મુન્ના! હું ખૂબ જ ખુશ છું. મને આટલા ઢગલાબંધ પૈસા મળી ગયા, પણ....પણ આ પૈસા આવ્યા ક્યાંથી....?'

'માલિક! શું તમારા માટે આ નવાઈની વાત કે ચોંકવા જેવી વાત છે ખરી? શું આના કરતાંય વધુ ચોંકાવી દે તેવા ચમત્કારો તમારી નજર સામે બન્યા નથી?'

'હું તમને બતાવું છું.' દરવાજા પાસે ઊભેલા ગોગિયાએ કહ્યું. એટલે જીમીએ એની તરફ જોયું.

'હા....હા....' જીમીને ખ્યાલ આવી ગયો. આ ચમત્કાર પાછળ કાલીમા અને કજલી તેમ જ મુન્નાનો જ હાથ હોવો જોઈએ.

'અને પપ્પા!' મુન્નો બોલ્યો એટલે જીમીએ ગોગિયા તરફથી નજર ફેરવીને મુન્ના તરફ જોયું. 'તમને હું કહું નહીં ત્યાં સુધી તમે આ બંડલોમાંથી એક નોટ ણ કાઢશો નહીં કે વાપરશો નહીં....!' મુન્નાએ જીમીને ચેતવ્યો.

જીમીને થયું કે, એ મુન્નાને ચોખ્ખેચોખ્ખું કહી દે, ગોગિયાને સ્પષ્ટ સંભળાવી દે કે, 'આ નોટોનાં બંડલો હવે મારાં છે, મારાં.... આને મેં મારી પ્યારી પત્ની રોઝીને ખોઈને મેળવ્યાં છે, આ પૈસા મારા છે, મારી મરજી પડશે તેમ અને ત્યારે હું આ પૈસા વાપરીશ.'

પરંતુ પછી એણે પોતાની જાતને સંભાળી અને પછી હાલ પૂરતી તો વાત પતાવવા માટે એણે કહ્યું: 'સારું મુન્ના, તું કહે છે એમ જ હું કરીશ.'

મુન્નો જીમીની ગોદમાંથી ઊતર્યો અને ગોગિયા પાસેથી પસાર થતો-દોડતો-દોડતો બાજુના કમરામાં જતો રહ્યો.

જીમી હજુ ત્યાં જ ઊભો હતો. એની નજર સામે કબાટમાં ઠાંસી-ઠાંસીને ભરાયેલાં નોટોનાં બંડલો પર હતી.

ગોગિયો ધીમે-ધીમે આગળ વધ્યો અને પછી નીચે અહીંતહીં પડેલાં નોટોનાં બંડલ એણે ઉઠાવ્યાં અને કબાટ પાસે પહોંચ્યો. એણે કબાટમાં ખાલી જગ્યામાં એ બંડલો ગોઠવ્યાં અને પછી કબાટનું બારણું બંધ કર્યું ત્યારે જ જીમીની આંખો ઝપકી.

ગોગિયાએ કબાટને તાળું માર્યું અને ચાવી જીમીના હાથમાં આપી. 'માલિક! હવે તમે નિરાંતે સૂઈ જાવ. હવે તમારે કોઈ જ જાતની ફિકર કરવાની જરૂર નથી.'

'સારું....!' કહેતાં જીમી પલંગ પાસે આવ્યો.

'માલિક! હું બે દિવસ માટે બહાર જવા માગું છું.' ગોગિયાએ જીમી પાસે રજા માગતો હોય એમ પૂછ્યું.

'ક્યાં?'

'અજનબીના બંગલામાં!'

'કેમ?'

'માલિક! હવે એનું અને તમારું મિલન થશે, હંમેશને માટે. હવે તમને બન્નેને ક્યારેય મોત નહીં આવે.'

'સારું! પણ તું એ બંગલામાં શા માટે જઈ રહ્યો છે?'

'માલિક! હું રહું જ છું ત્યાં! અને વળી બંગલાની સાફસફાઈ કરવાની છે. તમારા બન્ને માટે બંગલાને સજાવવાનો છે.'

જીમીને આ વાત સાંભળીને ખુશી થઈ.

'સારું તો માલિક, હું જાઉં છું!' ગોગિયાએ કહ્યું અને એ બહારની તરફ ફરવા જતો હતો ત્યાં જીમીએ એને પૂછ્યું: 'અને મુન્નાનું શું? એને તું સાથે નથી લઈ જતો? વળી કજલીની મૂર્તિ પણ અહીં નથી.'

'એના વિષે મને કંઈ જ હુકમ મળ્યો નથી! એટલે હું એકલો જ જાઉં છું.' કહેતાં જીમીના કોઈ જવાબ કે સવાલની વાટ જોયા વિના જ ગોગિયો કમરાની બહાર નીકળી ગયો અને પછી જીમીના કાને ઘરનો મુખ્ય દરવાજો ખૂલવાનો અને બંધ થવાનો અવાજ સંભળાયો. મતલબ કે, ગોગિયો બહાર જતો રહ્યો છે.

જીમીએ કબાટ તરફ જોયું. એના હાથમાં ખૂજલી આવવા લાગી, એની આંખો નોટોનાં બંડલો જોવા માટે તલસવા લાગી. એ આગળ વધ્યો અને કબાટના તાળાને ચાવી લગાવવા જતો હતો ત્યાં જ એના મગજમાં એક વિચાર સળવળ્યો: 'આ કબાટમાંના રૂપિયાનાં બંડલો જોઈને કદાચ એની આંખો ઠરશે, પરંતુ એના હાથોની ખૂજલી તો ઓછી થશે જ નહીંને! કારણ કે મુન્નાએ એને ચેતવણી આપી હતી કે એની રજા વિના આ બંડલોમાંથી એકેય નોટ ન કાઢવી!' અને વળી મુન્નો ક્યારે રજા આપશે અને ત્યાં સુધી નોટોનાં બંડલોને કોઈક યુવાન યુવતીને લલચામણી નજરે જુએ એ નજરે જોયા કરવાનું?

ના!

અને આના માટે એના મગજમાં એક ભયાનક વિચાર જન્મ્યો. પોતાને રૂપિયા વાપરવાની ના પાડનાર મુન્નાને જ ખતમ કરી નાખે....? એટલે નહીં હોય મુન્નો કે નહીં હોય એના રૂપિયા વાપરવા દેવાની આનાકાની....?

જીમીએ મુન્નાને ખતમ કરી નાખવાનું નક્કી કરી લીધું અને એ મુન્નાને ખતમ કરવા માટે આગળ વધ્યો. (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| લક્ષણ | પદ્ધતિ |
| લખત | નિશાની |
| લજ્જા | તમાચો |
| લઢણ | શરમ |
| લપડાક | કરાર |

### ઓળખાણ પડી?



ડોલર, પાઉન્ડ અને યુરો સિવાય પણ કેટલાક ચલણ (કરન્સી) જોવા મળે છે. 'ક્રોનર' તરીકે ઓળખાતું વિદેશી ચલણ કયા દેશમાં છે એની ઓળખાણ પડી?

અ) હંગેરી ब) જર્મની ક) નોર્વે ડ) બેલ્જિયમ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | ૨ ગો | પ | ૩ ન | | ૪ વાં | ૫ સ | ૬ વ | ન | |
| ૭ હા | ર | | ૮ વા | ર | સ | દા | ર | | ૯ પ |
| ૧૦ ર | જ | ૧૧ ક | ણ | | ડો | | ૧૨ સી | ગા | ર |
| ક | | થ | | ૧૩ ના | | ૧૪ સા | દા | | કી |
| | ૧૫ અ | ક | ળા | મ | ણ | | ૧૬ ન | ૧૭ મા | યા |
| ૧૮ આં | બ | લી | | ક | | ૧૯ ભ | | વી | |
| ૨૦ ગ | ળા | | ૨૧ બો | ર | સ | લી | | ૨૨ ત | ૨૩ જ |
| ળિ | | | ૨૪ ઘ | ણ | | | ૨૫ બા | ર | શ |
| ૨૬ યા | ૨૭ દ | ૨૮ ગા | ર | | ૨૯ આ | | ક | | |
| ૩૦ ત | ર | ભા | ણું | | ૩૧ ઘો | ડે | સ | વા | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | | ૯ | | | | |
| ૧૦ | | | ૧૧ | ૧૨ | | | ૧૩ | ૧૪ | |
| | | ૧૫ | | | | | | ૧૬ | |
| | ૧૭ | | | | ૧૮ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | | ૨૨ | | | ૨૩ | ૨૪ | | |
| ૨૫ | | | | | ૨૬ | | ૨૭ | | ૨૮ |
| | | ૨૯ | | | | | | | |
| ૩૦ | ૩૧ | | | | | | ૩૨ | ૩૩ | |
| ૩૪ | | | ૩૫ | | | | | | |

**આડી ચાવી**

૧. સહજ, સ્વાભાવિક, કુદરતી (૪)
૪. મોટો સમુદ્ર (૫)
૮. મારા નાનાના દીકરા (૨)
૯. પરિસ્થિતિ (૩)
૧૦. કસરત કરવાની જગા (૨)
૧૧. યજ્ઞ કરવો તે, પૂજન (૩)
૧૩. લોકો ખાસ ફરવા જાય - સિંગાપોર --- (૩)
૧૫. અલગતા, ભિન્નતા (૪)
૧૬. દુઃખ, પીડા (૨)
૧૭. ક્ષમા (૨)
૧૮. નસીબ (૨)
૨૦. ભેટ રૂપે વહેંચવું તે (૨)
૨૧. વૃંદાવન (૫)
૨૩. મગજ, ભેજું (૩)
૨૫. એકદમ નવું (૪)
૨૭. રસ્તો, રાહ, પ્રતીક્ષા (૩)
૨૯. --- કઠોળ તબિયત માટે સારાં (૫)
૩૦. નાની ગાગર (૩)
૩૨. ચડિયાતું (૩)
૩૪. પહેલાં કન્યાને ---માં બેસાડી વરાવતા (૨)
૩૫. વહેલી સવારનો કુમળો તડકો (૬)

**ઊભી ચાવી**

૧. સમાજને લગતું (૪)
૨. સ્નાનાગાર (૩)
૩. કળા કરતો (મોર) (૪)
૪. મોટી નવલકથા (૫)
૫. હમણાં જ (૨)
૬. શીતળા ---ના દિવસે ઠંડું ખાવું પડે (૩)
૭. આજની ઘડી તે --- (૫)
૧૨. ખાલી --- પૂરો (૨)
૧૪. સતત, એકધારું (૫)
૧૫. ધમાલ (૬)
૧૭. માણસ (૩)
૧૯. ક્યારેક (૨)
૨૧. વેરાન જંગલ (૫)
૨૨. જાતિ, નાત (૩)
૨૪. ગુજરાતમાં લોકો --- બહુ ખાય (૨)
૨૬. વાવવું તે, વાવેલી જમીન (૪)
૨૮. નાનું ડીંટું, રીંગણું (૩)
૩૧. શહેરમાં ફળિયાને --- કહે (૨)
૩૨. માથું (૨)
૩૩. તાણો ને ---થી કપડું વણાય (૨)

### ગુજરાત મોરી મોરી રે

ખાવાની વિવિધ આઈટમ સાથે ગુજરાતના વિવિધ શહેરના નામ જોડાઈ ગયા છે. ગાંઠિયા સાથે કયું શહેર નાતો ધરાવે છે એ જણાવો.

અ) ભરૂચ બ) પોરબંદર ક) અમરેલી ડ) ભાવનગર

### જાણવા જેવું

મનુષ્ય સ્વભાવનું પ્રતિબિંબ પાડતી પંક્તિઓ છે ભલો ભલાઈ ના ત્યજે, દુષ્ટ ન ચુકે દાવ, ચંદનને સળગાવતાં પ્રગટે શુભ સ્વભાવ. અન્યનું કાયમ ઈષ્ટ ઈચ્છતા લોકો કાયમ એમના સ્વભાવને વળગી રહે છે. એ સ્વભાવ આજીવન એમની સાથે રહે છે. એવું જ બુરાઈ કરનારાઓનું હોય છે. દુષ્ટતા આચરવા કોઈ દાવ રમવાનું એ ચુકતા નથી.

### સુડોકુ-૭૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૩ | ૧ | | | ૯ | | |
| | | | | | | | | |
| ૬ | ૨ | | | | | ૩ | ૭ | ૪ |
| | | ૯ | | ૮ | ૨ | ૫ | | |
| | ૪ | | ૫ | | ૭ | | ૯ | |
| | | ૭ | ૪ | ૩ | | ૮ | | |
| ૪ | ૩ | ૮ | | | | | ૧ | ૯ |
| | | | | | | | | |
| | | ૫ | | | ૪ | ૭ | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૪ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૩ |
| ૨ | ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૫ | ૮ | ૯ |
| ૮ | ૯ | ૧ | ૩ | ૫ | ૨ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૪ | ૭ | ૬ | ૨ | ૮ | ૯ | ૩ | ૧ |
| ૯ | ૬ | ૮ | ૫ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૪ | ૮ | ૩ | ૨ | ૬ | ૫ | ૧ | ૯ | ૭ |
| ૧ | ૨ | ૯ | ૭ | ૮ | ૪ | ૩ | ૬ | ૫ |
| ૬ | ૭ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ | ૪ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

પોણા બસો લોકોને ભરખી જનારો ૧૯૬૭નો ધરતીકંપ મહારાષ્ટ્રના કયા શહેરમાં નોંધાયો હતો એ જણાવો. રિક્ટર સ્કેલ પર એની તીવ્રતા ૬.૬ની હતી.

અ) નાગપુર
બ) સોલાપુર
ક) અહમદનગર
ડ) કોયનાનગર

### નોંધી રાખો

બરાબર યાદ રાખજો કે જિંદગી બદલવા લડવું પડે છે અને જિંદગી બદલવા માટે અનેક બાબત સમજવાની કોશિશ કરવી પડે છે.

### માઈન્ડ ગેમ

ખ્યાતનામ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) ગુજરાતમાં ક્યા સ્થળ પર કાર્યરત છે એ કહી શકશો? દેશમાં કુલ ૨૩ આઈઆઈટી છે.

અ) વડોદરા બ) ગાંધીનગર ક) સુરત ડ) અમદાવાદ

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હકૂમત | સત્તા |
| હઠીલું | જિદ્દી |
| હડધૂત | તિરસ્કાર |
| હમામ | સ્નાનગૃહ |
| હયાત | જીવંત |

ગુજરાત મોરી મોરી રે: હિરણ

ઓળખાણ પડી: માલપુઆ

માઈન્ડ ગેમ: ખડક

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કેપ્લર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટિકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશ દલાલ (૧૮) જ્યોત્સના ગાંધી (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ મુનીમ (૨૬) મીનળ કાપડિયા (૨૭) નુતન વિપીન (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૨૯) હર્ષા મહેતા (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અરવિંદ કામદાર (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪)ભાવના કર્વે (૩૫) કલ્પના આશર (૩૬) અંજુ ટોલિયા (૩૮)ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જગદીશ ઠક્કર (૪૨) હિના દલાલ (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) શિલ્પા શ્રોફ (૪૭) નિતિન બજરિયા (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) પુષ્પા ખોના (૫૦) નંદકિશોર સંજાણવાળા (૫૧) વિણા સંપટ (૫૨) વિજય આશર



# અજાણ્યાનું પર્સ તમારા હાથમાં આવી જાય તો?

## એડિનબર્ગ યુનિવર્સિટીએ કર્યું એક રસપ્રદ સર્વેક્ષણ

### ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

**તમે** કેવા માણસ છો? મોટે ભાગે સારા માણસ જ હશો. મોટા ભાગના લોકો મોટે ભાગે સારા જ હોય છે તો પછી ખરાબ માણસ કોણ ? મોટે ભાગે ખરાબ માણસ એટલે એવા માણસ જે આમ તો સારા જ હોય છે, પણ કોઈક વખત કોઈક કારણોસર ખોટું કામ કરી બેસે. સાચું પૂછો તો સાચા-ખોટાની આ પારાયણ બહુ કોમ્પ્લિકેટેડ છે. જૂની હિન્દી ફિલ્મોના વિલનની જેમ કોઈ સંપૂર્ણપણે ખરાબ નથી હોતું. એ જ પ્રમાણે કોઈ સંપૂર્ણ સારું ય ક્યાં હોય છે! બધા આખરે તો વખાના માર્યા ખોટાં કામ કરી બેસે.

તમે કઈ ઘડીએ કેવું વર્તન કરશો કે કઈ વાતની પસંદગી કરશો એનું મનોવિજ્ઞાન બહુ જટિલ છે.

યુરોપ-અમેરિકાની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ-સંશોધકો-શિક્ષકો શીખવા પાછળ આપણી સરખામણીએ ઘણો વધારે સમય ફાળવે છે એટલે એ લોકો આવી જટિલ વાત - વિષયને લઈને અનેક સંશોધનો પણ કરતા રહે છે.

આવો જ એક પ્રયોગ થોડાં વર્ષ અગાઉ ૨૦૦૮માં સ્કોટલેન્ડની એડિનબર્ગ યુનિવર્સિટીના માનસશાસ્ત્રીય સંશોધકોએ કર્યો હતો.

કોઈ અજાણી વ્યક્તિનું વોલેટ એટલે કે પૈસા મૂકવાનું પર્સ જો તમને મળે તો તમે એનું શું કરો? અહીં પ્રામાણિકતા માપવાનો કોઈ ઉદ્દેશ્ય નહોતો. આમ છતાં સંશોધકો એ જાણવા માગતા હતા કે પર્સમાં કરન્સી સિવાયની અમુક ચીજો મૂકવામાં આવે તો એની શું અસર થાય? આ થોડો વિચિત્ર પ્રયોગ લાગે,પણ અમુક માનસશાસ્ત્રીય તારણો આવા ભેજાગેપ પ્રયોગો દ્વારા જ તારવી શકાતા હોય છે.

કરન્સી ભરેલા કુલ ૨૪૦ જેટલાં પર્સ એડિનબર્ગ શહેરના વિવિધ વિસ્તારો-ગલીઓમાં એવી રીતે રેઢા મૂકવામાં આવ્યા, જાણે કોઈકના ગજવામાંથી પડી ગયા હોય. દરેક પર્સમાં એના માલિકનું એડ્રેસ હતું, જેથી જે અજાણ્યા વ્યક્તિને પર્સ મળે તો એ મૂળ માલિકને પહોંચાડી શકે. હવે મજાની વાત એ હતી કે પર્સમાં એડ્રેસ અને કરન્સી સિવાય પણ કેટલીક ચીજો મૂકવામાં આવી. આ એવી ચીજો હતી, જે પર્સના મૂળ માલિક વિષે માહિતી આપતી હોય. દાખલા તરીકે સ્માઈલ કરતા બાળકનો ફોટો, ક્યૂટ પપીનો- ગલુડિયાનો ફોટો અથવા વૃદ્ધ દંપતીનો ફોટો. અમુક પર્સમાં વળી કોઈક સંસ્થાને અપાયેલા દાનની રસીદ પણ મૂકવામાં આવી. એવી કાળજી રાખવામાં આવી કે દરેક પર્સમાં કરન્સી સિવાય આ ચાર પૈકીની કોઈ એક જ ચીજ મોજૂદ હોય અર્થાત, એક પર્સમાં કરન્સીની સાથે બેબીનો ફોટો મૂક્યો હોય તો બીજામાં વળી પપીનો ફોટો હોય. ત્રીજામાં વૃદ્ધ દંપતીનો ફોટો હોય તો ચોથામાં ડોનેશનની રસીદ....

હવે જે વ્યક્તિના હાથમાં પર્સ આવે એના ઇમોશન્સ-લાગણી સાથે આ અજાણી ચીજો અદ્ભુત 'રમત' રમવાની હતી! સંશોધકો એ જાણવા માગતા હતા કે ચાર પૈકીની કઈ ચીજ લોકોને વધુ અપીલ કરે છે. પર્સમાંથી બાળકનો ફોટો નીકળે તો એનો અર્થ એમ થાય કે પર્સનો મૂળ માલિક એક સરસ મજાના બાળકનો પિતા છે. વૃદ્ધ દંપતીનો ફોટો નીકળે તો એ પર્સ એવા જ કોઈ વૃદ્ધ યુગલનું હોવાની ધારણા બંધાય. ડોનેશનની રસીદ નીકળે તો માની શકાય કે પર્સનો માલિક સામાજિક નિસ્બત ધરાવનારો દાનવીર હશે.

હકીકતે સંશોધકો એ જાણવા માંગતા હતા કે કઈ ચીજ મૂકેલા પર્સ વધુ પ્રમાણમાં પાછા મળે છે! થયું એવું કે શહેરમાં વિવિધ સ્થળે ગોઠવાયેલા ૨૪૦ પર્સ જુદા જુદા અજાણ્યા લોકોના હાથમાં આવ્યા. એ બધાએ પહેલા તો પર્સ ખોલીને જોયું હશે. એમાં કરન્સીની સાથે મૂકાયેલ ફોટોગ્રાફ અથવા રસીદ એમને દેખાયા હશે. સાથે જ પર્સના ઓરીજીનલ માલિકનું એડ્રેસ પણ હશે. આ બધું જોયા-જાણ્યા પછી પેલા અજાણ્યા લોકોમાંથી ૫૮ ટકા લોકોએ ઝાઝું વિચાર્યા વિના પર્સની કરન્સી કાઢી-પર્સને ફગાવી રકમ ગજવામાં સેરવી લીધી ને ચાલતી પકડી!

આ બહુ સ્વાભાવિક પ્રતિક્રિયા હતી. જ્યારે કોઈ જોતું ન હોય એવા સમયે અનાયાસ મળી જતો ફાયદો તમારી નૈતિકતાને કોરાણે મુકાવી દેતો હોય છે. ૫૮ ટકા લોકો સાથે એવું જ બન્યું, પણ બાકીના ૪૨ ટકા નર-નારીઓ એવા પાક્યા, જેમણે પર્સમાંથી એડ્રેસ મેળવીને એને મૂળ માલિક સુધી પહોંચાડવાની સામાજિક જવાબદારી નિભાવી.

હવે સંશોધકો જાણવા એવું માગતા હતા કે જેટલા પર્સ પાછાં આવ્યાં, એમાંથી કઈ ચીજ ધરાવતા પર્સની સંખ્યા વધુ હતી? શું વૃદ્ધ દંપતીનાં પર્સ વધુ પ્રમાણમાં પાછા આવ્યાં કે ક્યૂટ ડોગીના માલિકના પર્સ આવ્યા? દાનવીર કર્ણનું પર્સ પાછું વાળવાની ઈચ્છા કેટલા લોકોને થઇ? અને કેટલાને લાગ્યું કે આ ક્યૂટ બેબીના પપ્પાનું પર્સ પાછું પહોંચાડવું જોઈએ?

જેટલાં પર્સ મૂળ માલિકને પાછા પહોંચ્યાં એમાંના મોટા ભાગના પર્સમાં ક્યૂટ બેબીનો ફોટો હતો. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ વ્હાલા બાળકના પિતાના પૈસા ગપચાવી લેવામાં બહુ ઓછા લોકોને રસ પડ્યો. એ પછી ક્યૂટ શ્વાન -ગલુડિયાનો વારો હતો. એવા ફોટાવાળા પર્સ પણ મોટા પ્રમાણમાં પરત થયાં.

બીજી તરફ, વૃદ્ધ યુગલનું વોલેટ પાછું પહોંચાડવું જોઈએ એવો ઉમદા વિચાર બહુ ઓછાએ અમલમાં મૂક્યો. અને ચેરિટી? સાહેબ, આવા દાનવીર કર્ણ ઉપર બહુ ઓછા એડિનબર્ગવાસીઓએ દયા ખાધી. ડોનેશન આપનાર વ્યક્તિઓના પર્સ બહુ ઓછા પ્રમાણમાં પાછા ફર્યા અને હા, કેટલાંક પર્સ એવાં ય હતાં, જેમાં માત્ર કરન્સી હતી. લોકોએ આ પ્રકારના વોલેટ્સની ધૂમ તફડંચી કરી. નો ઇમોશન્સ, ઓન્લી મની!

હવે આના પરથી શું તારણ કાઢી શકાય?

એ જ કે લોકોને બાળકો સૌથી વહાલા હોય અને બાળકોની ઈમોશનલ અપીલ સૌથી વધુ હોય એ સમજી શકાય, પણ ઘરડાં દંપતીની દયા ખાનાર લોકો કરતાં શ્વાનની દયા ખાનારા વધુ હતા! એ જ પ્રમાણે જે લોકોએ સાચી નિસ્બત સાથે સમાજને કશુંક આપ્યું હોય-દાન કર્યુ હોય એનું પર્સ પાછું આપવા અંગે બહુ ઓછાએ નિસ્બત દાખવી!

હવે તમે જ કહો, એડિનબર્ગના રહેવાસીઓ એકંદરે સારા માણસ કહેવાય કે ખરાબ? અમે તો બસ એટલું જ કહીશું કે 'તુલસી ઇસ સંસારમેં ભાત ભાત કે લોગ!' ■

### મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# વસંત પરેશને હાસ્યાંજલિ
# સિઝનમાં સારા - સિનિયર કલાકાર પહેલાં બુક થાય...



'સિઝનમાં સારા- સિનિયર કલાકાર પહેલાં બુક થાય...'

આ સાંભળીને ચુનિયાએ ટાપસી પૂરીઃ

'સારું છે તમે સિનિયર હાસ્ય કલાકાર નથી.'

વસંત નામે હાસ્ય તારલો ગગનમાં વિલીન થયો. આગલી રાતે કાર્યક્રમમાં હોય સવારે વહેલું ઊઠવું મુશ્કેલ હતું. આવું તો જો કે કાર્યક્રમ ન હોય તો પણ સવારે ઊઠવું તો મુશ્કેલ જ હોય છે- એમાં પણ શિયાળાની સવાર.

મોબાઈલ ફોન ત્રણ- ચાર વાર ધણધણ્યો, પરંતુ આજ સુધીનો મારો અનુભવ છે કે ઇવેન્ટ ઓર્ગેનાઇઝર કે કાર્યક્રમ રાખવા માગતી પાર્ટી સવાર સવારમાં કોઈ કલાકારને હેરાન ન કરે. એમને ખબર જ હોય કે કલાકાર માત્ર બપોરે જમવા સમયે જ જાગે એટલે માની લીધું કે ઉઘરાણીવાળાઓનો જ ફોન હોય, પરંતુ હું થોડો દયાળુ કોઈની સવાર બગાડું નહીં - મારી તો હરગીઝ નહીં. વાયદા આપી ના પાડું એટલે એમની સવાર બગડે. હું કાયમ બીજાનો વિચારું. જોકે, ઝીણી આંખ કરી મોબાઇલમાં નામ જોતા તો હાસ્ય કલાકારોનાં નામ દેખાયા.

જીતુભાઈ દ્વારકાવાળાને પ્રથમ ફોન કરતા એમણે કહ્યું કે વસંત પરેશ બુક થઈ ગયા. મેં કહ્યુંઃ સિનિયર છે. અને સારા કલાકાર છે તો બુક થાય, પણ સવાર સવારમાં તમે ફોન કર્યો માત્ર આટલું કહેવા માટે? તો એ મને કહે : 'ના, એ હવે આપણી વચ્ચે નથી...'

ખરેખર ધ્રાસકો પડ્યો. ઉપરવાળાનો મૂડ હમણાં કંઈક જુદો હોય એવું લાગે છે. સુગમ સંગીતના સિતારા એવા પુરુષોત્તમભાઈ ઉપાધ્યાય અને તબલાવાદનના નાદ એવા ઝાકિરજી પણ બ્રહ્મલીન થયા અને હવે હાસ્ય જગતના તેજસ્વી તારલા વસંત પરેશ બંધુ પણ ગગનમાં વિલીન થયા.

દેવસભામાં ખાલી સંગીતથી ન ચાલે એટલે હાસ્યના શૂટિંગ માટે કોઈ સારા કલાકારની શોધ કરી હશે અને પ્રથમ નામ વસંત પરેશ જાણવા મળ્યું હશે. સ્વર્ગમાં તો 'આહ' અને 'વાહ' થશે, પરંતુ અહીં પૃથ્વીલોકમાં હાહાકાર થઈ ગયો.

વસંત પરેશ સ્વયં પર હસી શકતા. જોકે જિંદગી આખી હેરાન પણ બહુ થયા છે. કાયમ અડધું પેમેન્ટ મળ્યું, કારણ કે પાર્ટી વસંત પરેશને બુક કરે અને વસંતભાઈ જાય એટલે કાર્યક્રમવાળા પછી એમ કહે કે 'પરેશભાઈને ન લાવ્યા એટલે એનું અડધું પેમેન્ટ કાપી લઈએ છીએ...! '

બહુ ઓછા ને ખબર હશે કે પરેશ એમનું નામ હતું અને 'વસંત' એમની અટક હતી અને 'બંધુ' એમનું તખલ્લુસ હતું. કદાચ ઊભરતા હાસ્ય કલાકારો માટે કાયમ બંધુત્વની ભાવના રાખી એટલે 'બંધુ' તરીકે ઓળખાયા.

સાંજે ૪:૩૦ વાગે સ્મશાન યાત્રા હતી એટલે રાજકોટના હાસ્ય કલાકારો સાઇરામ દવે- ગુણવંત ચુડાસમા- તેજસ પટેલ અને ચંદ્રેશ ગઢવી તથા હું નીકળ્યા. રસ્તામાં અમારો ચુનિયો પણ ઊભો હતો. મેં કહ્યું કે 'તું નહીં આવે તો ચાલશે ' તો મને કહે : 'મારે તો આવવું જ પડે. જ્યારે મળ્યા છે ત્યારે મારું ગળું ભીનું કરાવ્યું છે.' મેં કહ્યું : 'પણ તારા મોઢામાંથી વાસ આવે છે. સવાર સવારમાં લગાવીને બેઠો છે?'

મને ચુનોયો કહે : 'કોઈ હાસ્ય કલાકાર ગુજરી જાય તો તમે હાસ્ય અંજલિ આપો છો ને? મારું ગળું ભીનું કરાવનારને અંતિમ વિદાય આપવા માટે મારે ગળું ભીનું કરવું પડે..' .

૧૧૦ હાસ્યની સીડી જેની બજારમાં ધૂમ મચાવે તેવો અડાબીડ કલાકાર દસ મણ લાકડા વચ્ચે ગોઠવાય તે સ્વીકારવું અઘરું છે. હાસ્યના ઘણા પ્રકાર છે તેમાંનો એક પ્રકાર એટલે બ્લેક હ્યુમર. ઓધવજીની સ્મશાનયાત્રામાં પણ તમને હસાવીને બઠ્ઠા પાડી દે અને વાત પૂરી થતાં જ વૈરાગ્યની વાત કરી આંખના ખૂણા પણ ભિંજવી દે.

વિનુ ચાર્લી જામનગરના ઓરકેસ્ટ્રાના સિંગર અને મિમિક્રી આર્ટિસ્ટ. એમને રસ્તામાંથી મેં ફોન કર્યો કે 'અમે ઘરે આવીએ છીએ તમે છેલ્લી માહિતીથી અવગત કરો'. મને કહે : 'નનામી બાંધીએ છીએ. વસંતને ૨૦ મિનિટની સીટિંગની આદત છે. સ્મશાને પહોંચતા પોણી કલાક થાય. અધવચ્ચે બેઠો થઈ જાય તેના કરતાં વ્યવસ્થિત શાંતિથી સૂતા સૂતા જાય તેવી વ્યવસ્થા કરવી પડે ને?'

સ્મશાને પહોંચીને બહારની અને ઓટલાની વિધિ પૂર્ણ કરી ત્યાં સમાચાર મળ્યા કે આગળ એક વિધિ ચાલુ છે એટલે વસંતભાઈનો વારો પોણી કલાક પછી આવશે. કાર્યક્રમમાં પણ શરૂઆતના કલાકારો અડધી પોણી કલાકની સીટિંગ પૂરી કરે પછી વસંતભાઈની જમાવટ રહેતી.

કોઈ કથાકારની કથામાં મોટી માનવમેદની જોઈ મુંબઈના એક કાર્યક્રમમાં અમે સાથે હતા. સવારમાં નાસ્તો કરતા કરતા ટીવીમાં એક કોઈ કથાકારની કથામાં મોટી માનવ મેદની જોઈ મેં પૂછ્યું : 'વસંતભાઈ, કથાકાર અને કલાકાર આ બંનેમાં તફાવત શું? ' તો મને એ કહે :

'બંનેની કેપેસિટી હોય છતાં કાર ખરીદે નહીં અને બીજાની કારમાં આવે. બીજા ઘણા ફરક છે, પણ મારા અને આ કથાકારમાં સામ્ય એ છે કે એ સંત છે તો હું વસંત છું...! '

ખાલી જોક્સ પર અઢી કલાક સુધી ટકી રહેવું તે બહુ અઘરું છે. કોઈ પ્રસંગ નહીં, ગાયકી નહીં, વચ્ચે બહુ તો એક બે શાયરી આવે. આમ જોક્સ અને રમૂજી વાતો જ કરતા વસંત પરેશ હાસ્યની હરતી- ફરતી યુનિવર્સિટી હતા.

એક કાર્યક્રમના સ્થળ પર મને યાદ છે કે અમે જમવા બેઠા હતા. ઉનાળાની ગરમી વસંતભાઈ ને આંબી ગઈ હતી. પિરસનારા ભાઈ વસંતભાઈની હાજરીમાં 'અમને પણ આવડે છે' તેવું સાબિત કરવા જોક્સ કરતા હતા. જમવામાં બ્રેક લાગી ગઈ. બે- પાંચ મિનિટ રાહ જોઈ પછી વસંતભાઈએ કીધું :

'હાસ્યરસ હું પીરસીશ તમે કેરીનો રસ પીરસો ! '

નાની વાત પરથી હાસ્ય નિસ્પંદ કરવું એ જો તમે તેને કલ્પી શકો અને સામે ભજવાતું વિચારી શકો તો વસંતભાઈની એક એક વાત પર હસી હસીને બેવડા વળી જવાય એની ૧૦૦ ટકા ગેરેન્ટી..

બાકી ગુજરાતી ભાષામાં આવી 'વસંત' ફરી ક્યારે ખીલશે ? ■

**વિચારવાયુઃ**


*મારો સિદ્ધાંત છે જીવનમાં 'ખડખડાટ' અને 'ઘસઘસાટ' આ બે શબ્દ હોવા જોઈએ.*

*વસંત 'ખડખડાટ' મૂકતા ગયા અને પોતે સંપૂર્ણ ઘસઘસાટ....!*

### સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા

# નિસર્ગ આર્ટ હબ-કેરળઃ છતની મજા






**સ્થપતિ** વોલમેકર્સ દ્વારા ડિઝાઇન કરાયેલ નિસર્ગ આર્ટ હબના આ મકાનમાં છતનો રસપ્રદ ઉપયોગ કરાયો છે. જ્યાં સૂર્યપ્રકાશ સહેલાઈથી ઓરડામાં પ્રવેશી ન શકે ત્યાં ઓરડામાં પૂરતા પ્રકાશની વ્યવસ્થા માટે છતમાં પ્રકાશ-બારી બનાવાતી હોય છે. આ કોઈ નવીન બાબત નથી. વિશ્વના ઘણાં પરંપરાગત તેમજ આધુનિક મકાનોમાં આ પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે. અહીં મજા એ છે કે આ પ્રકાશ-બારી સાથે છત ઉપરના ભાગમાં બેઠક વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. અહીં છત માત્ર છત ન રહેતા એમ્ફિ થિયેટરનું તળ બની રહે છે અને પ્રકાશ-બારી માત્ર પ્રકાશ-બારી ન બની રહેતા એમ્ફિ થિયેટરમાં બેસવાની બેઠક પણ બની રહે છે.

માળખાગત રીતે આ કેરલની પરંપરાગત છતનો પ્રકાર છે. આ વિસ્તારમાં વરસાદની માત્રા વધુ રહેતી હોવાથી ઢળતાં છાપરાં બનાવવાની પ્રથા છે. કેરલનું રહેણાંક માટેનું મકાન હોય કે સંસ્થાકીય, તેના ઉપરની છત તો ઢળતી જ બનાવાય. આ પ્રકારની છતને કારણે મકાનના ઓરડાઓની આંતરિક ઊંચાઈ વધુ રહે. આવી ઊંચાઈનો ઉપયોગ કરવા અહીં છતની નીચેના કેટલાક વિસ્તારને બે માળનો બનાવી દેવાયો છે; જ્યારે છતના ઓછી ઊંચાઈવાળા વિસ્તારમાં થોડીક વધુ ઊંચાઈની મજા લેવાય છે.

ઢળતાં છાપરાંની ઉપરનો ભાગ સામાન્ય રીતે ઉપયોગમાં ન આવે. અહીં આ ભાગનો પણ ઉપયોગ કરાયો છે. છત ઉપર પહોંચવા અનુકૂળ કહી શકાય તેવી વ્યવસ્થા કર્યા બાદ, અને સલામતીના ધોરણો પાળ્યા બાદ, આ છત ઉપર બેઠક વ્યવસ્થા ઊભી કરાઈ છે.



અહીં ૭૫ થી ૮૦ લોકો બેસી શકે તે રીતની બેઠકો રખાઈ છે. આ બેઠકો છતમાં બનાવાયેલ પવન-બારી સાથે એ રીતના સાંકળી લેવાઈ છે કે, પવન-બારી અને બેઠક, બેમાંથી એકની પણ ઉપયોગીતામાં તકલીફ ન આવે. અહીં બેસીને લોકો સામે આ જ સ્તર ઉપર નાનકડા પાણીની ચેનલ ઉપર બનાવાયેલ નાનકડા મંચ પર આયોજાતી સંગીતની મહેફિલ માણી શકે. આ બધા સાથે ઢળતાં છાપરાં થી મકાનની અંદરનું તાપમાન અનુકૂળ સ્તરે જળવાઈ રહેવાની સંભાવના તો વધી જ જાય છે.

અહીં નીચે રહેણાંકની અને અન્ય સવલતો માટેની વ્યવસ્થા છે. આ એક એવી સંસ્થા છે જ્યાં સંગીતના આરાધકો સાથે મળીને આરાધના પણ કરી શકે અને વિચારોનું આદાન પ્રદાન પણ કરી શકે. સાથે સાથે સંગીતમાં પોતે સિદ્ધ કરેલી - આયોજન કરેલી બાબતોને અન્ય સમક્ષ પ્રસ્તુત કરવાની પણ જરૂર હોય. આ જરૂરિયાતના ભાગરૂપે જ છત ઉપર એમ્ફિ થિયેટર જેવી કલ્પના સાકાર કરવામાં આવી.

છતને મજબૂતાઈની જરૂર રહે. છતની ઊંચાઈ પણ જોખમી ન હોવી જોઈએ. છત પર અવરજવર એટલી સગવડતા ભરી ન પણ ગણાય. ત્યાંના નળિયા પણ તૂટી જવાની સંભાવના રહે. નાનાં બાળકોનો પ્રવેશ અહીં શક્ય ન બને. અહીંની આવન-જાવન મંદ રહેવી જોઈએ. આ બધા સાથે પણ પ્રયોગ પ્રશંસનીય તો છે જ.૩૫ અંશ ખૂણાના છાપરાવાળા, ૨૪૦ ચોમી જેટલા વિસ્તારવાળા એર્નાકુલમના આ મકાનની ફરસ પણ ઉપયોગિતામાં આવે એ પ્રમાણેના ખાડાઓ રચી રસપ્રદ બનાવાઈ છે. ફરસની આ પ્રકારની રચનાથી રાચરચીલાની જરૂરિયાત ઓછી થઈ ગઈ. વળી ફરસની ઉપર આવતી રચનાઓની સંખ્યા પણ ઓછી થતાં આંખોને એક પ્રકારનું જે ખુલ્લાપણું અનુભવવાની તક મળી, તે એક સરસ ઘટના છે. અહીંના પ્લાનમાં એમ જણાય છે કે મોકળાશને વધારે મહત્ત્વ અપાયું છે. છતના આવા ઉપયોગથી જાણે મોકળાશની પ્રતીતિ વધુ દ્રઢ બને છે. .

પરંપરાગત શૈલી જળવાઈ રહે છે. નવી જરૂરિયાતોનો સમાવેશ થઈ જાય છે. પર્યાવરણને હાનિ નથી પહોંચતી. સંજોગોનો મહત્તમ ઉપયોગ કરી લેવામાં આવ્યો છે. સંસ્થાકીય મકાન હોવા છતાં રહેણાક જેવા પ્રમાણમાપ થકી રચના હલકી ફુલકી લાગે છે. માનવીને કેન્દ્રમાં રાખી પ્રમાણમાપ સ્થાપિત કરાયું છે. લાકડાના અસરકારક ઉપયોગથી સ્થાનિક ભાવના જાગ્રત થતી જણાય છે. બાંધકામને વિગતિકરણથી મુક્ત રાખી બિનજરૂરી બાબતોનો જાણે છેદ ઉડાડી દેવાયો છે. આ અને આવી બાબતોથી આ મકાનના સ્થપતિ અને માલિક, બંને ગૌરાન્વિતતા અનુભવતા હશે.

આ પ્રકારની સ્થાપત્ય રચનાથી જમીન પરનું બાંધકામ ઓછું રહે - જમીન બાંધકામ મુક્ત રહે. પર્યાવરણ માટે આ બહુ જરૂરી છે. હાલના સમયે શહેરી વિસ્તારમાં જ્યાં જાણે પ્રત્યેક ઈંચ ઉપર બાંધકામ કરી દેવાની ઘેલછા જણાય છે ત્યાં આ પ્રકારની રચના નવી દિશા સૂચવે છે અને નવી આશા જન્માવે છે. બીજી સમજવાની વાત એ છે કે, ઘણીવાર એમ માનવામાં આવે છે કે સ્થપતિની ક્ષમતા મોટા પ્રોજેક્ટમાં જ વ્યક્ત થાય. આ રચના આ માન્યતાનો પણ છેદ ઉડાડી દે છે. ■

# બૉક્સિંગ-ડે ટેસ્ટ તમારી થોડી ઊંઘ બગાડશે, મૅચનો સમય બહુ વહેલો છે

## ૪:૩૦ વાગ્યે ટોસ ઉછાળાશે અને ૫:૦૦ વાગ્યે મેચ શરૂ થશે


મેલબર્નમાં ૨૦૨૦માં ભારત રહાણેની સદીની મદદથી જીત્યું હતું.

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેનો હિસાબ ત્રણ ટેસ્ટ પછી પણ ૧-૧ની બરાબરીમાં જ છે.

ચોથી ટેસ્ટ મેલબર્નમાં રમાવાની છે અને એ જોવા માટે ક્રિકેટચાહકોએ થોડા વહેલા ઊઠવું પડશે.

આ ચોથી ટેસ્ટ ગુરુવાર, ૨૬મી ડિસેમ્બરે એટલે કે બૉક્સિંગ-ડેએ શરૂ થશે.

પર્થમાં રમાયેલી પહેલી ટેસ્ટ ભારતીય સમય પ્રમાણે સવારે ૭.૫૦ વાગ્યે શરૂ થતી હતી. ઍડિલેઈડની બીજી ટેસ્ટ ડે-નાઇટ હતી અને એ ભારતીય સમય મુજબ સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થતી હતી.

બ્રિસ્બેનના ગૅબામાં રમાયેલી ત્રીજી ટેસ્ટ ભારતીય સમય અનુસાર સવારે ૫.૫૦ વાગ્યે શરૂ થતી હતી. જોકે શરૂઆતમાં વરસાદના વિઘ્નોને કારણે મૅચ સવારે ૫:૨૦ વાગ્યે શરૂ થઈ જતી હતી.

હવે મેલબર્નમાં રમાનારી ચોથી ટેસ્ટના આરંભનો સમય બધાથી ચડે એવો છે. ૨૬મીથી મેલબર્નની ચોથી ટેસ્ટ ભારતીય સમય પ્રમાણે સવારે ૫:૦૦ વાગ્યે શરૂ થશે. એ તો ઠીક પણ મેચના પહેલા દિવસે ટોસ જોવો હોય તો સવારે ૪:૩૦ પહેલાં જ ઊઠી જવું પડશે.

સિડનીમાં રમાનારી પાંચમી અને છેલ્લી ટેસ્ટની શરૂઆતનો સમય પણ લગભગ આ જ રહેશે. ■

# પૃથ્વી શો આખી રાત બહાર રહ્યા બાદ સવારે છ વાગ્યે હૉટેલમાં દેખાતો હતો: એમસીએના અધિકારીનો ખુલાસો

## અવગુણોને કારણે મુંબઈની અને ભારતની ટીમની બહાર થયેલા ઓપનરની બીજી ઘણી નબળાઈઓ જાહેર થઈ

મુંબઈ: વિજય હઝારે ટ્રોફી માટેની મુંબઈની ટીમમાં સમાવેશ ન થતાં ઓપનિંગ બૅટર પૃથ્વી શૉએ સોશિયલ મીડિયામાં જે બળાપો કાઢ્યો છે એને મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)એ પ્રતિક્રિયામાં ફગાવી દીધો છે અને આ યુવાન ખેલાડીના અવગણો તથા નબળાઈઓ પર પ્રકાશ પાડ્યો છે. પ્રતિક્રિયામાં ખાસ કરીને એવું જણાવાયું છે કે પૃથ્વીને ટીમથી દૂર રાખવા પાછળ તેની મનઃસ્થિતિ જ જવાબદાર છે, તે પોતે જ પોતાનો 'દુશ્મન' છે. એમસીએના એક વરિષ્ઠ અધિકારીએ ત્યાં સુધી કહ્યું છે કે તાજેતરની સૈયદ મુશ્તાક અલી ટ્રોફી દરમ્યાન પૃથ્વી રાત્રે મોટા ભાગનો સમય ક્યાંક બહાર જતો રહેતો હતો અને સવારે છ વાગ્યે હૉટેલમાં દેખાતો હતો.


પૃથ્વીની ફાઈલ તસવીર. (આઇપીએલ/બીસીસીઆઇ)

પૃથ્વી શૉ ખાસ કરીને અપૂરતી ફિટનેસ, ગેરવર્તન અને ઍટિટ્યૂડને કારણે મુંબઈ ક્રિકેટના મુખ્ય પ્રવાહમાં નથી રહી શકતો એવા અર્થમાં અધિકારીએ પોતાનું નામ જાહેર ન કરવાની શરતે પીટીઆઇને કહ્યું, 'નબળી ફિટનેસ અને ખરાબ વર્તનને કારણે ક્યારેક તો અમે પૃથ્વીને 'છુપાવવા' મજબૂર થઈ જતા હતા. અમારે એ પગલું લેવું પડતું જેને લીધે મૅચ દરમ્યાન અમારા ફીલ્ડરની સંખ્યા ૧૦ થઈ જતી હતી. ફીલ્ડિંગમાં બૉલ તેની (પૃથ્વીની) પાસેથી પસાર થતો ત્યારે તે માંડ માંડ એ પકડી શકતો હતો.'

અધિકારીએ પૃથ્વીની નબળાઈઓ ખુલ્લી પાડતાં એવું પણ કહ્યું કે 'બૅટિંગમાં પણ બૉલ સુધી પહોંચવામાં તેને તકલીફ થતી હોવાનું અમે જોયું હતું. સીધી વાત છે...ફિટનેસ, શિસ્ત અને ઍટિટ્યૂડ સંબંધમાં દરેક માટે અલગ નિયમ ન હોય. એકસરખા જ હોય. તેના ઍટિટ્યૂડ વિશે ટીમના સિનિયર ખેલાડીઓએ પણ ફરિયાદ કરવાનું શરૂ કરી દીધું છે.'

તાજેતરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈએ મધ્ય પ્રદેશને હરાવ્યું એ રાત્રે પૃથ્વી શોના સાથી-ખેલાડી અને મુંબઈની ટીમના કૅપ્ટન શ્રેયસ ઐયરે પણ પૃથ્વી વિશે આકરી ટિપ્પણી કરી હતી. શ્રેયસે બેન્ગલૂરુમાં પત્રકારોને પૃથ્વીના મુદ્દે કહ્યું હતું કે 'તે જો પોતાની નૈતિકતા બરાબર સમજશે અને અમલમાં મૂકશે તો તે અમર્યાદપણે કરીઅરમાં આગળ વધી શકશે. અમારે કોઈ ખેલાડીને કંઈ બચ્ચાંઓની જેમ સમજાવવાના ન હોય, ખરુંને? તે ઘણું ક્રિકેટ રમી ચૂક્યો છે. દરેકે તેને સલાહ-સૂચનો અને માર્ગદર્શન આપ્યા છે. છેવટે તેણે પોતે જ સમજવાનું છે. ભૂતકાળમાં તે સમજ્યો હતો. એવું નથી કે નહોતો સમજ્યો.'

ઑક્ટોબરમાં પૃથ્વીને નબળી ફિટનેસ અને ગેરવર્તનના કારણસર મુંબઈની રણજી ટીમની બહાર કરી દેવામાં આવ્યો હતો અને ત્યાર બાદ એમસીએ ઍકેડેમી ખાતે તેના માટે વિશિષ્ટ ફિટનેસ પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો હતો. અધિકારીએ પીટીઆઇ સાથેની વાતચીતમાં ખુલાસામાં કહ્યું કે 'પૃથ્વી એ પ્રોગ્રામને પણ સરખી રીતે ફૉલો નથી કરતો. એક વાત તમને કહું; પૃથ્વી શૉનો કોઈ દુશ્મન નથી, તે પોતે જ પોતાનો દુશ્મન છે.' ■

# નવી મુંબઈમાં ભારતીય મહિલા ક્રિકેટર્સના નવા વિક્રમોની ભરમાર

## ભારતનો વિક્રમી ટીમ-સ્કોર, સ્મૃતિના સૌથી વધુ ફિફ્ટી-પ્લસ, રિચાના જોઈન્ટ ફાસ્ટેસ્ટ ફિફ્ટી

નવી મુંબઈ: ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ગુરુવારે પોતાનો રેકોર્ડ-બ્રેક ટીમ-સ્કોર (૨૧૭/૪) નોંધાવ્યા બાદ વેસ્ટ ઈન્ડિઝની ટીમને ત્રીજી અને છેલ્લી ટી-૨૦માં હરાવી દીધી હતી. એ સાથે, ભારતીય ટીમ આ સિરીઝની ટ્રોફી ૨-૧થી જીતી ગઈ છે. ભારતના નવા વિક્રમી સ્કોર ઉપરાંત સ્મૃતિ મંધાનાએ અને વિકેટકીપર રિચા ઘોષે પણ રેકૉર્ડ-બુકમાં નામ નોંધાવ્યું હતું.


ભારતીય મહિલા ટીમ ૨-૧થી સિરીઝ જીતી. મંધાનાએ જેમાઈમા (ડાબે) સાથે હાફ સેન્ચુરી સેલિબ્રેટ કરી હતી. રાધા (જમણે)એ ચાર વિકેટ લીધી હતી.

હરમનપ્રીતના સુકાનમાં ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૧૭ રન બનાવ્યા હતા. ટી-૨૦ ઇન્ટરનેશનલમાં ભારતનો આ નવો વિક્રમ છે. ભારતનો અગાઉનો ટીમ-સ્કોરનો વિક્રમ ૨૦૧/૫ હતો જે તેમણે યુએઈ સામેની મૅચમાં નોંધાવ્યો હતો. ભારતના આ ૨૧૭ રન ટી-૨૦ ફૉર્મેટમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમી ચૂકેલા તમામ દેશોમાં હાઈએસ્ટ ટીમ-સ્કોર પણ છે.

ભારતના ૨૧૭ રનમાં ખાસ કરીને સ્મૃતિ મંધાનાનાં ૭૭ રન તેમ જ વિકેટકીપર રિચા ઘોષનાં ૫૪ રન સામેલ હતા. સ્મૃતિ મંધાનાનાં ટી-૨૦માં હવે ૩૦ ફિફ્ટી-પ્લસ સ્કોર થયા છે જે નવો વિશ્વવિક્રમ છે. તેણે ન્યૂ ઝીલૅન્ડની સુઝી બેટ્સ (૨૯ ફિફ્ટી-પ્લસ સ્કોર)નો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે.

સ્મૃતિ મંધાનાના ૩૦માંથી આઠ ફિફ્ટી-પ્લસ સ્કોર ૨૦૨૪ના વર્ષમાં નોંધાયા છે અને એક કૅલેન્ડર-યરમાં ટી-૨૦માં સૌથી વધુ ફિફ્ટી-પ્લસ સ્કોરનો આ નવો વિશ્વ વિક્રમ પણ છે. તેણે ભારતની જ મિતાલી રાજનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. મિતાલીના ૨૦૧૮ની સાલમાં સાત ફિફ્ટી-પ્લસ સ્કોર હતા.

મંધાનાએ ૨૦૨૪ના વર્ષમાં ટી-૨૦માં ૭૬૩ રન બનાવ્યા છે અને એ રીતે તેણે શ્રીલંકાની ચમારી અથાપથ્થુનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે.

રિચા ઘોષે ફક્ત ૧૮ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી જે સંયુક્ત રીતે વિશ્વવિક્રમ છે. તેણે ન્યૂ ઝીલૅન્ડની સૉફી ડિવાઇન અને ઑસ્ટ્રેલિયાની ફૉબે લિચફીલ્ડની બરાબરી કરી છે. રિચાએ આ સાથે સ્મૃતિ મંધાનાનો ૨૪ બૉલમાં ફિફ્ટીનો ભારતીય વિક્રમ તોડ્યો છે.

વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૫૭ રન બનાવી શકી હતી અને ભારતનો વિજય થયો હતો. કૅરિબિયન ટીમના ૧૫૭ રનમાં શિનેલ હેન્રીનાં ૪૩ રન હાઈએસ્ટ હતા. લેફ્ટ-આર્મ રાધા યાદવે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી.

રિચા ઘોષને પ્લેયર ઑફ ધ મૅચ અને મંધાનાને પ્લેયર ઑફ ધી સિરીઝનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# બુમરાહ એક વિકેટ લેશે એટલે મેલબર્નના ભારતીયોમાં બની જશે બેસ્ટ બોલર

## ઑસ્ટ્રેલિયા સામેની વર્તમાન સિરીઝમાં બુમરાહ ૨૧ વિકેટ સાથે મોખરે છે

મેલબર્ન: વર્તમાન ક્રિકેટનો સૌથી ઘાતક ફાસ્ટ બોલર અને ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન જસપ્રીત બુમરાહ ૧-૧થી સમકક્ષ થયેલી હાલની બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ સિરીઝના તમામ બોલર્સમાં ૨૧ વિકેટ સાથે મોખરે તો છે જ, તેને ગુરુવાર, ૨૬મી ડિસેમ્બરે મેલબર્નમાં શરૂ થનારી બૉક્સિંગ-ડે ટેસ્ટમાં ફક્ત એક વિકેટ લઈને નવો વિક્રમ પોતાના નામે કરવાનો મોકો મળશે.



મેલબર્ન ઑસ્ટ્રેલિયાનું ઐતિહાસિક ક્રિકેટ-મથક છે. ત્યાં અત્યાર સુધીમાં રમી ચૂકેલા ભારતીય બોલર્સ બહુ ઓછી વિકેટો લઈ શક્યા છે. એમાં પણ અનિલ કુંબલેની ૧૫ વિકેટ હાઇએસ્ટ છે. જોકે ખુદ બુમરાહ પણ ૧૫ વિકેટ સાથે તેની બરાબરીમાં છે. હવે જો બુમરાહ માત્ર એક વિકેટ લેશે તો કુંબલેના રેકૉર્ડને પાર કરી લેશે.

બૉક્સિંગ-ડે ટેસ્ટ મૅચોમાં ભારતનો પર્ફોર્મન્સ શાનદાર રહ્યો છે. ભારતે ૨૦૧૮ તથા ૨૦૨૦માં બૉક્સિંગ-ડે ટેસ્ટ પોતાના નામે કરી હતી.

મેલબર્નમાં સૌથી વધુ વિકેટ લઈ ચૂકેલા બોલર્સની આ રહી યાદી: અનિલ કુંબલે-૧૫ વિકેટ, જસપ્રીત બુમરાહ-૧૫ વિકેટ, કપિલ દેવ-૧૪ વિકેટ, આર. અશ્વિન-૧૪ વિકેટ અને ઉમેશ યાદવ-૧૩ વિકેટ.

દરમ્યાન ઑસ્ટ્રેલિયાએ મેલબર્નની બૉક્સિંગ-ડે ટેસ્ટ માટેની ટીમમાં ઓપનર નૅથન મૅક્સ્વીનીના સ્થાને ૧૯ વર્ષના નવા બૅટર સૅમ કૉન્સ્ટેસને સમાવ્યો છે. મૅક્સ્વીની પાંચમાંથી ચાર વખત બુમરાહના બૉલમાં આઉટ થયો હતો. હવે કૉન્સ્ટેસની બુમરાહ સામે કસોટી થશે. ■

# વાનખેડે સ્ટેડિયમની 'હાફ સેન્ચુરી' નિમિત્તે આવતા મહિને એમસીએની શાનદાર ઉજવણી

મુંબઈ: રાષ્ટ્રના ગૌરવ સમા મુંબઈના વાનખેડે સ્ટેડિયમને ૫૦ વર્ષ પૂરા થઈ રહ્યા એ નિમિત્તે આગામી જાન્યુઆરીમાં એક અઠવાડિયા સુધી એની શાનદાર ઉજવણી કરવામાં આવશે. મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) દ્વારા આ ગ્રૅન્ડ સેલિબ્રેશનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



વાનખેડે સ્ટેડિયમની ૫૦મી વર્ષગાંઠની ઉજવણીની જાહેરાત વખતે આયોજિત સમારોહમાં એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇક, ઉપ-પ્રમુખ સંજય નાઇક, સેક્રેટરી અભય હડપ, જોઇન્ટ સેક્રેટરી દીપક પાટીલ, ખજાનચી અરમાન મલિક તેમ જ અન્ય સભ્યો ઉપસ્થિત હતા.

એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇકે કરેલી જાહેરાત મુજબ ૨૦૨૫ની ૧૨મી જાન્યુઆરીએ આ ઉજવણી શરૂ થશે અને ૧૯મી જાન્યુઆરીએ આ ઐતિહાસિક સ્ટેડિયમમાં ભવ્ય કાર્યક્રમ યોજાશે જેમાં ડોમેસ્ટિક ક્રિકેટના તેમ જ દેશ-વિદેશના ક્રિકેટ-લેજન્ડ્સ હાજરી આપશે.

એ દિવસે મુંબઈના સિંગર અવધૂત ગુપ્તે તથા સંગીતકાર બેલડી અજય-અતુલના કાર્યક્રમો સાથે એક ભવ્ય લેસર શો પણ યોજાશે.

વાનખેડેની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે એમસીએ દ્વારા તાજેતરમાં ખાસ લોગો બહાર પાડવામાં આવ્યો હતો અને પ્રમુખ નાઇકે જાહેરાત કરી છે કે ૧૯મી જાન્યુઆરીએ સ્ટેડિયમના સમૃદ્ધ વારસાને માન આપવા ખાસ ટપાલ ટિકિટ તથા કૉફી ટેબલ બુક પણ રિલીઝ કરવાની યોજના છે.

આ ખાસ પ્રસંગે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તેમ જ મહારાષ્ટ્ર સરકારમાં નવા કૅબિનેટ મિનિસ્ટર બનેલા ભૂતપૂર્વ પ્રમુખ આશિષ શેલારનું બહુમાન પણ કરવામાં આવશે. ૧૨મી જાન્યુઆરીએ એમસીએના અધિકારીઓ તથા કૉન્સલ જનરલ્સ, અમલદારો વચ્ચે ક્રિકેટ મૅચ રખાશે. એમસીએ દ્વારા ૧૫મી જાન્યુઆરીએ ગ્રાઉન્ડ્સમેન તથા સિક્યૉરિટી ગાર્ડ્સનું પણ સન્માનિત કરીને તેમના માટે સ્પેશિયલ લંચનું આયોજન પણ કરાશે.

વાનખેડેમાં ૧૯મી જાન્યુઆરીના ભવ્ય શોની ટિકિટ ખરીદી શકાશે અને એના દર ૩૦૦થી ૧,૦૦૦ રૂપિયા સુધીના રહેશે.

ઉલ્લેખનીય છે કે એમસીએ દ્વારા ટૂંક સમયમાં ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરના ૭૫મા જન્મદિનની ઉજવણી કરવામાં આવશે. ■

# વિરાટ શું અનુષ્કા અને બાળકો સાથે લંડનમાં સ્થાયી થવા વિચારે છે?

નવી દિલ્હી: વિરાટ કોહલી અને પત્ની અનુષ્કાને લઈને મોટી વાત બહાર આવી રહી છે. એક અહેવાલ મુજબ વિરાટ-અનુષ્કા તેમના બાળકોને લઈને ભારત છોડવાના પ્લાનિંગમાં હોવાનું મનાય છે.

વિરાટ કોહલી હાલમાં તો ઑસ્ટ્રેલિયાના પ્રવાસે છે જેમાં તે મોટા ભાગે સારું નથી રમી શક્યો.

એવું કહેવાય છે કે વિરાટ અને અનુષ્કા બન્ને બાળકોને લઈને લંડનમાં સ્થાયી થઈ જવા વિચારે છે. વિરાટના નાનપણના કોચ રાજકુમાર શર્માએ આ વાતને સમર્થન આપ્યું હોવાનું મનાય છે.

કોહલી-પરિવારનું લંડનમાં ઘર છે અને તેઓ વારંવાર ત્યાં જાય છે. એ બાબતને ધ્યાનમાં રાખીને જ થોડા દિવસથી એવી ચર્ચા થઈ રહી છે કે વિરાટ-અનુષ્કા લંડન જવાના પ્લાનિંગમાં છે. જોકે તેઓ ક્યારે સંભવિત યોજનાને અમલમાં મૂકશે એ હાલમાં કહેવું અઘરું છે. વિરાટ-અનુષ્કાની ચાર વર્ષની પુત્રીનું નામ વામિકા અને ૧૦ મહિનાના દીકરાનું નામ અકાય છે.

રવિચન્દ્રન અશ્વિને બુધવારે નિવૃત્તિ જાહેર કરી દીધી એને પગલે હવે ટીમના બાકીના બે સૌથી અનુભવી ખેલાડીઓ વિરાટ કોહલી તથા રોહિત શર્માની નિવૃત્તિ ક્યારે? એવા સવાલ પર સોશિયલ મીડિયામાં ચર્ચા થઈ રહી છે.

વિરાટ કોહલીનું દિલ્હીમાં નિવાસસ્થાન છે અને મુંબઈમાં પણ એક આલીશાન ઘર છે. અલીબાગમાં તેનો એક બંગલો છે જે તેણે વેકેશન માટે ખરીદ્યો છે. ગુરુગ્રામ (ગુડગાંવ)માં ડીએલએફ-વન ફેઝમાં વિરાટનું જે નિવાસસ્થાન છે એની કિંમત ૮૦ કરોડ રૂપિયા છે. મુંબઈના ઘરની કિંમત અંદાજે ૩૪ કરોડ રૂપિયા અને અલીબાગના બંગલાની કિંમત ૧૯ કરોડ રૂપિયા છે.

ટૂંકમાં, વિરાટના તમામ ઘર આલીશાન અને ખૂબ મોંઘા છે, પરંતુ તે વારંવાર ફૅમિલી સાથે લંડનમાં રહેતો હોવાથી તે નજીકના ભવિષ્યમાં ત્યાં જ સ્થાયી થઈ જશે એવું લાગે છે. ■

### કિંગ કોહલીના ગુરુગ્રામ, મુંબઈ, અલીબાગમાં કરોડોની કિંમતના આલીશાન ઘર છે



# ગજબનો યોગાનુયોગ! બૉક્સિંગ-ડે ટેસ્ટની બન્ને હરીફ ટીમમાં સાત-સાત નવા ખેલાડી!

બુલવૅયો: ઝિમ્બાબ્વેના ક્રિકેટ બોર્ડના વહીવટ અને કારભારમાં સરકારની દરમ્યાનગીરીને કારણે આ દેશના ક્રિકેટચાહકોએ લાંબા સમય સુધી ક્રિકેટજગતથી પોતાને વિખૂટા રહેવું પડ્યું હતું એટલે આ દેશની આંતરરાષ્ટ્રીય ટીમ અન્ય દેશો માટે અગાઉ જેવી પડકારરૂપ નથી અને એમાં હવે આ દેશની ટેસ્ટ ટીમમાં સાત-સાત નવા ખેલાડીઓને સમાવાતાં ઝિમ્બાબ્વે સામે ક્રિકેટમાં નવી ચૅલેન્જ ઊભી થઈ છે.

અફઘાનિસ્તાન સામે ગુરુવાર, ૨૬મી ડિસેમ્બરે (બૉક્સિંગ-ડેએ) અહીં બુલવૅયોમાં અફઘાનિસ્તાન સામે શરૂ થનારી ટેસ્ટ માટેની સ્ક્વૉડમાં ઝિમ્બાબ્વેએ સાત એવા ખેલાડી છે જેમાંના છ પ્લેયર ટી-૨૦ કે વન-ડે રમ્યા છે, પણ પાંચ દિવસીય ટેસ્ટ-મૅચ હજી સુધી નથી રમ્યા. અફઘાનિસ્તાનની ટીમમાં પણ સાત નવા પ્લેયર સામેલ કરાયા છે.

ટૉમ કરૅન અને સૅમ કરૅન ઇંગ્લૅન્ડ વતી રમ્યા છે, પણ તેમનો ૨૮ વર્ષનો વચલો ભાઈ બેન કરૅન ઝિમ્બાબ્વે વતી વન-ડે રમી ચૂક્યો છે અને હવે તેને અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ માટે સિલેક્ટ કરવામાં આવ્યો છે.

બેન કરૅન ઉપરાંત બીજા છ નવા ટેસ્ટ ખેલાડીઓમાં બૅટર જોનથન કૅમ્પબેલ, વિકેટકીપર ટૅડિવાનાશે મારુમની તથા ન્યાશા મયાવો તેમ જ પેસ બોલર્સ ટ્રેવર ગ્વાન્ડુ, તાકુદ્ઝવા ચૅટાઇરા અને ન્યૂમૅન ન્યામહૂરીનો સમાવેશ છે. એકમાત્ર તાકુદ્ઝવા ચૅટાઇરા પહેલી જ વાર ઝિમ્બાબ્વે વતી રમશે.

ક્રેગ ઇર્વિન ઝિમ્બાબ્વેની ટેસ્ટ ટીમનો કૅપ્ટન છે અને ટીમના બીજા અનુભવી ખેલાડીઓમાં સિકંદર રઝા, શૉન વિલિયમ્સ, બ્લેસિંગ મુઝરાબની અને રિચર્ડ ઍન્ગારેવા સામેલ છે.

અફઘાનિસ્તાનની સ્ક્વૉડમાં સાત એવા પ્લેયર છે જેઓ ક્યારેય પાંચ દિવસની ટેસ્ટ-ક્રિકેટ નથી રમ્યા. એમાં ઑલરાઉન્ડર ઇસમત આલમ, સ્પિનર ઝહીર શેહઝાદ, સ્પિનર બશીર અહમદ અફઘાન, અઝમતુલ્લા ઓમરઝાઇ, ફરીદ અહમદ, રિયાઝ હસન અને સેદિકુલ્લા અટલનો સમાવેશ છે. ■



**ચેન્નઈના ચમકતા સિતારાનું સન્માન:** તામિલનાડુના ગવર્નર આર. એન. રવિએ ચેસના વર્લ્ડ ચૅમ્પિયન ૧૮ વર્ષીય ડી. ગુકેશનું ગુરુવારે ચેન્નઈમાં રાજભવન ખાતે બહુમાન કર્યું હતું. એ પ્રસંગે ગુકેશના પપ્પા ડૉ. રજનીકાંત તેમ જ મમ્મી ડૉ. પદમાકુમારી પણ મોજૂદ હતા. ગુકેશને રાજ્ય સરકાર તરફથી પાંચ કરોડ રૂપિયાનું ઈનામ મળ્યું છે. (પીટીઆઇ)

## ૧૭. જગ્યા આપવી છે

**''કાંદિવલી વેસ્ટ''**
950 કાર્પેટ 3 BHK ફુલ્લી ફર્નિશ્ડ, શંકર લેન.: 9819592415. (૧૫૪૧૨-બી)

**''ભાયખલા''**
રાણી બાગ પાસે 3000 કાર્પેટ 5 BHK ફુલ્લી ફર્નિશ્ડ.: 9819592415. (૧૫૪૧૨-સી)

**''મરીન ડ્રાઈવ''**
825 કાર્પેટ 1 BHK ફુલ્લી ફર્નિશ્ડ, જૈન દેરાસર પાસે.: 9819592415. (૧૫૪૧૨-ડી)

**''કાંદિવલી વેસ્ટ''**
3 BHK 1,050', 950, RAW ભાબ્રેકર નગર, ચારકોપ, ફુલ્લી ફર્નિશ્ડ, શંકર લેન.: 9819592415. (૧૫૪૧૨-ઈ)

**''લોનાવાલા બંગલો''**
2 BHK 1650', ફુલ્લી ફર્નિશ્ડ, વરસોલી પાસે: 9819592415. (૧૫૪૧૨-એફ)

**FORJETT / TARDEO**
Residence / Commercial Properties available for Rent Sale Atul: 9820070445, 9920070445. (B-15213)

**VILEPARLE WEST**
3 Acres Land 10 Towers 2/3/4 BHK with all amenities 9167723483 / 9869070123. (15276-E)

**TARDEO,**
Great Eastern Towers, Spacious 2 + Half Room, Cpt 1000, Cross Ventilation Podium, Gym, Pool, Play Turf, Steam, Low Maintenance Open Spaces, Owners No. 9152160026. (B-15133)

**VILEPARLE EAST**
0.50% brokerage. All outright Purchase, 1, 2, 3 BHK also Jodi Flat available. Contact Global Realtors 9867314771 / 8779732961. (B-15225)

**PAREL E, PRIME LOCATION**
**Pool, Club, Gym, Derasar 8-10! yr old Bldg., 1250 cpt, earlier Price 5.11 Cr. now, 4.81 Cr. Genuine Seller, also Runwal Nirvana 3 Bed 1325, cpt Investors Flat 5.5 Cr. ++ - 9819227923. (B-15070)**

**PAREL E, PRIME LOCATION**
**OC Applied Possn in 1-2 mts 2 Bed 3.10 cr++ Genuine Investor Deal Podium Amenities View +91 86559 29524. (B-15088)**

**"PRABHADEVI"**
**"Sea View - Fully Furnished 2/3 Bedroom Flats available." "Akruti Builders" - 8591254627. (15401-A)**

## ૧૭. જગ્યા આપવી છે

**PAREL, FREE HOLD LAND**
**Loaded Amenities OC Ready in 2 Months Higher Floors Large Spacious 3 Bed 1100 Cpt 4.50 - 5.11 Cr* 1325 Cpt, Investors Units 5.75 to 6.25 Cr* Brokers Excuse 9819227923. (B-15102)**

**SION**
For Sale Sindhi Colony, Row House, Ground 600' + 600' 1st Floor+ Terrace 500' Parking available., Call: 9892780301. (15405-A)

**GHATKOPAR EAST**
Hingwala Lane, 2 & 3 BHK - Best & New Building with O.C., Ready Possession Flats, Near Jain Derasar / Apasray - Double Height Entrance Lobby - Jaquar Fittings & Designer Material Used - 2 Branded Elevators - Prime Location - 3 Side Open - Vastu Complaint.,Call: 8879390090. (15300-C)

**SALE/PURCHASE**
Bungalows Pent House Duplex Flats Plots Speciality Juhu. Andheri / South Mumbai. Shukla Estate - 8169147281. (B-15276)

**DOSTI MEZZO SION,**
**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

**VILEPARLE WEST**
**Near Railway Station, Jain Derasar. 2 BHK - 704, 3 BHK - 1015 / 1062 Carpet. 42K / PSF. Possession Aug 2025 (P51800055202) 9867833985. (15406/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**''મરીન ડ્રાઈવ / ચર્ચગેટ''**
3 BHK 9819592415. (૧૫૪૧૨-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેશ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૩૦૭)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**SEWRI**
**Lease Gala 770, 900, 1600, 3200, 5000 sq. ft. 9867447391. (15274-A)**

INDUSTRIAL GALA FOR Sale, Highway Touch, Asangaon Near Shahapur, 12000 sqft RCC Ground Terrace, Contact 9930504843. (B-15271)

## ૨૦. ધંધાદારી જગ્યા

**■ અંધેરી (પૂર્વ) મરોલ મેટ્રો સ્ટેશન કોમર્શિયલ ઓફિસ પાસે વેચાણ માટે રેરા કાર્પેટ ૨૦૦ / ૨૪૫ / ૩૨૫ / ૩૫૫ / ૪૧૦ / ૫૮૦ / ૧૧૬૦ ચો. ફૂટમાં ૧૪ ફૂટ છતની ઉંચાઈ સાથે વ્યવસાય પ્રમાણપત્ર સાથે. સંપર્ક: ૯૯૩૦૧૧૧૨૩૪. (એસડીબી-૨૩૨૯)**

**વિલેપાર્લા (પૂર્વ)**
માર્કેટમાં - શોરૂમ - ગ્રાઉન્ડ + ૧ - ૨૪૦૦'/ ૧૮૦૦', ભાડેથી/ વેચાણમાં, રેડી. ''સંજય પટેલ'' 9820292381. (બી-૧૫૨૦૦)

**ઘાટકોપર (ઈસ્ટ-વેસ્ટ)**
**એમ. જી. રોડ, 90' રોડ, રાજાવાડી ઓફિસ ભાડે/ વેચાણથી આપવાની છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
સાંઈબાબા, 850 કાર્પેટ, ગ્રાઉન્ડ 150', 700' બેઝમેન્ટ, કોમર્શિયલ જગ્યા ભાડે થી આપવાની. ''વિરાણી'' 9920984340, 9820071626. (૧૫૨૯૩-એ)

**દાદર (વેસ્ટ)**
ભવાનીશંકર રોડ, ગેરેજ ગલી, કમર્શીયલ ગાળો ૧૪૦૦ કારપેટ ગ્રાઉન્ડ ફ્લોર, ૧૨૦૦ કારપેટ માળીયું, સેલ્ફ કન્ટેઈન્ડ, ગારમેન્ટ એકસેસરીઝ, હોલસેલ કાપડ યોગ્ય. ભાવ ૪૦,૦૦૦/- આઉટરાઈટ ઓનરશીપ વેચવાનો છે. જગ્યા લેવા/ વેચવા મળો: ઠાકરસીભાઈ- ૯૩૨૪૯૧૪૯૪૧, ભાવેશભાઈ- ૯૬૯૯૮૩૫૭૭. (બી-૧૫૨૭૫)

**પ્રિન્સેસ સ્ટ્રીટ**
ઓફીસ 461/1300 સ્કે. ફીટ, વકીલ/ સી.એ./ દવા બજાર/ કાપડ બજાર/ ઈલેકટ્રીક બજાર પાસે. પાર્કિંગ સાથે આપવાની છે. હરેશ- 9821030822. (૧૫૨૯૮/સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

DAHISAR (WEST), 350 SQFT. Carpet, Office for Sale, 2 minutes walking distance from Dahisar Station, Ground Floor. Price Rs. 75,00000/- (negotiable). Contact:- Santosh Kumar 9322256961 / 9699955564. (15274-C)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2323)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૨૮૦-એ)

**પ્રાર્થનાસભા (7000/.) લગ્નગીત (15000/.)**
[બોરીવલીથી મલાડ, બીજે ટ્રાન્સપોર્ટના અલગ] ભજન, ડાયરો, સંગીત સંધ્યા, સાઉન્ડ ભાડેથી, DJ, KARAOKE બજેટથી. મનસુખભાઈ - 9326801860. (૧૫૨૮૫-એ)

## ૩૧. નાણાંકીય

**''શેર ખરીદશું''**
બજારમાં ખપતાં / નહીં ખપતાં ડિમેટ / ફીજીકલ.. (શેરનાં કોઈપણ પ્રોબ્લેમ માટે સર્વિસ આપશું..) "Investment House" - 9321041907, 9321285108. (૧૫૨૭૬-જી)

**એકાઉન્ટન્ટસ**
એકાઉન્ટસ, ઈન્કમટેક્ષ રિટર્ન, GST રિટર્ન, ટિડીએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું-7507797315 /7977866201. (બી-૧૫૧૮૫)

**૧૦,૦૦,૦૦૦**
વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૫૧૯૦)

**ZERO MARGIN**
**Low Margin, Low Brokerage, Trade in Nifty, Bank Nifty, Stock, Commodity. Call 9833009385. (B-15264)**

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં જોઈએ**
**કાલાવડ / મોરબી / ન્યારી / અવધ રોડમાં નાના-મોટા પ્લૉટ જોઈએ. મુકેશ ઠક્કર: 9825765505, 9377530831. (૧૫૧૦૨-બી)**

## ૩૨. જમીન-મિલકત



(બી-૧૫૨૬૫)

**PLOT FOR SALE GHATKOPAR (W)**
**Ghatkopar (West), Walking Distance 5 minutes from Metro. 1000 sq. meters Freehold Plot. Clear Title. Very good for Ownership Project with Parking. Contact: 81081-19801 / 85919-77078. (B-15223)**

## ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૫૨૪૮)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૨૨૧)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કૂવા-સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ.'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583 / 9892298963. (૧૫૨૯૧-એ)

**ગોલ્ડ/ હીરા**
ગોલ્ડ શોપ પર સોનું, ચાંદી અને હીરા ખરીદો અને ખરીદીની રકમ પર દર અઠવાડિયે કેશબેક મેળવો... વધુ માહિતી માટે સંપર્ક કરો - 9223407006. (બી-૧૫૨૫૮)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૧૭૭)

## ૩૩. ધંધાદારી

**TAX COMPLIANCES**
We provide Professional Service for Income Tax, TDS, all GST Returns, along with Reconciliation and Audit in Western Suburbs. Contact: Mehul Mehta: 9870150010. Sonal Mehta 9869256974. (B-15272)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

**વૈદિક જ્યોતિષ સંસ્થાન રજી.**
નિ:શુલ્ક શિક્ષણ જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રિવર્ષીય સર્ટિફિકેટ કોર્સ. અભ્યાસક્રમ. જાન્યુઆરી ૨૦૨૫ થી નવા વર્ગોનો પ્રારંભ.
ગુજરાતી હીન્દી અભ્યાસના કેન્દ્રો બોરીવલી મલાડ
શનિવાર ૪ થી ૬ આનંદીબાઈ કાલે કોલેજ, સાઈબાબા નગર,બોરીવલી(વે). રવીવાર ૯ થી ૧૧ નગીનદાસ ખાંડવાલા કોલેજ, એમ. કે. ઈ. એસ, બીજે માળે, ગેટ નં: ૪, ભાદરણ નગર, એસ. વી રોડ, મલાડ (વે). સોમવાર સાંજે ૭ થી ૯ બોરીવલી ના સરનામે.
આચાર્ય અશોકજી 93222 61709
• www.vedicjyotishsansthan.com • vjtvv1@gmail.com
પ્રવેશ માટે અગાઉથી ફોન ઉપર રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.
જ્યોતિષ શીખો.. સ્વ અને લોકનું કલ્યાણ કરો !
(બી-૧૫૪૧૨/એચ)

**બ્રહ્મ જ્યોતિષ સંસ્થાન (રજી.)**
જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્રનાં વર્ગો.
જાન્યુઆરી થી નવા સત્રનો આરંભ
ગુજરાતી ત્રીવર્ષીય સર્ટીફીકેટ કોર્સ
અંધેરી — શનિ બપોરે ૨ થી ૬ — મહિલા પરિષદ,અંધેરી, વીવીના બીલ્ડીંગ નં -૨, સ્વામી વિવેકાનંદ રોડ, અંધેરી (પ),મુંબઈ -૫૮
ઘાટકોપર — સાંજે ૭ થી ૯ સોમ મંગળ — એસ. એન. ડી.ટી કોલેજ, કામા લેન, ઘાટકોપર (પ), મુંબઈ - ૮૬
મુલુંડ — સાંજે ૭ થી ૯ બુધ ગુરૂ — મુલુંડ વિદ્યા મંદિર, જે. એન. રોડ, વાણી વિદ્યાલયની બાજુમાં,મુલુંડ,મુંબઇ - ૮૦
પ્રવેશ માટે સંપર્ક : ૯૮૯૨૦ ૫૩૧૫૦ : ૯૯૩૦૧ ૯૬૩૨૮
નિ:શુલ્ક શિક્ષણ
પ્રવેશ માટે અગાઉથી ફોન ઉપર રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.
(બી-૧૫૪૧૨/જી)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ- 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4,000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (૧૫૩૦૮-બી)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૧૫૮-એ)

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૫૨૫૦-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)



**સ્થાપના દિન:** સિલિગુડી નજીક સશસ્ત્ર સીમા બલના ૬૧મા સ્થાપના દિન નિમિત્તે ભેગા થયેલા લોકોને સંબોધતા કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ. (પીટીઆઇ)

# સંસદના કોઇ પણ ગેટ પર વિરોધ પ્રદર્શન કરવા પર મુકાયો પ્રતિબંધ

નવી દિલ્હીઃ ગુરુવારે શાસક પક્ષ અને વિપક્ષના સાંસદો વચ્ચે થયેલી ધક્કામુક્કીની ઘટના પછી, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ નિર્દેશ આપ્યો હતો કે કોઈપણ રાજકીય પક્ષ, સાંસદ અને સાંસદોનું જૂથ સંસદના કોઈપણ ગેટ પર વિરોધ પ્રદર્શન કરી શકશે નહીં, એવી સૂત્રોએ માહિતી આપી હતી.

એવા અહેવાલ છે કે 'લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કડક સૂચના આપી છે કે કોઈપણ રાજકીય પક્ષ, સંસદસભ્ય અથવા સભ્યોનું જૂથ સંસદભવનના ગેટ પર કોઈ વિરોધ કે પ્રદર્શન નહીં કરી શકે.'

ગૃહ પ્રધાન અમિત શાહની બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને લગતી ટિપ્પણીના વિરોધમાં વિપક્ષના સભ્યોએ ગુરુવારે માર્ચ કાઢી હતી. ભાજપના સાંસદોએ કૉંગ્રેસ પર બાબાસાહેબનું અપમાન કરવાનો આરોપ લગાવીને વિરોધ કર્યો હતો. સંસદભવનના 'મકર ગેટ' પાસે શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો એકબીજાની સામે આવી ગયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

ભારતીય જનતા પાર્ટીનો આરોપ છે કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ધક્કો માર્યો હતો, જેના કારણે તેમના વરિષ્ઠ સાંસદ પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂત ઘાયલ થયા હતા.

બીજી તરફ, કૉંગ્રેસનો દાવો છે કે ભાજપના સાંસદોએ તેમના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અનેક મહિલા સાંસદોને સંસદભવનમાં પ્રવેશતા અટકાવ્યા હતા અને તેમની સાથે ધક્કામુક્કી કરી હતી.

કૉંગ્રેસ અને અન્ય કેટલાક વિપક્ષી દળોએ આરોપ લગાવ્યો છે કે 'ભારતના બંધારણની ૭૫ વર્ષની ભવ્ય યાત્રા' પર રાજ્યસભામાં બે દિવસીય ચર્ચાનો જવાબ આપતાં અમિત શાહે મંગળવારે તેમના સંબોધન દરમિયાન બાબાસાહેબનું અપમાન કર્યું હતું.

વિપક્ષી દળે અમિત શાહના સંબોધનનો એક વીડિયોના કેટલાક અંશો પણ બહાર પાડ્યા હતા, જેમાં ગૃહ પ્રધાનને વિપક્ષની ઝાટકણી કાઢતા સાંભળી શકાય છે, 'આ હવે ફેશન બની ગઈ છે - આંબેડકર, આંબેડકર...' 'જો તમે ભગવાનનું આટલું નામ લીધું હોત, તો તમે સાત જન્મો માટે સ્વર્ગમાં ગયા હોત.' બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસે હંમેશાં બાબાસાહેબનું અપમાન કર્યું છે અને તેમને ચૂંટણીમાં પણ હરાવ્યા હતા. ■

# દિલ્હી-નોઇડા-ડાયરેક્ટ ફ્લાઇવે ટોલ-ફ્રી રહેશેઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ દિલ્હી-નોઇડા-ડાયરેક્ટ (ડીએનડી) ફ્લાઇવે ટોલ-ફ્રી રહેશે એમ સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું. વડી અદાલતે અલ્હાબાદ હાઈ કોર્ટના ૨૦૧૬ના ચુકાદાને પડકારતી એક ખાનગી કંપનીની અરજીને ફગાવી દીધી હતી. જેમાં તેમને મુસાફરો પાસેથી ટોલ વસૂલવાનું બંધ કરવાનું કહેવામાં આવ્યું હતું. સુપ્રીમના આ નિર્ણયથી દરરોજ ફ્લાઇવેથી મુસાફરી કરતા લાખો લોકોને ફાયદો થશે.

ન્યાયાધીશ સૂર્યકાંત અને ઉજ્જ્વલ ભુયાનની ખંડપીઠે જણાવ્યું કે ડીએનડી ફ્લાઇવે પર ચાલતા મુસાફરો પાસેથી ટોલ વસૂલવા માટે ખાનગી કંપની નોઇડા ટોલ બ્રિજ કંપની લિમિટેડ(એનટીબીસીએલ)ને કોન્ટ્રાક્ટ આપવો અન્યાયી, અયોગ્ય અને મનસ્વી છે.

ખંડપીઠે કહ્યું કે વપરાશકર્તા અથવા ટોલ ફી વસૂલવાનું કોઈ કારણ નથી. અમારું માનવું છે કે (ટોલ વસૂલી માટે) સહમતી ગેરકાયદેસર છે. કોર્ટે ખાનગી કંપની એનટીબીસીએલને ટોલ વસૂલીનું કામ સોંપવા બદલ નોઇડા ઑથોરિટીને ઠપકો આપ્યો હતો. જેની પાસે પહેલાંથી કોઈ અનુભવ ન હતો.

હાઈ કોર્ટે ઓક્ટોબર ૨૦૧૬માં ચુકાદો આપ્યો હતો કે ૯.૨ કિમી લાંબા અને આઠ લેનવાળા દિલ્હી-નોઇડા-ડાયરેક્ટ ફ્લાઇવેનો ઉપયોગ કરનારાઓ પાસેથી હવે કોઇ ટોલ લેવામાં આવશે નહીં. આ આદેશ ત્યારે પસાર કરવામાં આવ્યો હતો જ્યારે હાઈ કોર્ટે ફેડરેશન ઑફ નોઇડા રેસીડેન્સ વેલફેર ઍસોસિયેશનની પીઆઈએલનો સ્વીકાર કર્યો હતો. ૨૦૧૨માં દાખલ પીઆઈએલમાં નોઇડા ટોલ બ્રિજ કંપની દ્વારા વપરાશકર્તા ફીના નામે ટોલ લગાવવા અને સંગ્રહ કરવાને પડકાર આપ્યો હતો. ■

# ભોપાલમાં ત્યજાયેલી કારમાંથી ૪૦ કરોડનું સોનું અને રોકડ મળી

નવી દિલ્હીઃ ભોપાલમાં આવકવેરા ખાતા અને પોલીસે ત્યજાયેલી કારમાંથી રૂ. ૪૦ કરોડના મૂલ્યનું બાવન કિલો સોનું અને અગિયાર કરોડ કરતાં પણ વધુ રોકડ રકમ જપ્ત કરી હતી.

આવકવેરા ખાતા દ્વારા છેલ્લા થોડાક દિવસથી શહેરમાં કરવામાં આવી રહેલી કાર્યવાહી દરમિયાન બાવન કરોડનું સોનું અને આ રોકડ રકમ કબજે કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં ડીસીપી પ્રિયંકા શુકલાએ કહ્યું હતું કે ખુશાલપુરા વિસ્તારમાં એક ઈનોવા ક્રિસ્ટલ કાર ઘણા સમયથી લાવારિસ પડી હોવાની એક વ્યક્તિએ અમને જાણ કરી હતી. માહિતીને પગલે પોલીસ ટીમ ત્યાં પહોંચી હતી. વાહનમાં સાતથી આઠ બૅગ હોવાનું જાણવા મળ્યું હતું.

અમે આવકવેરા ખાતાને આ અંગે જાણ કરી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આવકવેરાની ટીમ ત્યાં આવી હતી અને કારની બારી તોડી તેમાંથી બાવન કિલો સોનું અને મોટા પ્રમાણમાં રોકડ રકમ જપ્ત કરી હતી.

શહેરમાં ચાલી રહેલી આવકવેરા ખાતાની કાર્યવાહીના ડરને કારણે કોઈ વ્યક્તિ કારમાં આ તમામ વસ્તુ મૂકી ગઈ હોવાની પોલીસને શંકા છે.

કારના રજિસ્ટ્રેશન નંબર પરથી કાર ભોપાલના ગ્વાલિયરમાં રહેતા ચંદન સિંહ નામની વ્યક્તિની માલિકીની હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટનાને મામલે આવકવેરા ખાતું તપાસ કરી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

ડિરેક્ટર જનરલ ઈન્કમ ટેક્સ (ઈન્વેસ્ટીગેશન) સતીશ કે. ગોયલે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે જંગલ વિસ્તારમાં કાર લાવારિસ અવસ્થામાં પડી રહી હોવાની મળેલી માહિતીને આધારે અમે કાર્યવાહી કરી કારમાંથી મોટા પ્રમાણમાં સોનું અને રોકડ રકમ કબજે કરી હતી.

જોકે સોનું અને રોકડ રકમ કોની છે તે હજુ સુધી જાણી શકાયું નથી, એમ તેમણે કહ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર આવકવેરા ખાતું ગુરુવારથી ભોપાલમાં રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા લોકો પર દરોડા પાડી રહ્યું છે અને જે વ્યક્તિ પર દરોડા પાડવામાં આવ્યા છે તેની જ આ વસ્તુઓ હશે.

મધ્ય પ્રદેશ વિધાનસભામાં વિપક્ષના નેતા ઉમંગ સિંઘારે આક્ષેપ કર્યો હતો કે રાજકારણીઓ અને અમલદારો વચ્ચેની સાંઠગાંઠથી દરોડા પાડી સોનું અને રોકડરકમ જપ્ત કરવામાં આવી રહી છે. (એજન્સી) ■

# ઈવીએમના વેરિફિકેશન માટે નીતિ બનાવવાની માગ કરતી અરજી પર અન્ય બેન્ચ સુનાવણી કરશેઃ ચીફ જસ્ટિસના નિર્દેશ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે ઇલેક્ટ્રૉનિક વોટિંગ મશીનો (ઈવીએમ)ના વેરિફિકેશન માટે નીતિ બનાવવાની માગ કરતી અરજી પર આગામી વર્ષે જાન્યુઆરીમાં જસ્ટિસ દીપાંકર દત્તાના નેતૃત્વ હેઠળની ખંડપીઠ સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઇ) સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની ખંડપીઠે કહ્યું હતું કે આ મુદ્દા પર હરિયાણાના પૂર્વ મંત્રી અને પાંચ વખતના ધારાસભ્ય કરણસિંહ દલાલ અને લખન કુમાર સિંગલાની નવી અરજી પર જસ્ટિસ દત્તાના નેતૃત્વ હેઠળની બેન્ચ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫થી સુનાવણી કરશે.

ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે અરજીને ફગાવી દેવાની માગ કરતાં કહ્યું હતું કે અગાઉ પણ આ પ્રકારની અરજીઓ ફગાવી દેવામાં આવી છે. અગાઉ ૧૩ ડિસેમ્બરે જસ્ટિસ વિક્રમ નાથ અને પીબી વરાલેની બેન્ચે અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કરતાં કહ્યું હતું કે આ અરજી પર એ બેન્ચ સુનાવણી કરશે જેણે આ પ્રકારની અરજીઓ પર સુનાવણી કરી છે. હવે તેને સીજેઆઈના નેતૃત્વ હેઠળની બેન્ચ સમક્ષ લિસ્ટ કરવામાં આવી છે. ૨૬ એપ્રિલના રોજ આપેલા ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ઈવીએમ સાથે ચેડાંની શંકાને પાયાવિહોણી ગણાવી હતી.

જોકે, સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પરિણામોમાં બીજા અને ત્રીજા સ્થાને રહેલા અસફળ ઉમેદવારો માટે એક રસ્તો ખોલ્યો હતો અને તેમને ચૂંટણી પંચને ફી ચૂકવીને લેખિત વિનંતી પર વિધાનસભા ક્ષેત્રમાં પાંચ ટકા ઈવીએમમાં લાગેલા માઇક્રોકન્ટ્રોલર ચિપ્સની વેરિફિકેશનની માગ કરવાની મંજૂરી આપી હતી. દલાલ અને સિંગલાની નવી અરજીમાં 'ઍસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ વિરુદ્ધ યુનિયન ઑફ ઈન્ડિયા'ના કેસમાં સુપ્રીમ કોર્ટના ૨૬ એપ્રિલના ચુકાદાનું પાલન કરવાની માગ કરવામાં આવી હતી. દલાલ અને સિંગલાએ પોતપોતાના મતવિસ્તારોમાં બીજા નંબરે સૌથી વધુ મત મેળવ્યા હતા અને ચૂંટણી પંચને ઈવીએમના ચાર ઘટકો કંટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ, વીવીપીએટી અને સિમ્બોલ લોડિંગ યુનિટની મૂળ ''બર્ન મેમરી'' અથવા માઇક્રોકન્ટ્રોલરની તપાસ કરવા એક પ્રોટોકોલ લાગુ કરવાના નિર્દેશ આપવાની માગ કરી હતી. ■

# ફેડરલની ફાંચરથી ઈક્વિટી માર્કેટ મંદીના ભરડામાં

## સેન્સેક્સમાં વધુ ૧૧૭૬ પૉઈન્ટનું અને નિફ્ટીમાં ૩૬૪ પૉઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી વર્ષ ૨૦૨૫માં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ ઘટાડા કરે તેવા આશાવાદમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે આગામી વર્ષે માત્ર બે જ વખત વ્યાજદરમાં કપાતની શક્યતા વ્યક્ત કરીને ફાંચર મારતાં ઈક્વિટી માર્કેટ મંદીના ભરડામાં આવી ગયું હોય તેમ બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૭૬.૪૬ પૉઈન્ટનું ગાબડું પડ્યું હતું, જ્યારે નિફ્ટીએ ૩૬૪.૨૦ પૉઈન્ટના કડાકા સાથે ૨૩,૬૦૦ની સપાટી ગુમાવી હતી. એકંદરે આજે ઑલ રાઉન્ડ વેચવાલીના દબાણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૩૫૯૭.૮૨ કરોડની વેચવાલી રહેતાં ગબડતાં આંકોને ઢાળ મળ્યો હતો. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૩૭૪.૩૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી, પરંતુ તેની બજાર પર કોઈ ખાસ અસર નહોતી જોવા મળી. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૯,૨૧૮.૦૫ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૭૯,૩૩૫.૪૮ના મથાળે ખૂલ્યા બાદ વધીને ૭૯,૫૮૭.૧૫ અને નીચામાં ૭૭,૮૭૪.૫૯ સુધી તૂટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે વધુ ૧૧૭૬.૪૬ પૉઈન્ટ અથવા તો ૧.૪૯ ટકાના ઘટાડા સાથે ૭૮,૦૪૧.૫૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૯૫૧.૭૦ના બંધ સામે ૨૩,૯૬૦.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૫૩૭.૩૫ અને ઉપરમાં ૨૪,૦૬૫.૮૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧.૫૨ ટકા અથવા તો ૩૬૪.૨૦ પૉઈન્ટ ઘટીને ૨૩,૫૮૭.૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રની આ મંદીના માહોલમાં બીએસઈ ખાતે લિસ્ટેડ થયેલી કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશન અથવા તો રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૮,૪૩,૧૨૧.૨૭ કરોડનું ધોવાણ થઈને રૂ. ૪,૪૦,૯૯,૨૧૭.૩૨ કરોડની સપાટીએ રહ્યું હતું. ફેડરલ રિઝર્વ દ્વારા આગામી વર્ષે વ્યાજદરમાં અપેક્ષા કરતાં ધીમી ગતિએ કપાતને કારણે વૈશ્વિક બજારમાં નિરાશા વ્યાપી જવાની સાથે સ્થાનિક બજાર પણ મંદીના ભરડામાં આવી ગયું છે. જોકે, અગાઉ પણ સ્થાનિક સ્તરે ઊંચા વેલ્યુએશન અને બીજા ત્રિમાસિકગાળાનાં કોર્પોરેટ પરિણામો નબળાં આવ્યાં હોવાથી બજારમાં આર્થિક મંદીની ચિંતા સપાટી પર આવતા બજારને વધુ ઢાળ મળ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં મેહતા ઈક્વિટીઝના વાઈસ પ્રેસિડેન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું કે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને રોકાણકારો ઈક્વિટી જેવાં જોખમી રોકાણમાંથી બહાર નીકળીને ડૉલર જેવી સલામત અસ્ક્યામતો તરફ વધુ વળ્યા હોવાથી આજે સાર્વત્રિક સ્તરેથી જળવાઈ રહેલી વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું છે. જોકે, રોકાણકારોની નજર હવે અમેરિકાના નવા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ કારભાર સંભાળ્યા બાદ કેવી વેપાર અને વેરાની નીતિ અપનાવે છે તેના પર સ્થિર થઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૦૯૧.૫૩ પૉઈન્ટ અથવા તો ૪.૯૮ ટકાનો અને નિફ્ટીમાં ૧૧૮૦.૮ પૉઈન્ટ અથવા તો ૪.૭૬ ટકાનો કડાકો બોલાઈ ગયો છે. આજે બીએસઈ ખાતે કુલ ૪૦૮૫ શૅરમાં કામકાજો થયા હતા, જેમાંથી ૯૫૮ શૅરના ભાવ વધીને, ૩૦૪૪ શૅરના ભાવ ઘટીને અને ૮૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૨૨૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૬૮ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે રહ્યા હતા. તેમ જ આજે માત્ર બે શૅરમાં નીચલી સર્કિટ લાગી હોવાના અહેવાલ હતા.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર નેસ્લે અને ટિટાનમાં અનુક્રમે ૦.૧૨ ટકાનો અને ૦.૦૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો અને અન્ય તમામ શૅર ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે ટેક મહિન્દ્રામાં ૩.૯૭ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૩.૬૦ ટકાનો, ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૩.૫૩ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૩.૨૮ ટકાનો, ટાટા મોટર્સમાં ૨.૭૩ ટકાનો અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૨.૪૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે મિડકેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૨.૪૩ ટકાનો અને ૨.૧૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના તમામ સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં મુખ્યત્વે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૪.૦૭ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૩.૫૫ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૩.૦૨ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૨.૬૭ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૨.૬૦ ટકાનો અને આઈટી ઈન્ડેક્સમાં ૨.૫૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. દરમિયાન આજે એશિયામાં સિઉલ, ટોકિયો, શાંઘાઈ અને હૉંગકૉંગની બજાર ઘટાડા સાથે બંધ રહી હતી. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના સુધારા સાથે ૮૫.૦૩ના મથાળે બંધ રહ્યો હતો, જ્યારે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૨.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.


**REDEVELOPMENT TENDER NOTICE**

Sealed Tenders are invited from Reputed, Experienced and Financially Sound Developers/ Builders/ Corporates having a minimum of 10 years experience in the field of construction, having valid Registration with the local competent Authorities & possessing other required licenses for the redevelopment of "NEO SHASTRI NAGAR CO-OP. HSG. SOC. LTD.", G.G.S ROAD, MULUND COLONY, MULUND (WEST), MUMBAI-400082.

(REGN. NO. BOM/HSG/3148 OF 1971)
PLOT AREA: 10,861.27 SQ.MTR. AS PER CONVEYANCE DEED.

HIGHLIGHTS:-
-5 MIN WALK FROM ONGOING MEGA PROJECT OF MULUND GOREGAON LINK ROAD.
-SOCIETY IS SITUATED ADJACENT TO SANJAY GANDHI NATIONAL PARK WHICH IS A PRIME LOCATION.
-WELL-CONNECTED TO SCHOOLS, COLLEGES, HOSPITALS AND MALLS.
-MULUND RAILWAY STATION 3 KM.
-NAHUR RAILWAY STATION 2.3 KM.
-EASTERN EXPRESS HIGHWAY 2.7 KM.
-LBS ROAD 1 KM.
-METRO STATIONS 1 KM.

TENDER FORMS ARE AVAILABLE Between 09.00 am to 5.00 pm on all days at the office of NEO SHASTRI NAGAR CO-OP. HSG. SOC. LTD., G.G.S ROAD, MULUND COLONY, MULUND (W), MUMBAI-400082.
neoshastrinagarchs@gmail.com
Chairman : 9892732917
Secretary : 9819135915
AND
Between 11.00 am to 6.00 pm on any working day at the office of PROJECT MANAGEMENT CONSULTANT SUPREME ENGICONS (INDIA) PVT. LTD. (AN ISO 9001: 2015 CERTIFIED COMPANY) 808, Shree Krishna Bldg., Opp. Laxmi Indl. Est., Link Road, Andheri(w), Mumbai-400053.
TEL. NO: 9967953610

Cost of Tender: Rs. 50,000/- (Fifty Thousand Only) (Non- Refundable) DD/Pay order in favour of Society.
EMD: Rs. 20,00,000/-(Twenty Lakhs only) (Refundable) in the name of society by DD/PO.

PRE-QUALIFICATION:
Bidder to get the latest Solvency Certificate.
Financial turnover of company should be Rs. 150 crores Annually for the last 5 years.
Evidence of completing projects in last 10 Years with Full O.C and 10 Residential Projects in Mumbai Metropolitan Region and have given possession of at least 250 flats in last 5 years.
Project development with the subsidiary companies are allowed but quoted company's Directors/Partners must have 51 % stake in the subsidiary companies.
Evidence of experience in redevelopment with details of completed/ongoing projects by the bidder to be produced.
Submit Full Occupation Certificate of above along with area statement confirming the approval within past 5 Years.

ISSUE OF TENDER:
21/12/2024 TO 06/01/2025
Last date of Submission of Sealed Offer: 21/01/2025 up to 5.00 pm at the Society Office of
NEO SHASTRI NAGAR C.H.S.L., G.G.S ROAD, MULUND COLONY, MULUND (W), MUMBAI-400082.


## વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹૧૯૦૨ તૂટ્યા, સોનામાં ₹૬૩૬ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં અમેરિકી ફેડરલ રિઝર્વ બજારની અપેક્ષા કરતાં વ્યાજદરમાં ઓછો ઘટાડો કરે તેવા અણસારો આપ્યા હોવાથી ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાના નિર્દેશો હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. તેમ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજારનાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા બન્ને કિંમતી ધાતુઓમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો, જેમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૯૦૨ અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૩૪થી ૬૩૬ ઘટી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો. આમ રૂપિયામાં સુધારો આવતા સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાને કારણે પણ ભાવઘટાડાને ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે ઘટતી બજારના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦૨ના ઘટાડા સાથે રૂ. ૮૬,૦૦૦ની સપાટીની અંદર ઊતરીને રૂ. ૮૫,૧૩૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ અને રૂપિયામાં સુધારો આવતા સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૩૪ ઘટીને રૂ. ૭૫,૦૭૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૩૬ ઘટીને રૂ. ૭૫,૩૭૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની મોસમની માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે ન્યૂ યૉર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોના-ચાંદીના ભાવમાં નરમાઈતરફી વલણ જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૨૬૦૨.૫૧ ડૉલર અને ૨૬૧૭.૬૦ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૬૧૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં હાજરમાં સોનાના ભાવમાં ૧.૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. વધુમાં આજે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, હવે રોકાણકારોની નજર આગામી વર્ષે નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ કારભાર સંભાળે અને વેપાર તથા વેરાની કેવી નીતિ અપનાવે તેના પર સ્થિર થઈ છે. કેમ કે તેની નીતિને આધારે આગામી ૨૮-૨૯ જાન્યુઆરીની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ અણસાર આપશે, એમ એએનઝેડના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવ્યું હતું. જોકે, આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર પણ રોકાણકારોની નજર હોવાથી એકંદરે કામકાજો પાંખાં જોવા મળ્યાં હતાં.

નોંધનીય બાબત એ છે કે ગત૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ આગામી વર્ષમાં વ્યાજદરમાં કપાત માટે સાવચેતીનો અભિગમ અપનાવવામાં આવે તેવા સંકેતો આપતાં ગત બુધવારે સોનાના વૈશ્વિક ભાવ ઘટીને ગત ૧૮ નવેમ્બર પછીની નીચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, વર્ષ ૨૦૨૪નાં ત્રીજા ત્રિમાસિકગાળામાં અમેરિકી અર્થતંત્રમાં અપેક્ષા કરતાં ઝડપી વૃદ્ધિ જોવા મળી હોવાનાં તેમ જ બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજી કરનારાઓની સંખ્યામાં પણ અપેક્ષા કરતાં વધુ ઘટાડો થયો હોવાથી ફેડરલ રિઝર્વ આગામી નાણાનીતિમાં સાવચેતીનું વલણ અપનાવે તેવી શક્યતા વધુ પ્રબળ બની છે. આમ હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા રૉઈટર્સના ટેક્નિકલ એનાલિસ્ટ વૉન્ગ તાઉએ વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૫૮૨ની ટેકાની સપાટીને સ્પર્શે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.


**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

DRM (S&T) વર્ક્સ રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે: ટેન્ડર નં. SnT_RTM_૨૪_૨૨_સિગ્નલ, તારીખઃ ૧૮.૧૨.૨૦૨૪. કામનું નામઃ S&T રૂમ્સ / સ્થળો ખાતે ફાયર આલાર્મ સિસ્ટમને અપ્રુવ કરાયેલ RDSO નું જોગવાઈ અને અપગ્રેડેશન, વર્ધન સાથેના સંબંધમાં S&T મટેરિયલનું સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. બિડિંગ / ટેન્ડર ટાઈપ અને સિસ્ટમઃ વર્ક્સ નોર્મલ ઓપન ઈ-ટેન્ડર, સિંગલ પેકેટ સિસ્ટમ. (IREPS પોર્ટલ). ટેન્ડર જાહેરાત મૂલ્યઃ રૂ.૨,૧૪,૧૬,૪૫૪. બીડ સુરક્ષા/બાના રકમઃ રૂ. ૨,૫૭,૧૦૦/-. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ Nil. પ્રી-બીડ કોન્ફરન્સઃ Nil. બીડ પ્રારંભ તારીખઃ ખોલવાની તારીખ પહેલાં ૧૫ દિવસ. બીડની બંધ થવાની તારીખ અને સમયઃ ૧૦.૦૧.૨૦૨૫ના ૧૫:૦૦ ક. બીડની ખોલવાની તારીખ અને સમયઃ ૧૦.૦૧.૨૦૨૫ના ૧૫.૩૦ ક. પછી. ઓફરની માન્યતાઃ ટેન્ડર ખોલવાની તારીખથી ૬૦ દિવસ. પૂર્ણતાનો સમયગાળોઃ ૬ મહિના. JV મંજૂરીઃ મંજૂરી નથી. બીડની ખોલવાની ટેન્ડરીંગ સેક્શન ઓફિસ ઇન-ચાર્જ અને સ્થળઃ Sr DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરી શકાય છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), પશ્ચિમ રેલવે, રતલામ

DE/6/1/344

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


## ઈન્ટરનેશનલ જેમોલોજિકલના શૅરનું બાવીસ ટકા પ્રીમિયમે લિસ્ટિંગ

નવી દિલ્હીઃ દેશમાં ડાયમંડ ગ્રેડિંગ કરતી કંપની ઈન્ટરનેશનલ જેમોલિજલ ઈન્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના શૅરનું શૅરદીઠ રૂ. ૪૧૭ના ઈશ્યૂ ભાવ સામે બાવીસ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટિંગ થયું હતું.

આજે બીએસઈ ખાતે શૅર દીઠ રૂ. ૪૧૭ના ઈશ્યૂ ભાવ સામે રૂ. ૨૧ ટકાના પ્રીમિયમ સાથે શૅરદીઠ રૂ. ૫૦૪.૮૫ના ભાવથી લિસ્ટિંગ થયા બાદ વધીને રૂ. ૫૨૫ સુધી ક્વૉટ થયા બાદ અંતે ૬.૮૭ ટકા ઘટીને રૂ. ૪૭૦.૧૫ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે લિસ્ટિંગ રૂ. રૂ. ૫૧૦ના ભાવથી થયા બાદ ભાવમાં ૨૨.૩૦ ટકા સુધીનો વધારો થયા બાદ અંતે ૮.૧૫ ટકા ઘટીને ૪૬૮.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ એક તક્કે કંપનીનું માર્કેટ વૅલ્યૂએશન રૂ. ૨૦,૫૨૩.૨૬ કરોડ સુધી પહોંચ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત મંગળવારે બિડિંગના છેલ્લાં દિવસે કંપનીનું પ્રારંભિક ભરણું ૩૩.૭૮ ગણું છલકાઈ ગયું હતું અને રૂ. ૪૨૭૫ કરોડનાં શૅરના વેચાણ માટેની પ્રાઈસ બૅન્ડ શૅરદીઠ રૂ. ૩૯૭થી ૪૧૭ નિર્ધારિત કરવામાં આવી હતી. સૂચિત આઈપીઓમાં રૂ. ૧૪૭૫ કરોડનાં નવાં ઈક્વિટી શૅરનો અને રૂ. ૨૭૫૦ કરોડનો હિસ્સો પ્રમોટરોનાં ઓફર ફોર સેલનો રહ્યો હતો.

## ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયામાં નીચી સપાટીએથી ૧૦ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી જોવા મળેલી પીછેહઠ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના સુધારા સાથે ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો હતો. જોકે, ફોરેક્સ ટ્રેડરોના મતાનુસાર ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ઓછી કપાત કરે તેમ હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં ૧૧૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી હોવાથી અને સ્થાનિકમાં આયાતકારો તથા વિદેશી બૅન્કોની ડૉલરમાં માગ જળવાઈ રહેતાં ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળશે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૧૩ના ઐતિહાસિક તળિયા સામે ૮૫.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૧૨ અને ઉપરમાં ૮૪.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે ૧૦ પૈસાના સુધારા સાથે ૮૪.૯૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસાના ગાબડાં સાથે ૮૫.૧૩ની ઑલ ટાઈમ લૉ સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકી અર્થતંત્રમાં પ્રવર્તમાન મજબૂત વલણને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વે આગામી વર્ષ ૨૦૨૫માં તંગ નાણાનીતિ અપનાવવાના સંકેત આપ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહેવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં સતત વેચવાલીનું દબાણ જોતાં સ્થાનિકમાં આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૪.૮૦થી ૮૫.૧૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા ઘટીને ૧૦૮.૨૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૯ ટકા ઘટીને બેરલદીઠ ૭૨.૧૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૧૭૬.૪૬ પૉઈન્ટનો અને ૩૪૦.૧૦ પૉઈન્ટનો ઘટાડો તથા ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૨૨૪.૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT તા. ૧૯.૧૨.૨૦૨૪

**ઈ-ટેન્ડરીંગ નોટિસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છે.

| ક્ર. નં. | ઇ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૪-૨૫-૧૨૨ | ૧,૭૫,૫૪,૩૮૫.૭૫ | ૨,૩૭,૮૦૦/- | ૧૨ મહિના |
| | ગોધરા-રતલામ સેક્શનઃ ADEN-DHD અધિકાર ક્ષેત્ર હેઠળ RUB નં. ૮A, ૧૩A, ૧૩B, ૪૭A, ૪૭B વગેરે ખાતે અને ADEN-પૂર્વ અધિકાર ક્ષેત્ર હેઠળ RUB નં. ૧૭૩A, ૧૭૭A, ૨૯૨A, ૨૯૩A અને ૩૦૫A વગેરે ખાતે રોડ સર્ફેસ અને ડ્રેનેજ સિસ્ટમમાં સુધારણા. | | | |

અંદા. જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. કામનો સમાન પ્રકારઃ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૧૭.૧૨.૨૦૨૪. ટેન્ડરની ખુલવાની તારીખઃ ૧૩.૦૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

DE/5/1/346 DRM (W/A), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ www.facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ www.twitter.com/WesternRly



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં. D.M.C./૩૦૬૭/ઈન્ફ્રા. ૧૧/૧૦/૨૪ના

**પબ્લિક નોટિસ**

આજ દિન સુધાર્યા મુજબ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ધારા ૧૮૮૮ની કલમ ૨૯૭ (૧) (બી)ના અન્વયે, નીચે સહી કરનારના તેમની ૦૧/૨/૨૫ના અથવા તે પછીના દિવસે યોજાનારી મીટિંગમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને અરજી કરવાની દરખાસ્ત કરે છે, કારણ કે નીચેની દરખાસ્તની સત્તા માટે ઉપરોક્ત અરજીનો સગવડતાથી નિકાલ કરી શકાય છે.

''પ્લાન નં. EETPL/CITY/RL/નં. ૨૯૩ તા. ૦૩.૧૦.૨૪માં બતાવ્યા પ્રમાણે લીલા રંગમાં A-B તરીકે માર્ક કરેલ MMC એક્ટના G/S વોર્ડ u/s ૨૯૭ (૧) (બી)માં વર્લી ડિવિઝનમાં N. M. જોષી માર્ગ અને ડૉ. એની બેસન્ટ રોડને જોડતી સર્વે વિભાગના ૨૪.૪૦ મીટર મંજૂરી રેગ્યુલર લાઈન ધરાવતી પાંડુરંગ બુધકર માર્ગ સુધી ૩૦-૫૦ મીટર પહોળી નિયમિત લાઈન સૂચવવા માટે.''

એક પ્લાન નં. EETPL/CITY/નં. ૨૯૩ તા. ૦૩.૧૦.૨૦૨૪, ઉપર જણાવેલ તેની બદલીમાં નિર્ધારિત રેગ્યુલર લાઈન A-B તરીકે માર્ક કરેલ લીલા રંગમાં દર્શાવેલ છે, જે મ્યુનિસિપલ કોર્પોરેશનની ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ટ્રાફિક)ની ઓફિસમાં જમા કરાવેલ છે અને ઈચ્છુક વ્યક્તિ દ્વારા એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, ઝિરો ફ્લોર, વર્લી નાકા પાસે, ડૉ. ઈ. મોસેસ રોડ, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે અને આસી. કમિશનર 'G /સાઉથ' વોર્ડ, BMC 'G/S' વોર્ડ ઓફિસ, ધનમિલ નાકા, N. M. જોષી માર્ગ, એલ્ફિન્સ્ટન મુંબઈ-૪૦૦૦૧૩ની ઓફિસ ખાતે ઓફિસ કલાકો દરમિયાન કોઈપણ સમયે, કોઈપણ દ્વારા નિરીક્ષણ કરી શકાય છે.

કોર્પોરેશનને કોઈપણ સૂચન/વાંધો ઉઠાવવા અથવા સદર દરખાસ્તના સંદર્ભમાં કોર્પોરેશન સમક્ષ લાવવા ઈચ્છતા દરેક નાગરિકે આ નોટિસ છપાયા પછી ૩૦ દિવસની અંદર મ્યુનિસિપલ સેક્રેટરી, મહાપાલિકા હેડ ઓફિસ, ફોર્ટ મુંબઈ-૪૦૦૦૦૧ને સંબોધિત પત્ર દ્વારા કરી શકે છે. નિયત સમયની મુદતમાં વધુનો વાંધો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

તારીખઃ ૨૦/૧૨/૨૪

સહી/-
ડે.મ્યુ. કમિશનર (ઈન્ફ્રા.)

PRO/2026/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT તારીખ૧૯.૧૨.૨૦૨૪

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૪-૨૫-૧૨૯ | ૬,૭૭,૯૨,૪૯૮.૭૧ | ૪,૮૯,૦૦૦/- | ૧૫ મહિના |
| | RTM-D શેડ HHP ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સનું જાળવણી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ. | | | |

અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. કામનો સમાન પ્રકારઃ કોઈપણ બિલ્ડીંગ કામનું બાંધકામ. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૧૯.૧૨.૨૦૨૪. ટેન્ડરની ખોલવાની તારીખઃ ૧૩.૦૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

DE/5/1/345 DRM (W/A), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ www.facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ www.twitter.com/WesternRly



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ /O.C. ડિવિઝન
Dy.HE/OPS/૫૫૬૧ તા. ૨૦/૧૨/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| ડિવિઝન | ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (ઓપરેશન) O.C. ડિવિઝન |
| વિષય & બીડ નં. | O.C. ડિવિઝનમાં તાનસા સેક્શનમાં રોડ સાઈડ પેરાપેટ વોલ અને પિચીંગનું રિપેર્સ/ પુનઃનિર્માણ. (બીડ નં. ૨૦૨૪_MCGM_૧૧૨૬૮૫૧_૧) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૩,૯૫,૭૨,૭૦૩.૦૦ (GST સિવાય) |
| બીડ સુરક્ષા ડિપોઝીટ/ બારડી | કુલ બારડી રૂ. ૩,૯૫,૮૦૦.૦૦ (બિડરે GoM www.mahatenders.gov.inના પેમેન્ટ ગેટવે દ્વારા ઓનલાઈન સંપૂર્ણ રકમ ચૂકવવી પડશે.) |
| સ્ક્રુટીની ફી | રૂ. ૧૯૫૦૦.૦૦ (રૂ. ૧૬,૫૦૦ + ૧૮% GST, એટલે કે ૨૯૭૦.૦૦=૧૯૪૭૦ કહો કે ૧૯૫૦૦.૦૦) |
| ઓનલાઈન ટેન્ડર વેચાણ | ૨૪.૧૨.૨૦૨૪ ૧૧.૦૦ ક.થી ૧૦.૦૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૦.૦૧.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. |
| પેકેટ A ખુલશે | ૧૩.૦૧.૨૦૨૪ ૧૧.૦૦ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૧૩.૦૧.૨૦૨૪ ૧૧.૦૦ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૨૧.૦૧.૨૦૨૪ ૧૧.૦૦ ક. પછી |
| વેબસાઈટ | https://mahatender.gov.in |
| A) સંપર્ક વ્યક્તિઓનું નામ | શ્રી પી.કે. જાધવ, એક્ષિક્યૂટીવ એન્જિનિયર (કન્સ્ટ.)-૯૯૨૦૫૨૪૮૩૨<br>શ્રી એસ.બી. નેહેરે, આસીસ્ટન્ટ એન્જિનિયર (કન્સ્ટ.)-૯૯૨૦૮૦૪૬૪૬<br>શ્રી એસ.યુ. દાવલે, સબ એન્જિનિયર (કન્સ્ટ.)-૯૯૨૩૦૮૩૪૩૦<br>શ્રીમતી વી.એચ. ખૈરનાર, સબ એન્જિનિયર (કન્સ્ટ.)-૭૫૦૬૭૩૭૩૨૭ |
| B) ટેલિફોન | ફોન નં. ૨૫૪૩૧૯૦૫ (એક્ષ્ટે. ૨૦૩) |
| C) ઈ-મેલ ID | ee01constocdiv.he@mcgm.gov.in |

વિગતવાર ટેન્ડર નોટીસ પોર્ટલ (https://mahatender.gov.in) પર ઉપલબ્ધ છે.

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
(P.V. શેઠ)
Dy. H.E. (ઓપરેશન)

PRO/2039/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

આસી. કમિશનર, P/નોર્થ વોર્ડ ઓફિસ, લિબર્ટી ગાર્ડન, મામલતદારવાડી રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૬૪ની ઓફિસ.

**મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૩૦૬ હેઠળની સૂચના**

**પબ્લિક નોટીસ**

**લાગતા વળગતા ધ્યાન આપો**

વિષયઃ MMC એક્ટની કલમ ૩૦૬ હેઠળ ''પબ્લિક સ્ટ્રીટ'' તરીકે મલાડ (પૂર્વ) ખાતે ગામ કુરારની CTS ૨૭૮F/૩ ખાતે સ્થિત ઝમ-ઝમ બેકરીથી શુભ એપાર્ટમેન્ટ સુધીના હાલના રસ્તાને જાહેર કરવો.

જ્યારે MMC એક્ટ, ૧૮૮૮ની કલમ ૩૦૬ હેઠળની જોગવાઈઓ કરવા માટે MMC એક્ટ ૧૮૮૮ની કલમ ૬૮ હેઠળ મ્યુનિસિપલ કમિશનરની સત્તા અને કાર્યો નીચે સહી કરનારને સોંપવામાં આવ્યા છે.

જ્યાં નીચે દર્શાવેલ પરિશિષ્ટમાં વર્ણવેલ સ્ટ્રીટ, સમતળ કરવામાં આવી છે, ધાતુવાળી અથવા મોકળી કરવામાં આવી છે, ડ્રેનેજ કરવામાં આવી છે, ચેનલ કરવામાં આવી છે અને મારા સંતોષ માટે સારી બનાવવામાં આવી છે, જ્યારે નીચેના પરિશિષ્ટમાં ઉલ્લેખેલ સ્ટ્રીનો ઉપયોગ લોકો દ્વારા ૨૦ વર્ષથી વધુ સમયથી અનિયંત્રિત રીતે કરવામાં આવે છે.

હું, તેથી MMC એક્ટની કલમ ૩૦૬ (૧)ની જોગવાઈઓને અનુરૂપ (આજ દીન સુધારેલ) આથી 'A થી B' સુધીના રસ્તાને જાહેર સ્ટ્રીટ તરીકે નીચે વર્ણવ્યા મુજબ પેટ વિભાગના જાહેર કરવાની સૂચના આપું છું. (૨) MMC એક્ટની ૧૮૮૮ની કલમ ૩૦૬ની, જો આ નોટીસના છપાયાથી એક મહિનાની મુદત સાથે, સદર સ્ટ્રીટ અથવા તેના મોટા ભાગના માલિક, આસી. કમિશનર P/ નોર્થ વોર્ડની ઓફિસમાં લેખિતમાં નોટીસ દ્વારા ઉપરોક્ત ઉલ્લેખેલ સરનામે તેની સામે વાંધો નથી, ઉપરોક્ત સદર સ્ટ્રીટ નીચે પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ''પબ્લિક સ્ટ્રીટ'' બનશે.

**પરિશિષ્ટ**

ઉત્તર ખાતેઃ ગામ કુરારની CTS નં. ૪૬૦
દક્ષિણ ખાતેઃ ગામ કુરારની CTS નં. ૪૪૫૮
પૂર્વ ખાતે : ગામ કુરારની CTS નં. ૨૭૮E/૨ & ૨૭૮E/૧A
પશ્ચિમ ખાતે : ગામ કુરારની CTS નં. ૪૫૧ & ૪૫૨




સહી/-
જોઈન્ટ મ્યુનિસિપલ કમિશનર
(ZoneIV)

PRO/2045/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# ધારાવીનું રિડેવલપમેન્ટ કરવાનો અદાણી જૂથનો માર્ગ અંતે મોકળો

## હાઈ કોર્ટે અદાણી જૂથના ટેન્ડરને બહાલ રાખ્યું

મુંબઈ: મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા અદાણી ગ્રુપની કંપનીને આપવામાં આવેલા ટેન્ડરને બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે માન્ય રાખ્યું હતું અને ચુકાદો આપ્યો હતો કે આ નિર્ણય અવ્યવહારુ, મનસ્વી કે સ્વચ્છંદી નથી.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ અમિત બોરકરની ખંડપીઠે યુએઈ સ્થિત સેકલિંક ટેક્નોલોજીસ કોર્પોરેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. એ અરજીમાં અદાણી પ્રોપર્ટીઝ પ્રાઈવેટ લિમિટેડને આ પ્રોજેક્ટ એનાયત કરવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો.

સેકલિંક ટેક્નોલોજીસ ૨૦૧૮માં આ પ્રોજેક્ટ માટે સૌથી ઊંચી બોલી લગાવનાર તરીકે ઊભરી આવી હતી, પરંતુ તે વર્ષે બહાર પાડવામાં આવેલા ટેન્ડરને પાછળથી સરકારે રદ કરી દીધું હતું.

ખંડપીઠે નોંધ્યું હતું કે કંપનીની અરજીમાં દમ નથી એટલે તેને ફગાવી દેવામાં આવે છે.

અદાણી ગ્રુપ મધ્ય મુંબઈના ૨૫૯ હેક્ટર ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે સૌથી વધુ બોલી લગાવનાર તરીકે ઊભરી આવ્યું હતું અને ૨૦૨૨ની ટેન્ડર પ્રક્રિયામાં ૫,૦૬૯ કરોડ રૂપિયાની ઓફર સાથે ટેન્ડર મેળવ્યું હતું.

વર્ષ ૨૦૧૮માં બહાર પાડવામાં આવેલા પ્રથમ ટેન્ડરમાં અરજદાર કંપની (સેકલિંક ટેક્નોલોજીસ) તેની ૭,૨૦૦ કરોડ રૂપિયાની ઓફર સાથે સૌથી ઊંચી બોલી લગાવનાર કંપની તરીકે ઉભરી આવી હતી. જોકે, સરકારે

(જુઓ પાનું ૪) ▸▸

# પ્રધાનોને ખાતાની ફાળવણી ક્યાં અટકી છે?

**નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને લીધે નહીં, અજિત પવારને કારણે ફાળવણી અટકી હોવાનો સૂત્રોનો દાવો: અધિવેશનમાં ખાતાની ફાળવણીને કારણે નારાજી ફેલાય તો ધમાલ વધી શકે એવો પણ ડર: હવે મુંબઈમાં આવ્યા પછી જ ખાતાની ફાળવણી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં મહાયુતિ સત્તામાં આવ્યાને લગભગ એક મહિનો વીતી ગયો છે, પરંતુ હજુ સુધી પ્રધાનોને ખાતાની વહેંચણી થઈ નથી. એવું અનુમાન કરવામાં આવ્યું હતું કે મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળશે અને ટૂંક સમયમાં કેબિનેટની રચના કરવામાં આવશે અને સરકાર ખાતાઓની ફાળવણી પછી કામ કરવાનું શરૂ કરશે, પરંતુ વાસ્તવમાં સરકાર બનાવવામાં બે અઠવાડિયાનો સમય લાગ્યો. ૧૦ દિવસે કેબિનેટનો શપથ ગ્રહણ સમારોહ પૂર્ણ થયો તેને પાંચ દિવસ વીતી ગયા છતાં હજુ સુધી ખાતાનું વિતરણ થયું નથી. તેથી, મુખ્ય પ્રધાન સિવાય બાકીના બધા જ બિન-ખાતાના પ્રધાનો છે. જેથી સરકારનું બધું કામકાજ ઠપ છે.

પાંચમી ડિસેમ્બરે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનના શપથ ગ્રહણ સમારોહ બાદ ૧૫ ડિસેમ્બરે ૩૯ વિધાનસભ્યોએ શપથ લીધા ત્યારથી ખાતા ફાળવણીની ચર્ચા ચાલી રહી છે, પરંતુ હજુ પણ ખાતાની ફાળવણી થઈ નથી. અગાઉની સરકારમાં ભાજપ, શિવસેના,

(જુઓ પાનું ૪) ▸▸


પ્રીમીયમ પેકેજીસ
લેહ-લદાખ કાશ્મીર હિમાચલ
કિન્નૌર-લાહુલ-સ્પીતિ
આસામ-મેઘાલય-અરૂણાચલ
બાકુ-ગબાલા-શાહદાગ
સીંગાપોર શ્રીલંકા
દુબઈ થાઈલેંડ
HAZEL
Treks N Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938


# સંજય રાઉત ટાર્ગેટ?: બે બાઈકસવારે ઘરની રેકી કરી

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતના ભાંડુપ વિસ્તારમાં આવેલા બંગલોની શુક્રવારે બે મોટરસાઇકલસવારોએ રેકી કરી હતી, જેને પગલે મુંબઈ પોલીસ દ્વારા તપાસ આદરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

સંજય રાઉતના 'મૈત્રી' બંગલોની બહાર શુક્રવારે સવારે નવ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. બે શખસ મોટરસાઇકલ પર આવ્યા હતા અને રાઉતના બંગલોની બહાર તેમણે મોટરસાઇકલ થોભાવી હતી. થોડો સમય ત્યાં રોકાયા બાદ બંને શખસ ત્યાંથી જતા રહ્યા હતા.

બંગલોની આસપાસમાં રહેતા અમુક લોકોની નજર બંને શકમંદ પર પડી હતી અને તેમણે આની જાણ રાઉતના નાના ભાઇ અને સ્થાનિક વિધાનસભ્ય સુનીલ રાઉતને કરી હતી. બાદમાં પોલીસને તેની માહિતી આપવામાં આવી હતી. દરમિયાન કાંજુરમાર્ગ

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"








"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**